RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

Date:- 23-08-2026 I VOL : 12 I Issue : 158 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

હકારાત્મકતા જીવનને સુંદર બનાવે છે. પોતાની જાત પર વિશ્વાસ રાખો.


3  અમિત શાહ 27 ઓગસ્ટે ગુજરાતના પ્રવાસે :બોપલ-ઘુમામાં જળબંબાકાર...


4  એરપોર્ટ પર લાંબી કતારોમાંથી મુક્તિ: બોર્ડિંગ પાસ પર સિક્કા...

6  'સ્પિરિટ'માંથી દીપિકાની હકાલપટ્ટી અંગે મોટો ખુલાસો: નફો માંગતા...

7  મારું કામ લાઇક્સ-વ્યૂઝ જોવાનું નથી, ટ્રોફી જીતવાનું છે: ગંભીર


## એક નજર...

### નોરા ફતેહીનો ગોર્જિયસ અવતાર, સોશિયલ મીડિયામાં વાયરલ



નોરાને રિયાલિટી શો 'બિગ બોસ 9'માં સ્પર્ધક તરીકે જોડાયા બાદ તેની વાસ્તવિક ઓળખ મળી હતી. આ પછી, નોરા પર ફિલ્માવવામાં આવેલા ઘણા ડાન્સ નંબર જેમ કે 'દિલબર દિલબર..., 'હાય ગરમી..' વગેરે હિટ સાબિત થયા અને તે સ્ટાર બની ગઈ. નોરા ફતેહી ન માત્ર તેના ડાન્સથી લોકોને દિવાના બનાવે છે.

### નરેન્દ્ર મોદી અને RSS વચ્ચે વધતું અંતર...!

# સંઘે 14 વર્ષે જ્ઞાન લાધ્યું, કહ્યું-'જેન-ઝીના દેખાવો સરકારની નિષ્ફળતાનું પરિણામ'

**વિશાખાપટ્ટનમ**

નીટ પેપર લીકના વિરોધમાં જંતર-મંતર પર વિદ્યાર્થીઓ અને યુવાનોના દેખાવોના કારણે મોદી સરકારે પહેલી વખત પીછેહઠ કરતાં સંસદના ચોમાસુ સત્રમાં જ ધર્મેન્દ્ર પ્રધાનનું શિક્ષણ મંત્રીપદેથી રાજીનામું લેવું પડયું હતું. જોકે, આ દેખાવો માત્ર ભ્રષ્ટાચારના કેસો વિરુદ્ધ નહોતા, પરંતુ આ દેખાવો સિસ્ટમની ઘોર નિષ્ફળતાનું પરીણામ હતા તેમ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે શુક્રવારે




કહ્યું હતું. સિસ્ટમની વ્યાપક નિષ્ફળતાના કારણે જંતર-મંતર પર દેખાવો થયા આરએસએસના સહસરસંઘચાલક સીઆર મુકુંદે શુક્રવારે જણાવ્યું હતું કે, સિસ્ટમની વ્યાપક નિષ્ફળતાના કારણે જંતર-મંતર પર દેખાવો થયા હતા. સરકારે આ નિષ્ફળતાઓ દૂર કરવા માટે નક્કર પગલાં લેવા જોઈએ. વિશાખાપટ્ટનમમાં આરએસએસની ત્રણ દિવસની સમન્વય સમિતિની બેઠક પૂરી થઈ હતી. આ બેઠકમાં સંઘની 40 સંસ્થાઓના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. આ બેઠક પછી સંઘને સરકારને સિસ્ટમની નિષ્ફળતા દૂર કરવા નક્કર પગલાં લેવની સલાહ આપી હતી. સંઘના નેતા મુકુંદે જંતર-મંતર પરના દેખાવો અંગે કહ્યું કે, પરિવર્તન માત્ર વિધ્વંશ, વિરોધ કે વિનાશના માર્ગે નથી આવતો, સકારાત્મકરૂપે પણ પરિવર્તન લાવી શકાય છે. સરકારે પણ યુવાનોની ચિંતાઓ તરફ ધ્યાન આપવું જોઈએ. રાષ્ટ્રીય સંસ્થાઓ અને રાજ્ય સરકારાની સંસ્થાઓની સિસ્ટમમાં ખામીઓના કારણે યુવાનોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે.

## ખાંડ આયાત થઈ રહી છે, આ કેવું આત્મનિર્ભર ભારત

### ખડગેનાં વધતી કિંમત પર મોદી સરકારને 3 સવાલ; કહ્યું-સરકારની નીતિઓની કડવાશ ખાંડની મીઠાશમાં ભળી ગઈ

**નવી દિલ્હી**

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ શનિવારે ખાંડના વધતા ભાવ અને સ્ટોકની અછતને લઈને કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું. તેમણે X પર પોસ્ટ કરીને કહ્યું કે તહેવારો પહેલાં મોદી સરકારની નીતિઓની કડવાશ ખાંડની મીઠાશમાં ભળી ગઈ છે. ખડગેએ સરકારને સવાલ કર્યો કે દુનિયાના મોટા ખાંડ ઉત્પાદક અને નિકાસકાર ભારતમાં ખાંડનો સ્ટોક 9 વર્ષના નીચલા સ્તરે કેમ પહોંચી ગયો. તેમણે 10 લાખ ટન ખાંડ ડ્યુટી-ફ્રી આયાત કરવાની નોબત પર પણ સવાલ ઉઠાવ્યો. ખડગેએ સરકારને 3 સવાલ કરતા પૂછ્યું કે આ કેવું આત્મનિર્ભર ભારત છે, જ્યાં વિદેશથી ખાંડ આયાત કરવામાં આવી રહી છે અને બીજી તરફ શેરડીને પેટ્રોલ ભેળવવા માટે ઈથેનોલમાં નાખવામાં આવી રહી છે. દેશના ઘણા શહેરોમાં ખાંડની કિંમત 70 રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગઈ છે.

## BJPનો મતલબ- ભાગી જાઓ પાકિસ્તાન: અખિલેશ યાદવનો CM યોગી પર પલટવાર

**નવી દિલ્હી**

સપા પ્રમુખ અખિલેશ યાદવે શનિવારે પાર્ટી ન તૂટવાનું કારણ જણાવ્યું. તેમણે કહ્યું- દેશભરમાં ઘણા પક્ષો તૂટી ગયા, પણ ક્યારેય વિચાર્યું છે કે સપા કેમ ન તૂટી? કારણ કે, એક જ પરિવારના 5 સાંસદો છે. ઘણા મુસ્લિમ સાંસદો છે. કેટલાક પાકા સમાજવાદી સાંસદો છે. ક્યારેક-ક્યારેક પરિવારવાદનો પણ ફાયદો થાય છે. સપા કાર્યાલય પર પ્રેસ કોન્ફરન્સમાં અખિલેશે સીએમ યોગીના નિવેદન પર પલટવાર કર્યો. કહ્યું- તેઓ કહી રહ્યા છે કે PDA માં P ફોર પાકિસ્તાન છે. તો હું કહીશ કે BJP નો મતલબ- ભાગી જાઓ પાકિસ્તાન છે. જેટલી પીડા વધશે, તેટલો PDA આગળ વધશે.

# Gen-Zને આકર્ષવા ભાજપના ધમપછાડા

### સ્મૃતિ ઈરાની-હર્ષ સંઘવી સહિત 5 નેતાઓને સોંપાઈ જવાબદારી

**નવી દિલ્હી**

ભારતીય જનતા પાર્ટી (BJP) એ દેશના યુવાનો અને જનરેશન ઝેડ (Gen-Z) સાથે પોતાનો સંપર્ક વધુ મજબૂત કરવા માટે એક ખાસ આઉટરીચ પ્રોગ્રામ શરૂ કરવાની તૈયારી કરી છે. આ માટે પાર્ટીએ એક ઉચ્ચ સ્તરીય કેન્દ્રીય ટીમની રચના કરી છે. પાર્ટીના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ખાસ આઉટરીચ અભિયાનનું નેતૃત્વ કરવા માટે ગઠિત ટીમમાં સંગઠનાત્મક અનુભવ અને યુવા નેતૃત્વનો સમન્વય કરવામાં આવ્યો છે. નવી ટીમમાં યુવાઓનું નેતૃત્વ આ ટીમમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન ઉપરાંત, રાષ્ટ્રીય મહાસચિવ સ્મૃતિ ઈરાની અને વિનોદ તાવડે પણ સામેલ છે. સાથે જ ગુજરાત સરકારના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને છત્તીસગઢ સરકારના મંત્રી ઓ.પી. ચૌધરીનો પણ આ ટીમમાં સમાવેશ કરાયો છે. આ ટીમનો મુખ્ય ઉદ્દેશ્ય દેશના યુવાનોની આકાંક્ષાઓ, ચિંતાઓ અને અપેક્ષાઓને સમજવાનો તથા તેમને સીધા ભાજપના ટોચના નેતૃત્વ સાથે સંવાદ સાધવા માટેનું મંચ પૂરું પાડવાનો છે. આ કાર્યક્રમનો હેતુ યુવા મતદારો અને પહેલીવાર મત આપનારા નાગરિકો સાથે સંવાદ, ચર્ચા



અને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સીધો સંપર્ક સાધવાનો છે. જેના દ્વારા ભાજપ રોજગાર, ટેકનોલોજી, સ્ટાર્ટ-અપ અને શિક્ષણ જેવા મુદ્દાઓ પર યુવાનોના વિચારોને પોતાના એજન્ડામાં સામેલ કરવા માંગે છે. તાજેતરમાં ઘોષિત નવી રાષ્ટ્રીય ટીમમાં વિનોદ તાવડે અને સુનીલ બંસલને રાષ્ટ્રીય મહાસચિવ પદે યથાવત રાખવામાં આવ્યા છે.

## NEWS TRACK

### અમેરિકામાં 19 વર્ષની દીકરીની નજર સામે મહેસાણાના સુરેશ પટેલની હત્યા: નવો સ્ટોર ખોલ્યાના 7મા દિવસે માતમ

ફોરેન ગુજરાતી પર હુમલા અને હત્યાના બનાવની ઘટના સામે આવતી હોય છે, ત્યારે અમેરિકામાં 19 વર્ષની દીકરીની નજર સામે મહેસાણાના સુરેશ પટેલની હત્યા કરવામાં આવી છે. મૂળ મહેસાણાના સુરેશ પટેલે અમેરિકાના ટેનેસી સ્ટેટના જેક્સન શહેરમાં સ્ટોર ખોલ્યો હતો. જેમાં નવો સ્ટોર ખોલ્યાના 7મા દિવસે લૂંટના ઈરાદે તેમની હત્યા કરાઈ હોવાનું જાણવા મળ્યું છે. અમેરિકામાં 19 વર્ષની દીકરીની નજર સામે મહેસાણાના સુરેશ પટેલની હત્યા. મળતી માહિતી મુજબ, અમેરિકાના જેક્સન શહેર ખાતે સુરેશ પટેલે ખોલેલાં સ્ટોરમાં ગત 20 ઓગસ્ટના રોજ લૂંટના ઈરાદે એક શખસ ઘૂસ્યો હતો. આ દરમિયાન લૂંટ કરવા આવેલા શખસે ગોળીબાર કરતાં સુરેશનું મોત નીપજ્યું હતું. મૃતક સુરેશનું વતન મહેસાણાનું આખજ હોવાનું જણાય છે. પ્રાપ્ત વિગત અનુસાર, સુરેશ પટેલનો મોટાભાગનો પરિવાર અમેરિકામાં રહે છે અને છેલ્લા 30 વર્ષથી ત્યાં સ્થાયી થયા હતા. અમેરિકાના ટેનેસી સ્ટેટના જેક્સન શહેરમાં મૂળ મહેસાણાના સુરેશ પટેલની 19 વર્ષની દીકરી સામે હત્યા થઈ છે.

### અમેરિકાની તેહરાન પર નવા પ્રતિબંધો લાદવાની તૈયારી, ટ્રમ્પે કહ્યું - તેમની મરજી પ્રમાણે ડીલ નહીં થાય

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધનો અંત લાવવાના પ્રયત્નો વચ્ચે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે, તેહરાન સમાધાન કરવા માગે છે, પરંતુ તેઓ તેમના મુજબ ડીલ કરવા માટે હમણાં તૈયાર નથી. ટ્રમ્પના આ નિવેદનથી બંને દેશો વચ્ચે રાજદ્વારી વાતચીત પૂરી થવાની આશા પર પાણી ફરી વળ્યું છે. તેહરાન પર નવા પ્રતિબંધો લાદવાની અમેરિકાની તૈયારી. વોશિંગ્ટન તેહરાન પર આર્થિક દબાણ વધારવાની તૈયારી કરી રહ્યું છે અને નવા પ્રતિબંધો લાદવાનું વિચારી રહ્યું છે, તે સમયે ટ્રમ્પનું આ નિવેદન સામે આવ્યું છે. તો બીજી તરફ, ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેજેશકિયને યુદ્ધ પૂર્ણ કરવાની વાત કરી છે. તેમનું કહેવું છે કે, ઈરાન હાલ પણ પોતાની તાકાત અને શરતો પ્રમાણે યુદ્ધ પૂરું કરવા માટે તૈયાર છે. પેજેશકિયને દાવો કર્યો છે કે, દુનિયાએ ઈરાનની જીત સ્વીકારી છે અને અમેરિકા પર ઈરાનની સ્કૂલો, હોસ્પિટલો અને ઈમારતો તોડવાનો આરોપ લગાવ્યો છે. તેનો સીધો મતલબ એ થાય છે કે, બંને પક્ષ યુદ્ધ પૂર્ણ કરવા માટેની વાતચીત તો કરી રહ્યા છે.

# કરજણમાં ટેન્ડર રાજ: વગદાર નેતા અને 'ગુંડા તત્વો'ના ખેલમાં VGL નો ગેસ પ્રોજેક્ટ વિવાદના વંટોળે!

## L-1 ને ધમકાવી 9% ના ઊંચા કમિશને વહીવટ પાડ્યાનો વિસ્ફોટ

કરજણ તાલુકામાં વડોદરા ગેસ લિમિટેડ (VGL) ના કરોડોના ગેસ લાઈન પ્રોજેક્ટમાં ગંભીર ભ્રષ્ટાચાર અને માફિયાગીરીનો સનસનાટીભર્યો મામલો સામે આવ્યો છે. સરકારી નાણાં અને પ્રજાના ટેક્સની કમાણી પર ત્રાટકેલી ટેન્ડર સિન્ડિકેટે કાયદાના ધજાગરા ઉડાડીને ખુલ્લેઆમ દાદાગીરી ચલાવી હોવાના ગંભીર આક્ષેપોથી કરજણથી લઈને વડોદરા સુધીનું રાજકારણ ગરમાયું છે.

### બંદૂકની અણીએ ટેન્ડર મુક્ત?: L-1 કોન્ટ્રાક્ટરને રસ્તામાંથી હટાવાયો

સમગ્ર કૌભાંડની શરૂઆત વડોદરા ગેસ લિમિટેડ દ્વારા બહાર પાડવામાં આવેલા ૮ કરોડ રૂપિયાના ગેસ લાઈન ટેન્ડરથી થઈ હતી. નિયમ મુજબ પારદર્શક પ્રક્રિયા બાદ સૌથી ઓછું રેટ (L-1) ભરનાર એજન્સીને ૪.૫% ના આધારે આ કામ મંજૂર કરવામાં આવ્યું હતું. પરંતુ કરજણના માથાભારે તત્વોને આ મંજૂરી પચી નહીં!

### કરજણના સિન્ડિકેટ માફિયાઓએ L-1 કોન્ટ્રાક્ટરના માલિકને સીધી અને સ્પષ્ટ ધમકી આપી:

'તને ટેન્ડર મળ્યું છે તો કાગળ પર રાખ, કરજણમાં પગ મૂક્યો કે કામ શરૂ કર્યું તો જાનથી હાથ ધોવા પડશે!'

જાનના જોખમે L-1 કોન્ટ્રાક્ટરે કામ કરવાનો ઈનકાર કરી દીધો. સરકારી નીતિ-નિયમો મુજબ




ધમકી આપનારાઓ પર કાર્યવાહી કરવાને બદલે VGL એ ચૂપચાપ ફરીથી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી.

પક્ષપલ્ટો કરનારા વગદાર નેતાનો ખેલ: ૯% વધુ ચાર્જથી મળતિયાને રેવડી!

બીજી વખત હાથ ધરાયેલી ટેન્ડર પ્રક્રિયામાં કરજણના રાજકારણમાં અન્ય પક્ષમાંથી ભાજપમાં જોડાયેલા એક વગદાર નેતાની એન્ટ્રી થઈ. ગોઠવણ એવી રીતે કરવામાં આવી કે તમામ નિયમોને બાજુ પર મૂકીને ૪.૫% ની જગ્યાએ ૯% ના ઊંચા કમિશન રેટથી આ ટેન્ડર L-2 (બીજા નંબરના) કોન્ટ્રાક્ટરને પધરાવી દેવાયું!

### આ કૌભાંડના સીધા પરિણામો:

પાલિકાના માથે બેવડો આર્થિક બોજ: અગાઉના ગણિત મુજબ કરજણ નગરપાલિકાએ આ કામ પેટે ૩૬ લાખ રૂપિયા આપવાના હતા, પણ આ ભ્રષ્ટ ગોઠવણના કારણે હવે પાલિકા પર ૭૨ લાખ રૂપિયાનો બોમ્બ ફોડવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી ફંડનો દુરુપયોગ: પ્રોજેક્ટ માટે રૂ. ૮ કરોડની ગ્રાન્ટ મુખ્યમંત્રી ફંડમાંથી મળેલ છે, જેનો ઉપયોગ લોકહિતના બદલે નેતાઓ અને માફિયાઓના ખિસ્સા ભરવા થઈ રહ્યો છે.

કોર્પોરેટરની સીધી સંડોવણી: પાલિકાના જ એક વગદાર કોર્પોરેટરે પોતાના જ મળતિયાના નામે આ કોન્ટ્રાક્ટ મેળવીને પાલિકાની તિજોરીને કરોડોનું ચૂનો ચોપડ્યો હોવાના ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે.

### પાક્કો ગુજરાત ન્યૂઝના આકરા સવાલો: તંત્ર અને પ્રદેશ ભાજપ કેમ મૌન?

૧. L-1 કોન્ટ્રાક્ટરને જાનથી મારી નાખવાની ધમકી આપનારા તત્વો સામે હજુ સુધી FIR કેમ નોંધાઈ નથી?

૨. અન્ય પક્ષમાંથી ભાજપમાં આવ્યા બાદ રાતોરાત કરોડોની સંપત્તિના આસામી બની ગયેલા આ વગદાર નેતા સામે પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલ ક્યારે કડક કાર્યવાહી કરશે?

૩. ૪.૫% ના બદલે ૯% ના ઊંચા ભાવે ટેન્ડર મંજૂર કરીને સરકારી તિજોરીને નુકસાન પહોંચાડનારા VGL ના કયા અધિકારીઓ છે?

### PMO સુધી પહોંચશે ફરિયાદ: ED અને ACB તપાસની માંગણી

કરજણના જાગૃત નાગરિકોમાં આ લૂંટ સામે ભારે વિરોધનો વંટોળ ઊભો થયો છે. જનતા અને પાક્કો ગુજરાત ન્યૂઝની સ્પષ્ટ માંગ છે કે:

આ ટેન્ડર પ્રક્રિયાની તાત્કાલિક અસરથી હાઈલેવલ વિજિલન્સ તપાસ કરવામાં આવે.

અપ્રમાણસર મિલકત ધરાવતા આ નેતા અને તેના મળતિયાઓ સામે ED (Enforcement Directorate) અને ACB (Anti-Corruption Bureau) દ્વારા દરોડા પાડવામાં આવે.

વડોદરા ગેસ લિમિટેડના ભ્રષ્ટ અધિકારીઓ અને નેતાઓની મિલીભગત અંગેના પુરાવા સાથેની વિસ્તૃત રજૂઆત સીધી પીએમઓ (PMO) સુધી મોકલવામાં આવશે.

'પાક્કો ગુજરાત ન્યૂઝ' નો ખુલ્લો પડકાર છે - પક્ષ બદલીને કરોડોના આસામી બની બેઠેલા નેતા અને VGL ના ભ્રષ્ટ અધિકારીઓના કાળા કરતૂતોના પુરાવા આગામી અંકમાં એક પછી એક છતા કરવામાં આવશે!

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

# દિવ્યાંગ કર્મચારીઓને બઢતીમાં અનામતની દિશામાં સરકારનું મોટું પગલું: મુખ્ય સચિવની અધ્યક્ષતામાં 5 સભ્યોની સમિતિ રચાઇ

### સમિતિ રાજ્ય સરકારની સેવાઓ અને જગ્યાઓમાં દિવ્યાંગ વ્યક્તિઓને બઢતીમાં અનામત આપવા અંગેની પ્રવર્તમાન કાયદાકીય જોગવાઈઓનો અભ્યાસ કરશે, આ સાથે ભારત સરકારની સૂચનાઓ તેમજ સુપ્રીમ કોર્ટ અને હાઇકોર્ટના સંબંધિત ચુકાદાઓનો પણ સઘન અભ્યાસ કરવામાં આવશે

ગાંધીનગર

ગુજરાત સરકારે દિવ્યાંગ અધિકારીઓ અને કર્મચારીઓને બઢતીમાં અનામતનો લાભ આપવા અંગે યોગ્ય નીતિ ઘડવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે આ મુદ્દે સર્વગ્રાહી અભ્યાસ કરવા 5 સભ્યોની ઉચ્ચ કક્ષાની સમિતિની રચના કરી છે.



સમિતિના અભ્યાસ અને ભલામણ બાદ દિવ્યાંગ કર્મચારીઓ માટે બઢતીમાં અનામતની નીતિ અંગે નિર્ણય લેવામાં આવશે.

રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા રચાયેલી સમિતિના અધ્યક્ષ તરીકે મુખ્ય સચિવને જવાબદારી સોંપવામાં આવી છે. સમિતિમાં સામાન્ય વહીવટ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ તથા કાયદા વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપરાંત દિવ્યાંગ વ્યક્તિઓ માટેની કચેરીના કમિશનરનો સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે.

સમિતિ રાજ્ય સરકારની સેવાઓ અને જગ્યાઓમાં દિવ્યાંગ વ્યક્તિઓને બઢતીમાં અનામત આપવા અંગેની પ્રવર્તમાન કાયદાકીય જોગવાઈઓનો અભ્યાસ કરશે. આ સાથે ભારત સરકારની સૂચનાઓ તેમજ સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના સંબંધિત ચુકાદાઓનો પણ સઘન અભ્યાસ કરવામાં આવશે.

આ ઉપરાંત અન્ય રાજ્ય સરકારો દિવ્યાંગ કર્મચારીઓને બઢતીમાં અનામત કેવી રીતે આપે છે, તેમની નીતિ શું છે અને તેનો અમલ કઈ રીતે થાય છે, તેનો પણ તુલનાત્મક અભ્યાસ કરવામાં આવશે.

સમિતિ ખાસ કરીને દિવ્યાંગ અધિકારીઓ અને કર્મચારીઓને બઢતીમાં અનામત આપવા માટે કઈ નીતિ યોગ્ય રહેશે અને તેના અમલ માટે કયા પગલાં

જરૂરી છે, તે અંગે વિગતવાર ભલામણ કરશે. બઢતીમાં અનામતની ટકાવારી, કાયદાકીય જોગવાઈઓ અને અમલીકરણની પ્રક્રિયા જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પણ અભ્યાસના કેન્દ્રમાં રહેશે.

સમિતિને જરૂર જણાય ત્યારે રાજ્ય સરકારના કોઈપણ વિભાગ અથવા કચેરી પાસેથી જરૂરી માહિતી, દસ્તાવેજો અને અભિપ્રાય મેળવવાની સત્તા આપવામાં આવી છે. સરકાર દ્વારા નક્કી કરવામાં આવતી સમયમર્યાદા મુજબ સમિતિ પોતાની કામગીરી પૂર્ણ કરીને ભલામણો રજૂ કરશે.

સરકારના આ નિર્ણયથી રાજ્યના દિવ્યાંગ કર્મચારીઓમાં બઢતીની તકો અને કારકિર્દીમાં સમાન અવસર અંગે નવી આશા ઊભી થઈ છે. હવે સમિતિના અભ્યાસ અને ભલામણો બાદ બઢતીમાં અનામતની નીતિ અંગે રાજ્ય સરકાર કયો નિર્ણય લે છે તેના પર દિવ્યાંગ કર્મચારીઓની નજર રહેશે.

## ગૃહમંત્રીના રાજીનામાની માંગ સાથે આમ આદમી પાર્ટીએ સમગ્ર ગુજરાતમાં કર્યું વિરોધ પ્રદર્શન

અમદાવાદ

ભાવનગર લઠ્ઠાકાંડમાં જેમણે પોતાના જીવ ગુમાવ્યા અને જે પરિવારો અનાથ બન્યા, તેમના ન્યાય અને ગૃહમંત્રીના રાજીનામાની માંગ સાથે આજે આમ આદમી પાર્ટીએ સમગ્ર ગુજરાતમાં ઠેર ઠેર કલેક્ટર કચેરી સામે વિરોધ પ્રદર્શન કર્યું. અમદાવાદ ખાતે પણ આમ આદમી પાર્ટી દ્વારા વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી અને પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડૉ.કરન બારોટ, પ્રદેશ મહિલા મોરચા અગ્રણી નેહા કેવલરામાણી, રાજુ દીક્ષિત, દીપક દેસાઈ, મુકેશ ચૌહાણ, જતીન પટેલ, વિદ્યાર્થી નેતા યાત્રિક પટેલ, ઝુબેર શેખ, ડિમ્પલબેન, મહેશ દેસાઈ, પિયુષ અગ્રાવત, રીના પંચાલ સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતા. આ કાર્યક્રમ દરમિયાન પ્રદેશ સંગઠન મંત્રી ડૉ.કરન બારોટે જણાવ્યું હતું કે, આજે આમ આદમી પાર્ટી દ્વારા કલેક્ટર કચેરી ખાતે વિરોધ નોંધાવવામાં આવ્યો અને સાથે સાથે આમ આદમી પાર્ટી સમગ્ર ગુજરાતના તમામ જિલ્લાઓમાં લઠ્ઠાકાંડના વિરોધમાં વિરોધ પ્રદર્શન કરી રહી છે. વિરોધ કરવાનું કારણ એ છે કે ગુજરાતમાં વારંવાર લઠ્ઠાકાંડ થાય છે, 2022 માં પણ લઠ્ઠાકાંડ થયો હતો, જેમાં અનેક લોકોના મૃત્યુ થયા હતા અને સરકારે કમિટી રચવાની વાત કરી હતી, કડક પગલાં લેવાની વાત કરી હતી, ત્યારબાદ બુટલેગરોને પકડ્યા, રેડ પડી, આવું બધું થયું પરંતુ હવે આરોપીઓ ખુલ્લામાં ફરી રહ્યા છે.

## જૂનાગઢમાં શિક્ષણ વિભાગનો મોટો પ્રહાર: બોગસ CCC સર્ટિફિકેટના આધારે નોકરી મેળવનારા 14 શિક્ષકો સામે લાલ આંખ

જૂનાગઢ

રાજ્યના શિક્ષણ ક્ષેત્રને કલંકિત કરતી અને મહેનતુ ઉમેદવારો સાથે અન્યાય કરતી વધુ એક ગંભીર ગેરરીતિ સામે શિક્ષણ વિભાગે આકરા પાણીએ કાર્યવાહી શરૂ કરી છે. જૂનાગઢ જિલ્લામાં બોગસ અને ગેરકાયદેસર સીએમસી (CCC) સર્ટિફિકેટ રજૂ કરીને સરકારી પ્રાથમિક શાળાઓમાં નોકરી મેળવી લેનારા ૧૪ જેટલા શિક્ષકોનો પર્દાફાશ થયો છે. આ મામલે શિક્ષણ વિભાગે ત્વરિત અને કડક વલણ અપનાવી તમામ ૧૪ શિક્ષકોનો માસિક પગાર તાત્કાલિક અસરથી અટકાવી દીધો છે. શિક્ષણ વિભાગ દ્વારા માત્ર પગાર અટકાવીને અટકી જવાયું નથી, પરંતુ આ શિક્ષકોને અત્યાર સુધી સરકારી તિજોરીમાંથી ચુકવવામાં આવેલા અબજો-કરોડોના પગાર અને ભથ્થાંની વસૂલાત (રિકવરી) કરવાનો સત્તાવાર આદેશ જારી કરી દેવાતાં શિક્ષણ જગતમાં ભારે ખળભળાટ મચી ગયો છે. નિયમ મુજબ સરકારી શિક્ષકો માટે કમ્પ્યુટર જ્ઞાનની ચકાસણી માટેનું CCC સર્ટિફિકેટ ફરજિયાત હોય છે. પરંતુ આ ૧૪ શિક્ષકોએ નોકરી મેળવતી વખતે કે સર્વિસ દરમિયાન રજૂ કરેલા સર્ટિફિકેટ બોગસ અને શંકાસ્પદ હોવાનું આધારભૂત તપાસમાં ખુલ્લું પડ્યું હતું. ખોટી સંસ્થાઓ કે ગેરકાયદેસર માધ્યમોથી મેળવેલા સર્ટિફિકેટના આધારે વર્ષોથી પગાર મેળવતા આ શિક્ષકોની પોલ ખૂલતાં જ સમગ્ર કૌભાંડ સપાટી પર આવ્યું છે. જિલ્લા શિક્ષણ અધિકારી અને સંબંધિત સત્તાધીશો દ્વારા આ તમામ ૧૪ શિક્ષકો સામે નાણાકીય રિકવરી નોટિસ ફટકારવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

## ગુજરાતમાં કાગળ પરની દારૂબંધીના નામે ખુલ્લો ખેલ: દાહોદના ગુરુગોવિંદ લીમડી તાલુકામાં આપનું હલ્લાબોલ

દાહોદ

રાજ્યમાં દારૂબંધીના કડક અને અક્ષરસઃ અમલની તીવ્ર માંગ સાથે આજે આમ આદમી પાર્ટી દ્વારા દાહોદના ગુરુગોવિંદ લીમડી તાલુકામાં જોરદાર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. હાથમાં બેનરો અને સૂત્રોચ્ચાર સાથે શેરીઓમાં ઉતરેલા આપ કાર્યકરોએ ભાજપ સરકાર અને પોલીસ તંત્રની મિલીભગત સામે ભારે રોષ વ્યક્ત કર્યો હતો. પ્રદર્શન દરમિયાન વાતાવરણ ઉગ્ર બનતાં પોલીસે કડક વલણ અપનાવી આપના અનેક નેતાઓ અને કાર્યકરોને બળજબરીપૂર્વક ડિટેઈન કર્યા હતા. જોકે, પોલિસની ગાડીઓમાં પૂરવામાં આવ્યા છતાં આપ કાર્યકર્તાઓનો આક્રોશ ઓછો થયો નહોતો અને તેમણે વાહનોમાંથી પણ સરકાર વિરોધી સૂત્રોચ્ચાર ચાલુ રાખી દારૂબંધીનો કડક અમલ કરાવવાની માંગ દોહરાવી હતી. વિરોધ પ્રદર્શન દરમિયાન આમ આદમી પાર્ટી દ્વારા રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીના તાત્કાલિક રાજીનામાની માંગ કરવામાં આવી હતી. પાર્ટીના સ્થાનિક આગેવાનોએ આરોપ લગાવ્યો હતો કે ગાંધીના ગુજરાતમાં માત્ર કાગળ પર જ દારૂબંધી રહી ગઈ છે, જ્યારે ખૂણે-ખૂણે ગેરકાયદેસર દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે.

## હરિયાણાથી સુરત જતું કન્ટેનર દિવાલમાં ધડાકાભેર ઘૂસ્યું : લોકોમાં ભારે અફરાતફરી

નડિયાદ

નડિયાદ નજીક આવેલા પીપલગ ડુમરાલ સર્વિસ રોડ પર 'ઓવરસીઝ ગાર્ડન' પાસે મોડી રાત્રે એક ગંભીર અને ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો. હરિયાણા રાજ્યમાંથી નવી નકોર મારુતિ બ્રેઝા કારોનો મોટો જથ્થો ભરીને સુરત તરફ જઈ રહેલું એક વિશાળ કન્ટેનર અચાનક ચાલકે કાબૂ ગુમાવતા રસ્તા કિનારે આવેલી પાકી દિવાલ સાથે ધડાકાભેર અથડાયું હતું. કન્ટેનર હરિયાણાના મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટમાંથી નવી કારો ડિલિવરી કરવા માટે સુરત શો-રૂમ તરફ જઈ રહ્યું હતું. દરમિયાન પીપલગ ડુમરાલ સર્વિસ રોડ પર ઓવરસીઝ ગાર્ડન પાસે પહોંચતાં જ કોઈ અગમ્ય કારણોસર કે ચાલકને ઓચિંતું અંકુશ ન રહેતાં કન્ટેનર રોડ પરથી ઊતરીને સીધું દિવાલમાં ઘૂસી ગયું હતું. અકસ્માત એટલો જોરદાર હતો કે મોટો ધડાકો થતાં જ આસપાસના સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં ભારે ભય અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. અકસ્માતના કારણે કન્ટેનરના કેબિન (આગળના ભાગ)નો કૂચડો વળી ગયો હતો.

### 'શિક્ષકો હંમેશા તેજસ્વી હોવા જોઇએ'

## વડોદરામાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે યોજાયો અનેરો કાર્યક્રમ

વડોદરા, મનીષ જોષી

વડોદરાના અટલાદરા વિસ્તારમાં આવેલા સ્વામિનારાયણ મંદિરના બીએપીએસ સંચાલિત પ્રમુખ એકેડેમીએ પ્રથમવાર શિક્ષણવિદોને આમંત્રિત કરીને નવી રાષ્ટ્રીય નીતિ થકી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે શું કરી શકાય તે પરીપ્રેક્ષ્યમાં કાર્યક્રમ આયોજિત કર્યો હતો.



કેન્દ્ર સરકારની નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અંતર્ગત વિદ્યાર્થીઓના સર્વાંગી શિક્ષણ વિકાસ માટે વડોદરાના અટલાદરા બી એ પી એસ સંસ્થા સંચાલિત અટલાદરા સ્થિત પ્રમુખ એકેડેમી દ્વારા સર્વ પ્રથમવાર શાળાથી વિશ્વ વિદ્યાલયના સંચાલકો, વ્યવસ્થાપક મંડળ, આચાર્યનો મહાસંગમ આયોજિત કર્યો હતો. સર્વાંગી શિક્ષણ માટે એકજૂથ, વિકસિત ભારત માટે કટિબદ્ધતાના મધ્યવર્તી વિચાર સાથેના મહામંથનમાં રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રી ત્રિકમભાઈ છાંગા, મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ તથા તથા આંતરરાષ્ટ્રીય મોટિવેશન વક્તા ડો. જ્ઞાનવત્સલ સ્વામીએ વિશદ પ્રકાશ પાડ્યો હતો. જેમાં શિક્ષકો તેજસ્વી હોવા જોઈએ એવો મુખ્ય સુર સધાયો હતો. લવ અને કુશ બે વિદ્યાર્થીઓની પ્રશ્નોત્તરીથી મહામંથન જીવંત રહ્યું હતું. યુપીએસસી ઉત્તીર્ણ કરનાર વિદ્યાર્થી સાવંતે સફળતાની સફર વર્ણવી હતી. પ્રમુખ એકેડેમીના સંચાલક સંત પૂજ્ય જ્ઞાન વિજય સ્વામીએ એકેડેમીએ ગત ચાર વર્ષોમાં મેળવેલી સિદ્ધિ જણાવી હતી. કાર્યક્રમમાં શહેર જિલ્લાના 500થી વધુ શિક્ષણવિદો, વિવિધ યુનિવર્સિટીઓના ચાન્સેલર, ડીન, સંચાલકો, ડેપ્યુટી મેયર આદિત્ય પટેલ, જિલ્લા શિક્ષણાધિકારી મહેશ પાંડે, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષા શ્રીમતી અંજના ઠક્કર સહિતના આગેવાનો જોડાયા હતા.

## ઉમરેઠ સંતરામ મંદિરના ગાદીપતિ પૂજ્ય મહંતશ્રી ગણેશદાસજી મહારાજ બ્રહ્મલીન: સમગ્ર માઇભક્તોમાં શોકની કાળી ડિબંગ છવાઇ!

ઉમરેઠ/આણંદ

આણંદ જિલ્લાના પ્રસિદ્ધ અને લાખો શ્રદ્ધાળુઓની આસ્થાના કેન્દ્ર સમાન ઉમરેઠ સંતરામ મંદિરના ગાદીપતિ પૂજ્ય મહંતશ્રી ગણેશદાસજી મહારાજ બ્રહ્મલીન થયા છે. મહારાજશ્રીના દેહત્યાગના દુઃખદ સમાચાર વહેતા થતાં જ ઉમરેઠ શહેર સહિત સમગ્ર આણંદ જિલ્લા અને દેશ-વિદેશમાં વસતા સંતરામ મંદિરના માઈભક્તો અને સેવકોમાં ઘેરા શોકની કાળી ડિબંગ છવાઈ ગઈ છે. પૂજ્ય ગણેશદાસજી મહારાજે ઉમરેઠ સંતરામ મંદિરના ગાદીપતિ તરીકે વર્ષો સુધી ભક્તિ, માનવસેવા અને આધ્યાત્મિકતાની જ્યોત પ્રજ્વલિત રાખી હતી. મહારાજશ્રીના સાનિધ્યમાં મંદિરમાં અન્નક્ષેત્ર, શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને અનેક સામાજિક-ધાર્મિક કાર્યો નિરંતર ચાલતા રહ્યા હતા. પોતાના શાંત, સરળ અને વત્સલ સ્વભાવથી તેમણે લાખો ભક્તોના હૃદયમાં વિશેષ સ્થાન બનાવ્યું હતું. તેમની વિદાયથી સંતરામ મહારાજની આખી પરંપરા અને આણંદ જિલ્લાના ધાર્મિક ક્ષેત્રે ક્યારેય ન પૂરાય તેવી મોટી ખોટ પડી છે.



### ભ્રષ્ટાચારના ખાડામાં હોમાતું જનજીવન

## સાંસરોદ-નારેશ્વર માર્ગ બન્યો 'ડેથ ટ્રેપ' : તંત્રના પાપે પ્રજા હેરાન-પરેશાન!

### 'કામચલાઉ નાટક બંધ કરો, કાયમી રસ્તો આપો' – યાત્રાધામ તરફ જતા મુખ્ય માર્ગ પર 1થી 2 ફૂટના ઊંડા ખાડાઓથી વાહનચાલકોના જીવ તાળવે ચોંટ્યા; તંત્રના પાપે એમ્બ્યુલન્સ અટવાઈ તો જવાબદાર કોણ?

સનાપુરા/કરજણ

સરકાર કરોડો રૂપિયાના વિકાસના દાવા કરે છે, પરંતુ કરજણ તાલુકાના સાંસરોદથી પ્રસિદ્ધ યાત્રાધામ નારેશ્વર તરફ જતો રોડ તંત્રની ઘોર બેદરકારી અને ભ્રષ્ટાચારની જીવતી-જાગતી ચડી ખાતી તસવીર રજૂ કરે છે. છેલ્લા કેટલાક સમયથી આ રોડ એટલી હદે બિસમાર બની ગયો છે કે હવે તેને 'રસ્તો' કહેવો કે 'મોતનો કૂવો' એ નક્કી કરવું મુશ્કેલ બન્યું છે. રસ્તા પરથી ડામરનું નામનિશાન ગાયબ થઈ ગયું છે અને ઠેર-ઠેર ૧થી ૨ ફૂટ ઊંડા ખાડાઓનું સામ્રાજ્ય સ્થપાઈ ચૂક્યું છે. ચોમાસાની ઋતુમાં વરસાદી પાણી ભરાઈ જવાના કારણે આ ખાડાઓ 'સાઈલન્ટ કિલર' સાબિત થઈ રહ્યા છે. પાણી ભરાયેલું હોવાથી વાહનચાલકોને ખાડાની ઊંડાઈનો સહેજ પણ અંદાજ આવતો નથી. ખાસ કરીને ફોર-વીલર ગાડીઓ અને રોજબરોજ નોકરી ધંધાર્થે જતા વાહનચાલકો માટે આ માર્ગ પરથી પસાર થવું એટલે જીવ હથેળીમાં મૂકીને નીકળવા સમાન છે. ખાડા બચાવવા માટે અચાનક બ્રેક મારવી કે ગાડી વાળવી પડે છે, જેના કારણે રોજેરોજ નાના-મોટા અકસ્માતો સર્જાઈ રહ્યા છે.

વિદ્યાથીઓ-નોકરિયાતો: શાળા-કોલેજે જતા વિદ્યાર્થીઓ અને નોકરીયાતો સમયસર પહોંચી શકતા નથી અને અકસ્માતનો ભય સતત સતાવે છે. ખેડૂતોને પોતાની ઉપજ અને માલ-સામાન બજાર સુધી પહોંચાડવામાં વાહનો તૂટી જાય છે અને ભાડાં બે ગણા ચૂકવવા પડે છે. સૌથી શરમજનક બાબત એ છે કે એમ્બ્યુલન્સ જેવા ઈમરજન્સી વાહનો પણ આ રસ્તા પર રઝળી પડે છે. કોઈ ગંભીર દર્દી કે સગર્ભા મહિલાને હોસ્પિટલ પહોંચાડવામાં જે વિલંબ થાય છે, તે કોઈનો જીવ પણ લઈ શકે છે. એડવોકેટ મિનેષ વકીલન, કરજણ તાલુકા કોંગ્રેસ પ્રમુખ પિન્ટુ પટેલ તેમજ સ્થાનિક વકીલો અને અગ્રણીઓએ તંત્ર સામે આકરા પ્રહારો કરતા સવાલો ઉઠાવ્યા છે કે, 'દર વર્ષે પ્રજાના ટેક્સના કરોડો રૂપિયાના ખર્ચે રસ્તાઓ બનાવવાનો કાગળ પર દાવો થાય છે, તો થોડા જ મહિનામાં આ રસ્તાઓ ધોવાઈ કેમ જાય છે?

### "ડિગ્રીઓનો અંબાર, પણ રોજગાર શૂન્ય!"

## નીતિ આયોગના રિપોર્ટથી મોદી સરકારની શિક્ષણ અને કૌશલ્ય નીતિઓનો પર્દાફાશ: ડૉ. મનીષ દોશી

ગાંધીનગર

દેશના યુવાનોના ભવિષ્ય સાથે થઈ રહેલા ખિલવાડ સામે કોંગ્રેસે આજે સીધો મોરચો માંડ્યો છે. નીતિ આયોગના તાજેતરના અહેવાલે કેન્દ્રની મોદી સરકારની શિક્ષણ અને રોજગાર નીતિઓના દાવાઓની હકીકત ઉઘાડી પાડી દીધી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ ભાજપ સરકાર સામે આકરા પ્રહારો કરતાં જણાવ્યું છે કે, 'દેશમાં ડિગ્રીઓ વહેંચવાની હોડ જામી છે, પણ એ ડિગ્રી મેળવ્યા પછી યુવાન નોકરી મેળવવા માટે સક્ષમ બને છે કે નહીં, એ સવાલ પર સરકાર મૌન છે!'

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ખાતેથી સત્તાવાર અખબારી યાદી જાહેર કરતા ડૉ. મનીષ દોશીએ નીતિ આયોગના ચોંકાવનારા આંકડા ટાંકીને સરકારની નીતિઓ પર ગંભીર પ્રશ્નાર્થ ચિહ્નો ઊભા કર્યા છે:

ડિગ્રીઓ વધી પણ ક્ષમતા કેમ નહીં?: ઈજનેરી (Engineering) અને વ્યવસાયિક સ્નાતકો માટે પ્રથમ નોકરી મેળવવી અત્યંત મુશ્કેલ બની ગઈ છે.

આર્ટસ, કોમર્સ અને સાયન્સના યુવાનો બેહાલ: સામાન્ય સ્નાતક અભ્યાસક્રમ પૂર્ણ કરનારા લાખો યુવાનો માટે આજે બજારમાં રોજગારના કોઈ અવકાશ બચ્યા નથી.

પોલીટેકનીક ડિપ્લોમાધારકોની આકાંક્ષાઓ રોળાઈ: ડિપ્લોમા કરનારા માત્ર ૩૦ ટકાથી પણ ઓછા યુવાનોને પ્રથમ નોકરી મળી રહી છે. 'આ માત્ર કાગળ પરના આંકડા નથી, પરંતુ મધ્યમવર્ગીય અને ગરીબ પરિવારના લાખો યુવાનોના અધૂરા સપનાની દર્દનાક કહાની છે.

માતા-પિતા લાખો રૂપિયાનું દેવું કરીને બાળકને ૩-૪ વર્ષ કોલેજ મોકલે છે. ડિગ્રીનો કાગળ હાથમાં આવે છે, પણ જ્યારે યુવાન બજારમાં જાય છે ત્યારે તેને કૌશલ્યના અભાવે નોકરી મળતી નથી. આ શિક્ષણ વ્યવસ્થાની નાકામી માટે મોદી સરકાર જવાબ આપે!' - ડૉ. મનીષ દોશી ડૉ. દોશીએ વધુમાં ઉમેર્યું કે, નીતિ આયોગ પોતે સ્વીકારે છે કે દેશમાં 'ક્રેડેન્શિયલ ટુ લર્નિંગ આઉટકમ ગેપ' (પ્રમાણપત્ર અને વાસ્તવિક જ્ઞાન વચ્ચેનું અંતર) અને 'એજ્યુકેશન ટુ એમ્પ્લોયમેન્ટ ગેપ' (શિક્ષણ અને રોજગાર વચ્ચેનું અંતર) ભયાનક રીતે વધી ગયું છે. માત્ર યુનિવર્સિટીઓ અને કોલેજોની સંખ્યા કાગળ પર વધારી દેવી કે વિદ્યાર્થીઓની પ્રવેશ સંખ્યા વધારી દેવી એ શિક્ષણનો વિકાસ નથી. છેલ્લા દસ વર્ષમાં કૌશલ્ય વિકાસ (Skill Development) ના નામે કરોડો રૂપિયાના હોર્ડિંગ્સ લાગ્યા, પણ પરિણામ શૂન્ય આવ્યું છે.

## આજનું એક્સપ્લેનર: શું હવે ગરીબોની ચા પણ મોંઘી થશે? 50 દિવસમાં ખાંડ 19% કેમ ભડકે બળી?

### ABPSS દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે આગામી 1 ડિસેમ્બરના રોજ દેશની રાજધાની નવી દિલ્હીના ઐતિહાસિક જંતર-મંતર ખાતે રાષ્ટ્રીય સ્તરનું વિશાળ આંદોલન યોજાશે. જેમાં ગુજરાત સહિત તમામ રાજ્યોમાંથી હજારોની સંખ્યામાં પત્રકારો દિલ્હી પહોંચશે

અમદાવાદ

આગામી તહેવારોની મોસમ પહેલા જ આમ આદમીના રસોડા પર મોંઘવારીનો મોટો પ્રહાર થયો છે. છેલ્લા માત્ર ૫૦ જ દિવસમાં રિટેલ માર્કેટમાં ખાંડના ભાવ ૧૯% કરતા પણ વધુ વધીને ૪૮ થી વધી ૫૬ પ્રતિ કિલોએ પહોંચી ગયા છે. એક સમયે દુનિયાભરમાં ખાંડની નિકાસ કરનાર ભારત આજે વિદેશથી ૧૦ લાખ ટન ખાંડ 'ડ્યુટી ફ્રી' આયાત કરવાની નોબત પર આવી ગયું છે.

સામાન્ય જનતામાં આક્રોશ છે કે શું સરકારના E20 (એથનોલ બ્લેન્ડિંગ) પોલિસીના કારણે પેટ્રોલ સસ્તું કરવાના ચક્કરમાં ગરીબોની ચામાંથી ખાંડ ગાયબ થઈ રહી છે? આવો સમજીએ આ સમગ્ર ખેલની અંદરની વાત.

સોશિયલ મીડિયા અને બજારમાં એવો ભારે વિરોધ અને ચર્ચા છે કે સરકારે પેટ્રોલમાં ૨૦% એથનોલ ભેળવવા (E20) માટે શેરડીનો બધો રસ દારૂ/એથનોલ બનાવવામાં ડાયવર્ટ કરી દીધો, જેનાથી ખાંડની અછત સર્જાઈ. કેન્દ્રીય ખાદ્ય અને ઉપભોક્તા મંત્રાલયે આ દાવાઓને ફગાવી દેતા સ્પષ્ટતા કરી છે કે એથનોલ માટે ખાંડનું ડાયવર્ઝન ઘટ્યું છે. સરકારી ડેટા મુજબ ૨૦૨૨-૨૩માં ૧૨% શેરડી એથનોલ માટે જતી હતી, જે ૨૦૨૫-૨૬માં ઘટીને ૯% થઈ છે, કારણ કે હવે મોટે ભાગે એથનોલ મકાઈમાંથી બનાવાય છે. બજાર નિષ્ણાતો અને ગ્રાઉન્ડ રિપોર્ટ અનુસાર આ તેજી પાછળ ૪ મુખ્ય કારણો છે: પાકને ભારે નુકસાન: આ વર્ષે શેરડીના મુખ્ય ઉત્પાદક રાજ્યોમાં ભારે વરસાદ, જળબંબાકાર તેમજ 'રેડ રોટ' (પાકનો રોગ) ને કારણે શેરડીનું ઉત્પાદન ધારણા કરતાં ઘણું ઓછું (૩૪૩ લાખ ટનથી ઘટીને ૩૦૬ લાખ ટન) રહ્યું છે. વૈશ્વિક અછત (Global Shortage): દુનિયાના સૌથી મોટા ખાંડ ઉત્પાદક દેશ બ્રાઝિલમાં ખરાબ હવામાનને કારણે ખાંડનું ઉત્પાદન ઘટ્યું છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ખાંડનો ભાવ $૪૭૪ થી વધીને $૫૫૨ ડોલર પ્રતિ ટન થઈ ગયો છે (૧૬% થી વધુનો ઉછાળો).

### અમરેલીમાં સભા અને ગાંધીનગરમાં ક્રિકેટ ગ્રાઉન્ડનું લોકાર્પણ

# અમિત શાહ 27 ઓગસ્ટે ગુજરાતના પ્રવાસે: બોપલ-ઘુમામાં જળબંબાકાર મુદ્દે યોજાશે ભવ્ય લોક દરબાર



ગાંધીનગર

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ આગામી 27 ઓગસ્ટના રોજ ગુજરાતના એકદિવસીય પ્રવાસે આવી રહ્યા છે. રક્ષાબંધનના પર્વ નિમિત્તે દર વર્ષની જેમ ગુજરાત મુલાકાતે આવી રહેલા ગૃહમંત્રી આ વખતે જાહેર સભાઓ, લોક દરબાર, વિકાસ કાર્યોના લોકાર્પણ તેમજ ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠકોમાં હાજરી આપશે. પોતાના સંસદીય મતવિસ્તાર અમદાવાદ અંતર્ગત બોપલ અને ઘુમામાં ભારે વરસાદ બાદ સર્જાયેલી મુશ્કેલીઓ સંદર્ભે તેઓ ખાસ લોક દરબાર યોજીને સ્થાનિક નાગરિકો સાથે સીધો સંવાદ કરશે. આ ઉપરાંત અમરેલીમાં જાહેરસભા અને ગાંધીનગરમાં નવા ક્રિકેટ ગ્રાઉન્ડનું લોકાર્પણ કરશે, જેને લઈને વહીવટી તંત્ર અને સંગઠન દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જુલાઈ મહિનામાં પડેલા ભારે વરસાદના કારણે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના ઘાટલોડિયા વિધાનસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ બોપલ અને ઘુમા વિસ્તાર જળમગ્ન થઈ ગયો હતો. આ વિસ્તાર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભળ્યાને 5 વર્ષ જેટલો સમય વીતવા છતાં ડ્રેનેજ અને વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન થતાં સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો હતો. તંત્રની ધીમી કામગીરી બાદ હવે ખુદ કેન્દ્રીય ગૃહમંત્રી સ્થાનિક સોસાયટીઓના ચેરમેનો અને સેક્રેટરીઓ સાથે બેઠક યોજશે. આ લોક દરબારમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC), ઔડા (AUDA) તેમજ રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર હાજર રહેશે અને નાગરિકોના પ્રશ્નો સાંભળી તેના કાયમી નિરાકરણ માટે સ્થળ પરથી જ તાકીદની સૂચનાઓ આપવામાં આવશે.

### વડોદરામાં SOGનું મોટું ઓપરેશન

## અકોટા ટાઉનશીપના ફ્લેટમાંથી 10.20 લાખની ચાઇના બનાવટની 408 ઈ-સિગારેટ ઝડપાઈ

વડોદરા



વડોદરા શહેરને નશામુક્ત કરવા અને યુવાધનને ગેરમાર્ગે દોરતા નશાના કાળા કારોબારને નાબૂદ કરવા વડોદરા એસઓજી (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ)ની ટીમે લાલ આંખ કરી છે. અકોટા વિસ્તારમાં આવેલી ટાઉનશીપના એક મકાનમાં ગેરકાયદેસર રીતે પ્રતિબંધિત ઈ-સિગારેટનો મોટો જથ્થો છુપાવીને કાળો કારોબાર ચલાવાઈ રહ્યો હોવાની ચોક્કસ બાતમી એસઓજી ટીમને મળી હતી. આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડીને મોટું ઓપરેશન પાર પાડ્યું છે. દરોડા દરમિયાન અકોટા ટાઉનશીપના B/99 નંબરના મકાનમાંથી અલગ-અલગ બ્રાન્ડ અને ફ્લેવર ધરાવતી ચાઈના બનાવટની ૪૦૮ નંગ પ્રતિબંધિત ઈ-સિગારેટ (વેપ)નો માતબર જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. આ જપ્ત કરાયેલા મુદ્દામાલની બજાર કિંમત ૧૦.૨૦ લાખ આંકવામાં આવી છે. પોલીસના આકસ્મિક દરોડા વખતે સ્થળ પરથી કાયદાના સંઘર્ષમાં આવેલો એક કિશોર (સગીર) મળી આવ્યો હતો. એસઓજી દ્વારા કરવામાં આવેલી આકરા પાણીએ પૂછપરછ દરમિયાન ચોંકાવનારી વિગત સામે આવી હતી કે આ સગીરને માસિક ૫,૦૦૦ના વેતન પર આ વેપના ગેરકાયદેસર વિતરણ અને સંગ્રહ માટે રાખવામાં આવ્યો હતો.

### સત્તાધીશોની આંખ આડા કાન અને કોન્ટ્રાક્ટરની ખુલ્લી મનમાની

## ડભોઇ-વેગાથી ફરતીકૂઈ માર્ગ અધૂરો મૂકાતાં સ્ટેચ્યુ ઓફ યુનિટી જતા હજારો પ્રવાસીઓ ધૂળ ફાંકવા મજબૂર!

ડભોઇ

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતા ડભોઇ નજીકના અતિ મહત્વના માર્ગ પર તંત્ર અને કોન્ટ્રાક્ટરની વકરતી બેદરકારીનો પર્દાફાશ થયો છે. કુંઢેલાથી ડભોઇ સુધીનો આખો રોડ ચકાચક બનીને તૈયાર થઈ ગયો છે, પરંતુ વેગાથી ફરતીકૂઈ વચ્ચેનો માત્ર એકાદ કિલોમીટરનો ટુકડો કોન્ટ્રાક્ટરે કયા કારણોસર અધૂરો છોડી દીધો? એ હવે લોકમુખે મોટો સવાલ બની ગયો છે. દરરોજ અહીંથી પસાર થતાં દેશ-વિદેશના હજારો પ્રવાસીઓ અને સ્થાનિક રહીશો ધૂળની ડમરીઓ વચ્ચે નરકાગાર જેવી યાતના ભોગવી રહ્યા છે.



અધૂરા રસ્તા પરથી વાહનો પસાર થતાં જ ધૂળનું એવું સામ્રાજ્ય છવાઈ જાય છે કે પાછળ આવતા દ્વિચક્રી વાહનચાલકોને કશું દેખાતું જ નથી.

સતત ઊડતી ઝીણી ધૂળને કારણે સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં શ્વાસની બીમારીઓ અને રોગચાળો ફેલાવાનો ભય ઊભો થયો છે.

દેશ-વિદેશથી કરોડોના ખર્ચે સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા આવતા પ્રવાસીઓ ગુજરાતના આ અધૂરા રસ્તા અને ધૂળિયા માર્ગથી તંત્રની કચરપટ્ટી નીતિની ભારે બદનામી કરી રહ્યા છે.

આ માર્ગ પરથી દરરોજ ઉચ્ચ અધિકારીઓ, નેતાઓ અને લાલબત્તી વાળી ગાડીઓ સડસડાટ પસાર થાય છે, તો પછી આ એક કિલોમીટરનો અધૂરો રોડ કેમ કોઈના ચોપડે ચડતો નથી? સ્થાનિકોમાં ઉગ્ર ચર્ચા છે કે કોન્ટ્રાક્ટરને કોઈ કાયદા કે અધિકારીનો સહેજ પણ ડર રહ્યો નથી. જનતાનો ટેક્સ વસૂલ્યા પછી આવી થર્ડ ક્લાસ કામગીરી અને અધૂરા રોડ સામે તંત્ર કેમ મૌન સેવીને બેઠું છે?

## પવિત્ર શ્રાવણ માસ અને શનિવાર નિમિત્તે સાળંગપુર શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજીને ડ્રાયફ્રૂટનો શણગાર" અને અન્નકૂટ ધરાવાયો

બોટાદ, વિપુલ લુહાર

બોટાદ જિલ્લામાં આવેલ સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી શ્રીહરિપ્રકાશદાસજી (અથાણાવાળા) ની પ્રેરણાથી શ્રાવણ માસના તા.22-08-2026ને શનિવારના રોજ શ્રીકષ્ટભંજનદેવને દિવ્ય ડ્રાયફ્રુટનો વાઘા પહેરાવ્યા છે, મનોહર અને કલાત્મક 'ડ્રાયફ્રૂટનો શણગાર' (સુકા મેવાનો) બદામ,કાજુ,એલચી વિગેરે પ્રકારના ડ્રાયફ્રુટનો સિંહાસને શણગાર કરાયો છે. દાદાના ચરણોમાં ડ્રાયફ્રૂટ દ્વારા રચિત 'જય શ્રી રામ' નું સુંદર લખાણ, કલાત્મક હાથીની આકૃતિઓ તથા મોરપંખની ડિઝાઈન ભક્તો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની હતી. આજે સવારે 5:30 કલાકે મંગળા આરતી પૂજારી સ્વામીજી દ્વારા તથા સવારે 7:00 કલાકે કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામી(અથાણાવાળા)દ્વારા કરવામાં આવી હતી.તેમજ મંદિર પરિસરમાં યજ્ઞશાળામાં મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. બપોરે 11:15 કલાકે બદામ,કાજુ,એલચી વિગેરે પ્રકારના ડ્રાયફ્રુટનો અન્નકૂટ ધરાવાયો હતો.

### નકલી દારૂના મુદ્દે સરકારને ઘેરવાનો પ્રયાસ

## ભાવનગરમાં નકલી દારૂ કાંડને લઈને AAPનો ઉગ્ર હલ્લાબોલ!!

ભાવનગર

ભાવનગરમાં નકલી દારૂકાંડના મુદ્દે રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. સમગ્ર મામલે આમ આદમી પાર્ટી (AAP) દ્વારા સરકાર અને પોલીસ તંત્ર સામે આક્રમક વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. AAPના કાર્યકરો હાથમાં દારૂની બોટલો અને પોટલીઓ લઈને કલેક્ટર કચેરી તરફ પહોંચ્યા હતા અને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ સાથે ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા. વિરોધ દરમિયાન રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીના ફોટા સળગાવવામાં આવતા સમગ્ર ઘટનાએ વધુ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું હતું. પોલીસે તાત્કાલિક દખલ કરી વિરોધ કરી રહેલા કાર્યકરોને અટકાવ્યા હતા. આ દરમિયાન



AAPના નેતા બ્રિજરાજ સોલંકી સહિતના કાર્યકરોને પોલીસે ડિટેઇન કર્યા હોવાની માહિતી સામે આવી છે. AAP દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો કે નકલી દારૂકાંડને લઈને સામાન્ય લોકોમાં ભારે રોષ છે અને આ સમગ્ર મામલે જવાબદારી નક્કી થવી જોઈએ. કાર્યકરોએ સરકાર પાસે સવાલ કર્યો કે જો રાજ્યમાં દારૂબંધી હોવા છતાં દારૂ સરળતાથી ઉપલબ્ધ થતો હોય તો આ ગેરકાયદેસર નેટવર્ક પાછળ કોણ છે? કલેક્ટર કચેરી બહાર વિરોધ દરમિયાન AAP કાર્યકરો દ્વારા "દારૂબંધીના દાવા ક્યાં ગયા?", "નકલી દારૂના જવાબદાર કોણ?" જેવા સવાલો ઉઠાવી સરકાર સામે નારેબાજી કરવામાં આવી હતી. વિરોધનું સૌથી ચર્ચાસ્પદ પાસું એ રહ્યું કે કાર્યકરો દારૂની બોટલો અને પોટલીઓ સાથે કલેક્ટર કચેરી પહોંચ્યા હતા. આ પ્રતિકાત્મક વિરોધ દ્વારા AAPએ સરકારને એવો સંદેશ આપવાનો પ્રયાસ કર્યો હતો કે કાગળ પરની દારૂબંધી અને જમીની હકીકત વચ્ચે મોટો તફાવત છે. વિરોધને પગલે કચેરી પર પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો અને પરિસ્થિતિ વધુ વણસે નહીં તે માટે પોલીસે પ્રદર્શનકારીઓને રોકવાનો પ્રયાસ કર્યો હતો.

### કુકસથી મોટા ફોફળિયા રોડ પરના ખાનગી ફાર્મમાં 20 ઓગસ્ટે રેડ કર્યાનો દાવો

## શિનોરમાં દારૂ-જુગારની પાર્ટીમાં 'પોલીસ રેડ'ની ચર્ચા: રોકડ લઈ ગયા હોવાનો આક્ષેપ, સ્ટેશનમાં ગુનો નોંધાયો નહીં

સાધલી, હસમુખ પટેલ

શિનોર તાલુકાના કુકસથી મોટા ફોફળિયા જવાના રસ્તે તારીખ 20 ઓગસ્ટ 2026 સાંજના આશરે સાત કલાકે એક ખાનગી ફાર્મ ઉપર જુગાર તથા દારૂની પાર્ટી ઉપર પોલીસના ડ્રેસમાં તથા ડ્રેસ વગરના જવાનોએ રેડ કરી અને દમ મારી ખાઈ-પી રોકડી, કરી ગયેલા છે.

શિનોર તાલુકામાં તાજેતરમાં હનીટ્રેપના ગુનામાં નકલી પોલીસ બનેલ આરોપીને શિનોર પોલીસ સિધ્ધપુર થી આઠ માસ પછી પકડી લાવી હતી. અગાઉના વર્ષોમાં પણ શ્રાવણના જુગારીયા ઉપર રેડ કરી નકલી પોલીસ રૂપિયા ખંખેરીને ભાગી ગઈ હતી. એના જેવો કિસ્સો આ કુકસ ગામ પાસે ખાનગી ફાર્મ પર દારૂ તથા જુગારની પાર્ટી ચાલતી હતી, તેના ઉપર નકલી પોલીસે રેડ કર્યાની ચર્ચા જાગેલ છે. કારણ કે શિનોર પોલીસ સ્ટેશને દારૂ કે જુગારનો કોઈ ગુનો નોંધાયેલ નથી. શિનોર તાલુકામાં અગાઉ તારીખ 29 જૂન ના રોજ શિનોર પોલીસે દિવેર થી મઢી વચ્ચે ચાર જુગારીયા પકડી રૂપિયા 11400 મુદ્દામાલ કબજે કર્યો હતો. ત્યારબાદ શિનોર પોલીસે 11 જુલાઈ ના રોજ માંડવા થી માલસરના રસ્તે ચાર જુગારીયા પકડી 11,240 નો મુદ્દામાલ કબજે કર્યો હતો. તે જોઈ બાતમીના આધારે જિલ્લા એલ.સી.બી. દ્વારા તારીખ 12 જુલાઈ 2026 ના રોજ કુક્સ થી દામાપુરા રોડ પરથી 1,24,000 નો મુદ્દામાલ અને સાત આરોપીઓ ઝડપી પાડ્યા હતા. અને તારીખ 28 જુલાઈ 2026 ના રોજ સ્ટેટ મોનિટરિંગ સેલ ગાંધીનગર દ્વારા સાધલી મુકામે જુગાર ધામ પર રેડ કરી 12,71,000 નો મુદ્દામાલ તથા 14 આરોપીઓ ઝડપી પાડ્યા હતા અને તમામ ઉપર જુગારધારા નો કેસ કરવામાં આવ્યો હતો.અને આ રેડ પછી શિનોર તાલુકામાં તમામ બે નંબરના ધંધા બંધ કરવાનો મૌખિક આદેશ છોડવામાં આવ્યો હતો. અને તમામ ખુલ્લેઆમ ચાલતા ધંધા બંધ થયા હતા અને માત્ર ટેલીફોનિક હોમ ડિલિવરી થી વેપલો ચાલતો હતો. હાલમાં આ ધંધા ચાલુ કરવાની પરવાનગી આપી હોવાની વાત બહાર આવેલ છે. એવા સમયે કુકસ પાસે કોઈએ દારૂ જુગારને રેડ પાડેલ છે. કુકસ પાસે શ્રાવણ સુદ આઠમ તારીખ 20 ઓગસ્ટ 2026 ગુરુવારે સાંજે 7:00 કલાકની આસપાસ ખાનગી ફાર્મ ઉપર દારૂ તથા જુગારની પાર્ટી ઉપર સાચી પોલીસ કે નકલી પોલીસે રેડ પાડી અને ખાણી પીની સાથે રોકડી કરી હોવાની ચર્ચાએ શિનોર તાલુકામાં ભારે ચકચાર જગાવેલ છે. પોલીસ ની રેડ જાણીને રાજકીય નેતા નો પણ સંપર્ક કરવામાં આવ્યો હતો.

### વિકસિત ગુજરાતના મોડેલની વરવી વાસ્તવિકતા: નસવાડીના કેવડી ગામમાં

## સરકારી શાળા જર્જરિત થતાં છેલ્લા 3 વર્ષથી 55 આદિવાસી ભુલકાં ગ્રામજનના મકાનમાં ભણવા મજબૂર!

છોટાઉદેપુર

સમગ્ર દેશ અને દુનિયામાં શાસકો દ્વારા જે 'વિકસિત ગુજરાત' અને શિક્ષણ મોડેલના મોટા મોટા ડંકા વાગવામાં આવે છે, તે દાવાઓના ફુગ્ગાની હવામાંથી ફાટેલી વાસ્તવિકતા છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના કેવડી ગામમાંથી સામે આવી છે. સરકારી ચોપડે શિક્ષણ વિભાગ માટે કરોડો-અબજો રૂપિયાના બજેટ મંજૂર થાય છે, પરંતુ જમીની હકીકત એ છે કે કેવડી ગામમાં સરકારી પ્રાથમિક શાળાની ઈમારત કંડમ અને જર્જરિત થઈ જતાં છેલ્લા ૩ વર્ષથી ધોરણ ૧ થી ૫ ના ૫૫ જેટલાં માસૂમ આદિવાસી બાળકો એક સ્થાનિક નાગરિકના મકાનમાં બેસીને અક્ષર જ્ઞાન મેળવવા મજબૂર બન્યા છે. કેવડી ગામના સ્થાનિક રહીશ માંગતેભાઈ મોતી નામના જાગૃત નાગરિકે જે કર્યું, તે કરોડોનું બજેટ વાપરતા શિક્ષણ વિભાગ અને કુંભકર્ણ નિંદ્રામાં પોઢેલા વહીવટી તંત્રના મોં પર સણસણતો ચાબુક છે.

પોતાના ગામના માસૂમ બાળકોનું ભવિષ્ય



અંધકારમય ન બને તે માટે માંગતેભાઈએ પોતાના પરિવાર માટે બનાવેલું પાકું મકાન બાળકોના અભ્યાસ માટે સોંપી દીધું છે!

આટલું જ નહીં, માંગતેભાઈ પોતે પોતાના પરિવાર સાથે કાચા મકાનમાં (ઝૂંપડામાં) રહેવા જતા રહ્યા છે. જે જવાબદારી અને સંવેદનશીલતા સરકારે અને શિક્ષણ વિભાગે દાખવવાની હતી, તે કામ એક સામાન્ય આદિવાસી નાગરિકને પોતાના ઘરનો ત્યાગ કરીને કરવું પડ્યું છે. આનાથી મોટી શરમ સરકારી તંત્ર માટે બીજી કઈ હોઈ શકે?

**ક્યાં ગયા શિક્ષણ મંત્રીના વિકાસના દાવા?:** કાગળ પર સ્માર્ટ ક્લાસ અને મોર્ડન શાળાઓની વાતો કરતા શિક્ષણ મંત્રીશ્રી જવાબ આપે કે છેલ્લા ૩ વર્ષથી કેવડી ગામના બાળકો પાસે સરકારી શાળાનું મકાન કેમ નથી?

**બજેટના કરોડો રૂપિયા ક્યાં વપરાયા?:** દર વર્ષે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીના નામે કરોડો રૂપિયાનો ધુમાડો કરવામાં આવે છે, તો કેવડી ગામમાં નવી શાળા બનાવવા માટે શિક્ષણ વિભાગ પાસે બજેટ નથી?

## ભરૂચ સિટી સેન્ટર પાછળ વર્ષો જૂનો કચરાનો ઢગલો:ડોર-ટુ-ડોર સેવા હોવા છતાં જાહેરમાં ગંદકી




ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ નગરપાલિકા દ્વારા હાથ ધરાયેલા સ્વચ્છતા અભિયાન હેઠળ વોર્ડ નંબર-8માં આવેલા સિટી સેન્ટર પાછળથી વર્ષો જૂનો કચરાનો મોટો ઢગલો શોધી કાઢવામાં આવ્યો છે. પાલિકા દ્વારા દરરોજ 2 વખત ડોર-ટુ-ડોર કચરા કલેક્શનની સુવિધા ઉપલબ્ધ હોવા છતાં, વેપારીઓ અને સંચાલકો દ્વારા ખુલ્લામાં કચરો ફેંકી ગંદકી ફેલાવવામાં આવતી હોવાનો વિરોધાભાસી કિસ્સો તપાસમાં ખુલ્લો પડ્યો છે. આ બેદરકારી બદલ પાલિકા તંત્રે સંચાલકોને 2,000નો દંડ ફટકારી 12 કલાકમાં કચરો હટાવવાનું અલ્ટીમેટમ આપ્યું છે. મુખ્ય અધિકારી હરીશ અગ્રવાલ અને સેનેટરી ઈન્સ્પેક્ટર ભૂમિ સેવક સહિતની ટીમે સ્થળ પર પહોંચીને આકસ્મિક તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે સિટી સેન્ટરના વેપારીઓ કચરો યોગ્ય જગ્યાએ ફેંકવાને બદલે પાછળના ભાગે ખુલ્લામાં નાખી રહ્યા હતા. કચરાના આ ઢગલાને કારણે રખડતાં પશુઓ પણ ત્યાં એકઠા થઈને ગંદકીમાં વધારો કરતા હતા.

સેનેટરી ઈન્સ્પેક્ટરે સ્પષ્ટ કર્યું હતું કે નગરપાલિકા દ્વારા રોજના 2 સમયે ડોર-ટુ-ડોર ગાડીઓ મોકલવામાં આવે છે અને ફરિયાદો મળતાં ત્વરિત નિકાલ કરાય છે.

## દેશ-દુનિયામાં ગાજતા તથાગત 'ગુજરાત શિક્ષણ મોડેલ'ના ફુગ્ગાની હવામાંથી ફાટેલી વાસ્તવિકતા

### દાહોદમાં કરોડોના બજેટના ધુમાડા વચ્ચે કંડમ વર્ગખંડોમાં જીવના જોખમે ભણવા મજબૂર આદિવાસી ભુલકાં!

દાહોદ

શાસક પક્ષ જે ગુજરાત મોડેલ અને ગુજરાતના શિક્ષણ મોડેલનો દેશ અને દુનિયાના મંચ પરથી રાત-દિવસ જોરશોરથી પ્રચાર કરે છે, તે મોડેલની વરવી, કરુણ અને કાળજી કંપાવી દે તેવી વાસ્તવિકતા દાહોદ જિલ્લાના અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાંથી સામે આવી છે. સરકારી ચોપડે શિક્ષણ વિભાગ માટે કરોડો-અબજો રૂપિયાના બજેટ મંજૂર થાય છે અને વિકાસના ગુણગાન ગવાઈ રહ્યા છે. પરંતુ જમીની હકીકત એ છે કે આદિવાસી વિસ્તારોની સરકારી પ્રાથમિક શાળાઓમાં માસુમ બાળકોને મોત પત્રો સમાન કંડમ થઈ ગયેલા વર્ગખંડોમાં બેસીને અક્ષર જ્ઞાન મેળવવાની નોબત આવી છે.





આજે દાહોદ જિલ્લાના વધુ ત્રણ ગામોમાંથી જાગૃત ગ્રામજનો અને વાલીઓ દ્વારા શાળાની વાસ્તવિક પરિસ્થિતિ બતાવવા માટે સ્થળ મુલાકાતે બોલાવવામાં આવ્યા હતા. ત્યાં પહોંચતા જ શિક્ષણ તંત્રની બેદરકારી અને શાસકોના પોકળ દાવાઓની ધજીયા ઉડી ગઈ હતી. વર્ગખંડોની છતમાંથી પોપડા ખરી રહ્યા છે, દીવાલોમાં મોટી મોટી તિરાડો પડી ગઈ છે અને ચોમાસામાં પાણી ટપકે છે. આ કંડમ ઓરડાઓમાં માસુમ આદિવાસી બાળકો ગમે ત્યારે મોટી હોનારતનો ભોગ બની શકે છે. દર વર્ષે શાળા પ્રવેશોત્સવ જેવા કાર્યક્રમો ઉજવીને કરોડો રૂપિયાનો ધુમાડો કરવામાં આવે છે, પરંતુ આદિવાસી વિસ્તારના ભૂલકાંઓને એક સુરક્ષિત વર્ગખંડ આપવા માટે તંત્ર પાસે બજેટ નથી? વારંવાર રજૂઆતો કરવા છતાં આદિવાસી વિસ્તારોની શાળાઓ પ્રત્યે જ કેમ સરકારી અફસરો અને શાસકો આવું અસંવેદનશીલ અને ઓરમાયું વર્તન દાખવે છે?

## અંકલેશ્વરમાં કાંસ મામલે આગેવાનોએ રહીશોના બદલે બિલ્ડરોની તરફેણ કરી

### અંદાડાથી ગડખોલ રોડ પર દબાણો પોલીસ રક્ષણ સાથે દૂર કરવા પડયાં

ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વરના ગડખોલ પાટિયાથી અંદાડા તરફ જતા માર્ગ પર દર ચોમાસામાં સર્જાતી જળબંબાકાર સ્થિતિમાંથી વાહનચાલકોને મુક્તિ અપાવવા માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા વરસાદી ગટર (કાંસ)ના ખોદકામની કામગીરી હાથ ધરવામાં આવી છે.

જોકે, કામગીરી શરૂ થતાં જ રાજકીય આગેવાનો કામ અટકાવવા દોડી આવ્યા હતા. તંત્રના અધિકારીઓ સાથે શાબ્દિક ચકમક થતાં આખરે પોલીસ કાફલો બોલાવી પુરાઈ ગયેલી કાંસનું પુનઃખોદકામ કરાવવામાં આવ્યું હતું. અંકલેશ્વરમાં રાજકીય નેતાઓનો વરવો ચહેરો સામે આવ્યો હતો.



વરસાદી પાણીના ભરાવાથી પરેશાન હજારો લોકોની હાલાકી દુર કરવાના બદલે તેમણે લોકોને હાલાકીમાં ધકેલી દેનારા બિલ્ડરોની તરફેણ કરી હતી. કાંસના દબાણો દૂર કરવા ગયેલી ટીમ સામે નેતાઓ જીભાજોડી પર ઉતરી આવ્યાં હતાં.

માર્ગને અડીને આવેલી સોસાયટીઓ અને બિલ્ડરોએ પોતાના પરિસરમાં પાણી ન ઘૂસે તે માટે, તેમજ અંગત સુગમતા ખાતર, રોડની બંને તરફ આવેલી કુદરતી કાંસ પૂરી દીધી હતી. જેના કારણે વરસાદી પાણીનો યોગ્ય નિકાલ અટકી જતો હતો.


## તંત્રી લેખ...

# ગુજરાતમાં વાહનચાલકો પર ઈંધણ નીતિઓનો પ્રહાર: ઈથેનોલ, સીએનજી અને ઈવીના નામે જનતાના ખિસ્સા ખાલી કરવાનો આંકડાકીય ખેલ!

ગુજરાતના કરોડો મધ્યમવર્ગીય વાહનચાલકો આજે ઈંધણના નામે ચાલતી વિવિધ નીતિઓ વચ્ચે પીસાઈ રહ્યા છે. પર્યાવરણ અને આયાત ઘટાડવાના મોટા મોટા દાવાઓ વચ્ચે વાસ્તવિકતા એ છે કે સામાન્ય નાગરિકની કમાણીનો મોટો હિસ્સો વાહનોના નિભાવ અને ઈંધણ પાછળ હોમાઈ રહ્યો છે. આખી સિસ્ટમ પર નજર નાખીએ તો આંકડા અને તથ્યો આપોઆપ સત્ય બયાન કરે છે.

૧. પેટ્રોલમાં ૧૫-૨૦% ઈથેનોલ: એન્જિન બદલવાનો ખર્ચ જનતાના માથે

સરકારે પેટ્રોલમાં ઈથેનોલનું પ્રમાણ વધારીને ૨૦ ટકા (E20) સુધી પહોંચાડવાનું લક્ષ્ય રાખ્યું છે. પરંતુ ટેકનિકલ વાસ્તવિકતા એ છે કે ૨૦૨૩ પહેલાં બનેલાં મોટા ભાગના વાહનોના એન્જિન અને ફ્યુઅલ પાઈપ E20 ફ્યુઅલ માટે સુસંગત નથી. ઈથેનોલ પાણીને શોષી લેતું હોવાથી જૂના વાહનોમાં રસ્ટિંગ (કાટ) અને એન્જિન પિસ્ટનને ભારે નુકસાન થાય છે. પરિણામે, વાહનચાલકોને દર વર્ષે ૫,૦૦૦ થી ૧૫,૦૦૦ સુધીનો વધારાનો મેન્ટેનન્સ ખર્ચ ભોગવવો પડે છે. ૧૫ વર્ષની સ્ક્રેપ પોલિસીના લીધે સામાન્ય માણસ પોતાના ચાલતા વાહનને ભંગારમાં નાખી નવું વાહન લેવા મજબૂર બન્યો છે, જેનાથી ઓટોમોબાઈલ કંપનીઓને અબજો રૂપિયાનો સીધો ફાયદો થઈ રહ્યો છે.





૨. સીએનજીના ભાવમાં ભડકો: પરવડે તેવો વિકલ્પ હવે ભૂતકાળ

ગુજરાતમાં એક સમયે ૩૫ થી ૪૦ પ્રતિ કિલો મળતો સીએનજી આજે ૭૫ થી ૮૦ ની આસપાસ પહોંચી ગયો છે.

પેટ્રોલ અને સીએનજીના ભાવ વચ્ચેનો તફાવત હવે માત્ર ૧5 થી ૨૦ રૂપિયા જેટલો જ રહ્યો છે.

સીએનજી કિટ બેસાડવાનો ખર્ચ ૪૦,૦૦૦ થી ૬૦,૦૦૦ થાય છે.

એન્જિન હેડ અને સસ્પેન્શનનો વધારાનો ઘસારો ગણીએ તો સીએનજી વાહનમાં થતી બચત હવે શૂન્ય સમાન બની ગઈ છે.

૩. ઈ-વેહિકલ (EV) અને ઈ-વેસ્ટનો બોમ્બ: મોંઘા વાહનો અને બેટરીનો ખતરો

ગ્રીન એનર્જીના નામે વેચાતા ઈ-સ્કૂટરોની કિંમત ૯૦,૦૦૦ થી ૧,૫૦,૦૦૦ સુધી પહોંચાડી દેવામાં આવી છે.

બેટરી બદલવાનો ખર્ચ: ૩ થી ૫ વર્ષ પછી જ્યારે લીથિયમ-આયન બેટરી ખરાબ થાય છે, ત્યારે નવી બેટરીનો ખર્ચ ૩૫,૦૦૦ થી ૫૦,૦૦૦ સુધી આવે છે - જે વાહનની મૂળ કિંમતના ૪૦% જેટલો છે.

પર્યાવરણીય જોખમ: ગુજરાતમાં હજુ સુધી લીથિયમ-આયન બેટરીના સાયન્ટિફિક રિસાયક્લિંગ માટે યોગ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર નથી. ભવિષ્યમાં નકામી બનેલી લાખો બેટરીઓમાંથી નીકળતા કેમિકલ્સ અને હેવી મેટલ્સ જમીન અને ભૂગર્ભ જળને ભારે નુકસાન પહોંચાડશે.

૧. ટેકનિકલ અને ઐતિહાસિક ખામીઓ (તથ્યો)

સીએનજીનો ઈતિહાસ: ૪૦ વર્ષ પહેલાં મુંબઈમાં ફીયાટ ટેક્સીઓ મુખ્યત્વે ઈથેનોલ કે સીએનજી પર નહીં, પરંતુ પેટ્રોલ અને ડીઝલ પર ચાલતી હતી. ભારતમાં સીએનજીનો વપરાશ ૧૯૯૦ના દાયકાના અંતમાં અને ૨૦૦૦ના દાયકામાં શરૂ થયો હતો.

લીથિયમ આયન બેટરી અને એસિડ: ઈલેક્ટ્રિક વાહનો (EV) માં વપરાતી બેટરીઓ લીથિયમ-આયન (Li-ion) હોય છે, જેમાં લીડ-એસિડ (Lead-acid) બેટરીની જેમ પ્રવાહી એસિડ હોતું નથી. જોકે લીથિયમ બેટરીનો કચરો (E-waste) પર્યાવરણ માટે ગંભીર પ્રશ્ન જરૂર છે.

૨. આર્થિક અને નીતિવિષયક ખામીઓ

ઈથેનોલ બ્લેન્ડિંગ (E20): ઈથેનોલ મિશ્રણનો મુખ્ય ઉદ્દેશ્ય ક્રૂડ ઓઈલની આયાત ઘટાડીને દેશનું વિદેશી હૂંડિયામણ (Foreign Exchange) બચાવવાનો અને શેરડી તથા અનાજ પકવતા ખેડૂતોને સીધો આર્થિક ફાયદો પહોંચાડવાનો છે.

ઉત્પાદન ખર્ચ: EV સ્કૂટરનો ઉત્પાદન ખર્ચ માત્ર ૨૫-૩૦ હજાર નથી હોતો; તેની બેટરી, મોટર, સોફ્ટવેર અને રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (R&D) નો ખર્ચ ઘણો ઊંચો હોય છે.

'પાક્કો ગુજરાત'નો સીધો સવાલ

શું સરકારની આ નીતિઓ ખરેખર દેશના હિતમાં છે કે પછી માત્ર ઈથેનોલ બનાવતી ફેક્ટરીઓ અને ઓટોમોબાઈલ કંપનીઓના નફા માટે? સરકારે તાત્કાલિક અસરથી જૂના વાહનોને નુકસાન ન થાય તેવા ઈંધણના વિકલ્પો આપવા જોઈએ અને ઈવી બેટરી રિસાયક્લિંગ માટે કડક નીતિ જાહેર કરવી જોઈએ.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# તમને શું લાગે છે, લોકો તમને આસાનીથી આગળ વધવા દેશે?



જે ઝાડ પર મીઠાં ફળ આવે છે, પથ્થર પણ એ જ ઝાડ પર પડે છે. સૂકા કે બંજર ઝાડ સામે કોઈ જોતું પણ નથી.

સમાજ અને માનવ સ્વભાવની એક અનોખી અને કડવી વાસ્તવિકતા છે જ્યાં સુધી તમે શાંત બેઠા છો, ભીડનો એક હિસ્સો બનીને સામાન્ય જીવન જીવો છો, ત્યાં સુધી કોઈને કોઈ તકલીફ નથી હોતી. પરંતુ જે ક્ષણે તમે કંઈક અલગ કરવાનું વિચારો છો, તમારા સપનાં પાછળ દોડવાનું શરૂ કરો છો અને પ્રગતિના રસ્તે એક ડગલું આગળ વધો છો, એ જ ક્ષણે લોકોના પ્રશ્નો, અડચણો અને ટીકાઓનો વરસાદ શરૂ થઈ જાય છે.

વાસ્તવિકતા એ છે કે આ દુનિયા તમને ક્યારેય લાલ જાજમ પાથરીને આગળ વધવા નહીં દે. સફળતાના માર્ગ પર સૌથી પહેલો અને સૌથી મોટો પડકાર કોઈ પહાડ નથી હોતો, પણ લોકોની નકારાત્મક માનસિકતા હોય છે.

નવરા બેઠેલા લોકોની માનસિકતા ટીકા એ જ એમનું કામ હોય છે.સમાજમાં એક મોટો વર્ગ એવો છે જે પોતે જીવનમાં કશું નવું કે સાર્થક કરવાની હિંમત નથી ધરાવતો. જે લોકો પોતાના જીવનમાં નિષ્ક્રિય છે, તેઓ મહેનત કરનાર વ્યક્તિને જોઈને અસહજ થઈ જાય છે.

પોતાની નિષ્ફળતા છુપાવવાનો પ્રયાસ કરે છે. જ્યારે કોઈ વ્યક્તિ પોતાના દમ પર આગળ વધે છે, ત્યારે નવરા બેઠેલા લોકોને પોતાની નિષ્ક્રિયતા ખૂંચવા લાગે છે. તેથી, તેઓ પોતાની જાતને યોગ્ય સાબિત કરવા માટે કામ કરનારની ખામીઓ શોધવા લાગે છે.

પગ ખેંચવાની વૃત્તિ જેમ એક ટોપલીમાં પુરાયેલા કરચલાઓ માંથી કોઈ એક કરચલો બહાર નીકળવાનો પ્રયત્ન કરે, તો બાકીના બધા ભેગા મળીને તેને નીચે ખેંચી લે છે.બરાબર તેવી જ રીતે સમાજના અમુક લોકો કોઈને ભીડમાંથી અલગ થઈને ચમકવા દેવા માંગતા નથી.કશુંક નવું સર્જન કરવામાં વર્ષોની તપસ્યા અને પરસેવો લાગે છે, પરંતુ કોઈના કામની ટીકા કરવામાં માત્ર એક ક્ષણ લાગે છે. પતંગ ત્યારે જ આકાશની ઊંચાઈઓને સ્પર્શી શકે છે જ્યારે તે પવનની દિશામાં નહીં, પણ પવનની વિરુદ્ધ દિશામાં ઉડે છે. સામો પવન પતંગને નીચે પાડવા માંગે છે, પરંતુ પતંગ તે જ પવનના દબાણનો ઉપયોગ કરીને વધુ ઊંચાઈ પકડે છે. જીવનમાં લોકોનો વિરોધ પણ સામા પવન જેવો છે તે તમને નીચે પાડવા નહીં, પણ ઊંચે ઉડવાની તાકાત આપવા માટે આવે છે.

એક પ્રચલિત કહેવત છે કે, 'હાથી જ્યારે બજારમાંથી પસાર થાય ત્યારે પાછળ અસંખ્ય અવાજો થાય છે, પણ હાથી ક્યારેય ઊભો રહીને ખુલાસા આપતો નથી; તે પોતાની મસ્ત ચાલમાં આગળ વધતો રહે છે.' આગળ વધતી વ્યક્તિએ આ ગુણ કેળવવો ખૂબ જરૂરી છે.

ટીકાકારો વચ્ચે સફળતા તરફ કેવી રીતે વધવું?

લોકો ટીકા કરે ત્યારે ગુસ્સે થઈને વિવાદમાં ન ઉતરવું મૌન ધારણ કરી કામ પર લક્ષ્ય રાખવું લોકો શંકા કરે ત્યારે આત્મવિશ્વાસ ન ગુમાવી દેવો પરિણામ આપીને બોલતી બંધ કરવી .લોકો રસ્તો રોકે ત્યારે ડરીને પાછા ન વળવું પણ સંકલ્પને બમણો કરીને આગળ વધતા રહો.

ચિરાગ બનીને બળવું સહેલું નથી, કારણ કે પવન હંમેશા ઓલવવાની ફિરાકમાં જ હોય છે. પણ જે પવન સામે લડીને ઝળહળે છે, ઈતિહાસ એને જ યાદ રાખે છે.

જે લોકો તમારા સંઘર્ષમાં ક્યારેય સાથે નહોતા, તેમને તમારી સફળતા પર ટિપ્પણી કરવાનો કોઈ હક નથી. લોકો તમને આસાનીથી આગળ નહીં વધવા દે એ વાત સાચી, પણ એથીય મોટી સાચી વાત એ છે કે તમને આગળ વધતા રોકવાની તાકાત પણ કોઈનામાં નથી જ્યાં સુધી તમે પોતે હાર ન માની લો.

લોકોના અભિપ્રાયોને બાજુ પર મૂકો, તમારા પરિશ્રમ પર ભરોસો રાખો અને મક્કમ પગલે તમારા લક્ષ્ય તરફ આગળ વધતા રહો!

**દર્શના પટેલ**
**(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત) સ્પોર્ટ્સ ટીચર**

# NTAની વધુ એક ગંભીર બેદરકારી: કેન્દ્ર પર બત્તી ગુલ થતાં નકલનો માહોલ બન્યો, હવે ફરી લેવાશે પરીક્ષા

નવી દિલ્હી

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા આયોજિત વધુ એક પરીક્ષામાં ગેરવ્યવસ્થાના કારણે હોબાળો મચ્યો છે. આ મામલો જયપુરમાં યોજાયેલી 'ઓલ ઈન્ડિયા આયુષ પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રી ટેસ્ટ' (AIAPGET) નો છે. અહીંના સત્ય સાઈ કોલેજ કેન્દ્ર પર પ્રથમ શિફ્ટની પરીક્ષા દરમિયાન અચાનક વીજળી ગુલ થઈ ગઈ હતી, જેના કારણે પરીક્ષા આપી રહેલા ઉમેદવારોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. પેપરની ગોપનીયતા ભંગ થવાનો આરોપ પરીક્ષાર્થીઓએ આરોપ લગાવ્યો કે, વીજળી ગુલ થવા દરમિયાન પરીક્ષાની ગોપનીયતા ખોરવાઈ હતી. તેમનો દાવો છે કે, અંધારામાં પ્રશ્નપત્રને લઈને વિદ્યાર્થીઓ વચ્ચે ચર્ચા શરૂ થઈ ગઈ હતી, જેથી એક રીતે ચોરી (નકલ)ની સ્થિતિ ઊભી થઈ ગઈ હતી. ઉમેદવારોનું કહેવું છે કે, બાદમાં વધારાનો સમય આપવાથી તે વિદ્યાર્થીઓને કોઈ વાસ્તવિક ફાયદો થયો નથી, જેમણે અગાઉથી પરીક્ષા પૂર્ણ કરી લીધી હતી. ઉમેદવારોએ પ્રથમ શિફ્ટની પરીક્ષા રદ કરીને નવેસરથી યોજવાની માંગ કરી હતી. જાણકારી મુજબ સવારે 10:20 વાગ્યે પાવર કટ થયો હતો. જનરેટર શરૂ કરવામાં સમય લાગતાં પરીક્ષા પ્રભાવિત થઈ હતી. આ મામલે સખત સંજ્ઞાન લેતા NTA એ સોશિયલ મીડિયા X પર પોસ્ટ કરીને જાણકારી આપી કે, AIAPGET પરીક્ષા 22 ઓગસ્ટ 2026 ના રોજ દેશભરના 200 કેન્દ્રો પર 35,837 ઉમેદવારો માટે યોજાઈ હતી, જેમાંથી 35,788 ઉમેદવારો સફળતાપૂર્વક પરીક્ષા આપી શક્યા હતા. પરંતુ જયપુરના શ્રી સત્ય સાઈ પીજી કોલેજ કેન્દ્ર પર 192 માંથી 49 ઉમેદવારો વીજળી ગુલ થવાના કારણે પરીક્ષા પૂર્ણ કરી શક્યા નહોતા. આ ખામી એજન્સી M/S Eduquity Career Technologies Private Limited ના સ્તરે થઈ હતી. NTA એ અસરગ્રસ્ત ઉમેદવારોને પડેલી અસુવિધા બદલ દિલગીરી વ્યક્ત કરી છે, અને આ ઉમેદવારો માટે ફરીથી પરીક્ષા યોજવાની જાહેરાત કરી છે. હવે આ પરીક્ષા 1 સપ્ટેમ્બર 2026 ના રોજ સવારે 10 વાગ્યે રાજસ્થાન કોલેજ ઓફ એન્જિનિયરિંગ ફોર વુમેન, જયપુર ખાતે યોજાશે. આ માટે નવેસરથી એડમિટ કાર્ડ જારી કરવામાં આવશે.

# અમદાવાદનું સનસનાટીભર્યું ડબલ મર્ડર

## ક્રાઈમ બ્રાન્ચ માટે સવાલ બનેલા કેસનો DCP ચૈતન્ય મંડલિકની ટીમે કેવી રીતે કર્યો પર્દાફાશ?

અમદાવાદના પોશ ગણાતા સોલા ભાગવત રોડ પર આવેલા સુભાષ ફાર્મ નજીકના એક બંગલામાં બનેલી ડબલ મર્ડર અને લૂંટની ઘટનાએ સમગ્ર ગુજરાતમાં અરેરાટી મચાવી દીધી હતી. ઘરના મોભી દયાનંદ પરિહાર અને તેમના પત્ની વિજયાબેનની તીક્ષ્ણ હથિયારોના ઘા ઝીંકી નૃશંસ હત્યા કરવામાં આવી હતી. હત્યારાઓ ઘરમાંથી લાખોની રોકડ અને દાગીના લૂંટીને ફરાર થઈ ગયા હતા. શહેરના સૌથી સુરક્ષિત માનવામાં આવતા વિસ્તારમાં થયેલી આ ઘટનાથી સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો હતો અને ગૃહ વિભાગથી લઈને સામાન્ય જનતા સુધી આ કિલર ગેંગને પકડવા માટે ભારે દબાણ ઊભું થયું હતું.





પોલીસ માટે વિષમ પરિસ્થિતિઓ અને મુખ્ય પડકારો: બનાવની સવારે જ્યારે કામવાળી મહિલા ઘરે પહોંચી ત્યારે દંપતી લોહીલુહાણ હાલતમાં મળી આવ્યું હતું. ઘટનાસ્થળે પહોંચેલી સ્થાનિક પોલીસ અને ફોરેન્સિક ટીમને પ્રાથમિક તપાસમાં જ અનેક મોટો આંચકો લાગ્યો: પુરાવાનો સંપૂર્ણ અભાવ: આરોપીઓ એટલા શાતિર હતા કે તેમણે ગુનો આચરતી વખતે ગ્લોઝ પહેર્યા હતા, જેના કારણે ઘરમાંથી કોઈ પણ ફિંગરપ્રિન્ટ્સ મળ્યા ન હતા. ડીવીઆર (DVR) ગાયબ: હત્યારાઓએ બંગલાના પોતાના સીસીટીવી કેમેરાના ડીવીઆર બોક્સને પણ તોડીને સાથે લઈ ગયા હતા, જેથી તેમનો કોઈ ચહેરો રેકોર્ડ પર ન રહે. કોઈ ચક્ષુદર્શી સાક્ષી નહીં: આ ઘટના મોડી રાત્રે બની હોવાથી કોઈ પ્રત્યક્ષદર્શી સાક્ષી ન હતો. ગેંગની ઓળખનો સવાલ: પોલીસ માટે એ સમજી શકવું મુશ્કેલ હતું કે આ કોઈ સ્થાનિક ઘરઘાટીનું કામ છે, ચોરીના ઈરાદે આવેલી કોઈ આંતરરાજ્ય લૂંટારૂ ગેંગ છે કે પછી કોઈ અંગત અદાવત.

DCP ચૈતન્ય મંડલિકનું માસ્ટરપ્લાન અને તપાસની રણનીતિ કેસની ગંભીરતા અને જટિલતાને ધ્યાનમાં રાખીને તપાસનો દોર અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના તત્કાલીન ડીસીપી ચૈતન્ય મંડલિક (DCP Chaitanya Mandlik) ને સોંપવામાં આવ્યો. તેમણે ગુનાની પેટર્ન સમજીને એક મજબૂત માસ્ટરપ્લાન તૈયાર કર્યો અને પોતાની ટીમને ત્રણ અલગ-અલગ સ્પેશિયલ ટાસ્કમાં વહેંચી દીધી:

1. ડંપડેટા એનાલિસિસ (Technical Surveillance): ડીસીપી મંડલિકના નિર્દેશ હેઠળ ટેકનિકલ ટીમે બનાવના સમયે ઘટનાસ્થળની ૨ કિલોમીટરની ત્રિજ્યામાં સક્રિય થયેલા તમામ મોબાઈલ નંબરનો 'ડમ્પ ડેટા' એકત્ર કર્યો. લગભગ ૫૦,૦૦૦થી પણ વધુ કોલ ડિટેલ્સ (CDR) નું ફિલ્ટરેશન હાથ ધરવામાં આવ્યું.

2. મેગા સીસીટીવી સ્કેનિંગ: સોલા, સાયન્સ સિટીથી લઈને એસ.જી. હાઈવે અને શહેરના બહાર નીકળવાના રસ્તાઓ પરના ૩૦થી વધુ સીસીટીવી કેમેરાના ફૂટેજ રાત-દિવસ એક કરીને બારીકાઈથી તપાસવામાં આવ્યા.

3. હ્યુમન ઈન્ટેલિજન્સ અને રેકી એંગલ: ભૂતકાળમાં આ બંગલામાં કામ કરી ગયેલા ડ્રાઈવર, ઘરઘાટી, પેઈન્ટર કે કડીયા કામ કરનાર કારીગરોના રિકોર્ડ ચકાસવાનું શરૂ કરાયું.

૭૨ કલાકનું હાઈ-વોલ્ટેજ ઓપરેશન અને કેસનો ઉકેલ સીસીટીવી વિશ્લેષણ દરમિયાન એક ચોક્કસ ફૂટેજમાં અડધી રાત્રે બાઈક પર જતા બે શંકાસ્પદ યુવકો નજરે પડ્યા, જેમણે મોં પર રૂમાલ બાંધેલો હતો. તે જ સમયે એરિયાના ડમ્પ ડેટા સાથે એક નવો અને શંકાસ્પદ મોબાઈલ નંબર મેચ થયો, જે ગુનાના થોડા સમય પહેલાં જ સક્રિય થયો હતો અને બનાવ બન્યા બાદ સ્વિચ ઓફ થઈ ગયો હતો. ડીસીપી ચૈતન્ય મંડલિક અને તેમની ટીમે તે નંબરને ટ્રેક કરતાં લોકેશન મધ્યપ્રદેશ-ગુજરાત સરહદ તરફ જતું જણાયું. ક્રાઈમ બ્રાન્ચની ટીમે વિલંબ કર્યા વગર પીછો કર્યો અને દાહોદ બોર્ડર નજીકથી મુખ્ય આરોપી રાહુલ અને તેના સાગરીતને કોર્ડન કરીને ઝડપી પાડ્યા. સનસનાટીભર્યો ખુલાસો આરોપીઓની કડક પૂછપરછમાં ચોંકાવનારા ખુલાસા થયા. મુખ્ય આરોપીએ અગાઉ તે બંગલામાં કલરકામ (પેઈન્ટિંગ) કર્યું હતું. તેને ખબર હતી કે વૃદ્ધ દંપતી એકલું રહે છે અને તેમની પાસે મોટી રોકડ છે. તેણે તેના સાથી સાથે મળીને દિવસો સુધી રેકી કરી હતી અને તક મળતાં જ લૂંટના ઈરાદે ઘરમાં ઘૂસી દંપતીની ઘાતકી હત્યા કરી નાખી હતી. પોલીસે આરોપીઓ પાસેથી લૂંટાયેલા રૂ. ૪૫ લાખ રોકડા, સોના-ચાંદીના દાગીના અને હત્યામાં વપરાયેલા હથિયારો જપ્ત કર્યા. ડીસીપી ચૈતન્ય મંડલિકના ચોક્કસ નેતૃત્વ, ટેકનિકલ સર્વેલન્સ અને શાર્પ હ્યુમન નેટવર્કના કારણે માત્ર ૭૨ કલાકમાં જટિલ કેસનો ઉકેલ આવી ગયો, જેનાથી અમદાવાદ પોલીસની શાખ વધુ મજબૂત થઈ.

# પથ્થરમાં ખીલેલું પાવન કમળ: સીદી સૈયદની જગવિખ્યાત જાળીનો શિલ્પ વૈભવ



માનવ ઈતિહાસ અને સ્થાપત્ય કળાનો એક એવો દિવ્ય સમન્વય જોવો હોય, જે પથ્થરની કઠોરતાને પણ લવચીક અને કાવ્યાત્મક બનાવી દે, તો તે ગુજરાતના હૃદય સમાન અમદાવાદ શહેરમાં આવેલી વિશ્વપ્રસિદ્ધ 'સીદી સૈયદની જાળી' છે. અમદાવાદના લાલ દરવાજા વિસ્તારમાં વિરાજમાન આ મસ્જિદ માત્ર એક ધાર્મિક ભવન નથી, પરંતુ પથ્થરોમાં કંડારેલું એક અમર શિલ્પકાવ્ય છે. ઈસવીસન ૧૪૫૨ થી ૧૫૭૩ ના સલ્તનત કાળ દરમિયાન યમનથી આવેલા સીદી સૈયદ નામના એક ઉમદા કલાપ્રેમી સૈનિક દ્વારા આ મસ્જિદનું નિર્માણ કરાવવામાં આવ્યું હતું. આ એક એવું સ્થાપત્ય છે જે આપણને પ્રાચીન કારીગરોની અજોડ ધીરજ, દ્રષ્ટિ અને પરમ કલા વૈભવની એક અનન્ય ઊંચાઈ પર લઈ જાય છે.

આ આખી રચનાની સ્થાપત્યગત અને ભૌમિતિક વિશિષ્ટતા અત્યંત આહલાદક અને વિસ્મયજનક છે. મસ્જિદની પશ્ચિમ દિવાલની અર્ધવર્તુળાકાર બારીઓમાં પથ્થરને કોતરીને જે કલાત્મક જાળીઓ બનાવવામાં આવી છે, તે જોઈને આધુનિક ઈજનેરો પણ સ્તબ્ધ થઈ જાય છે. એક વિરાટ પીપળાના વૃક્ષ અને ખજૂરીના પાન ધરાવતી વેલને પથ્થરમાં એવી નાજુકતાથી વણી લેવામાં આવી છે કે જાણે કોઈ કુશળ ચિત્રકારે કાગળ પર પેન્સિલથી રેખાચિત્ર ન દોર્યું હોય! સખત પીળા પથ્થરને પાણીની લહેરની જેમ વળાંક આપવાની આ કળા અદ્ભુત છે. પથ્થરોના આ આબેહૂબ શિલ્પ વૈભવને અને કલાકારોની કુશળતાને કાવ્યાત્મક શબ્દોમાં આ રીતે અંકિત કરી શકાય:

'પથ્થરના હૃદયને પણ પ્રેમથી પંપાળી દીધો,
કારીગરોએ છીણીથી આખો ઈતિહાસ જીવાડી દીધો.'

આ કળા માત્ર ભૌતિક સુંદરતાનું પ્રતીક નથી, પરંતુ ભારતીય શિલ્પીઓની અજોડ એકાગ્રતા અને આધ્યાત્મિક સાધનાની અમર દાસ્તાન છે. કલ્પના કરો કે એક નાની સરખી ભૂલ પણ આખા પથ્થરને અને મહિનાઓની મહેનતને નકામી બનાવી શકતી હતી, છતાં કારીગરોએ અડગ શ્રદ્ધા સાથે આ કલાકૃતિને પૂર્ણ કરી. બ્રિટિશ હકુમત દરમિયાન લોર્ડ કર્ઝન સહિતના અનેક વિદેશી શાસકો આ જાળીની કલાત્મકતા જોઈને મંત્રમુગ્ધ થઈ ગયા હતા અને આ જાળીની પ્રતિકૃતિ આજે અમદાવાદની વૈશ્વિક ઓળખ બની ચૂકી છે. આજના આધુનિક અને વિજાણુ યુગમાં આપણે સિમેન્ટ અને લોખંડની મોટી ઈમારતો તો ચણીએ છીએ, પરંતુ આવી આત્મિક ભીનાશ અને કળાનો પરમ આલાપ આજે ક્યાંક ખૂટે છે. આ જ પરમ વિસ્મય અને કળાના સમન્વયને લોકhૃદય હંમેશાં આ રીતે બિરદાવે છે:

'યંત્રો ગમે તેટલા આગળ વધે પણ માનવ હાથ અજોડ છે,
પથ્થરમાં ખીલેલી આ જાળી, કળાની પરમ ભોમ છે.'

આજે એકવીસમી સદીમાં ભારત જ્યારે વૈશ્વિક ફલક પર પોતાની સાંસ્કૃતિક અસ્મિતા અને શૈક્ષણિક વિરાસતનો પરચો આપી રહ્યું છે, ત્યારે સીદી સૈયદની આ જાળી આપણને આપણા ભવ્ય વારસાનું સંવર્ધન કરવાનો અને આપણી કલા સભર પૃષ્ઠભૂમિ પર ગર્વ કરવાનો સંદેશ આપે છે. આ ઐતિહાસિક સ્થાપત્ય આપણી આવનારી પેઢીઓને સાચા અર્થમાં સક્ષમ, જિજ્ઞાસુ અને સંસ્કારપ્રેમી બનાવવામાં બહુ મોટી પ્રેરણા પૂરી પાડે છે. પૃથ્વીના સીમાડા ઓળંગીને વિશ્વભરના પ્રવાસીઓ, ઈતિહાસકારો અને સંશોધકોને સતત આકર્ષિત કરતો આ શિલ્પકળાનો વિજયધ્વજ સદીઓ સુધી ગર્વથી લહેરાતો રહેશે અને આપણી ગૌરવશાળી વિરાસતનો સાક્ષી બની રહેશે તે સુનિશ્ચિત છે.

**- રૂપેશ સોલંકી**

# એરપોર્ટ પર લાંબી કતારોમાંથી મુક્તિ: બોર્ડિંગ પાસ પર સિક્કા મારવાની પ્રથા નાબૂદ, જાણો નવો નિયમ

ભારતના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ્સ પરથી વિદેશ પ્રવાસ કરનારા મુસાફરો માટે કેન્દ્ર સરકાર તરફથી મોટા રાહતના સમાચાર આવ્યા છે. હવે આંતરરાષ્ટ્રીય મુસાફરોએ ઈમિગ્રેશન કાઉન્ટર પર પોતાના બોર્ડિંગ પાસ પર ફિઝિકલ સિક્કો મરાવવાની જરૂર રહેશે નહીં. ગૃહ મંત્રાલય હેઠળ કાર્યરત બ્યુરો ઓફ ઈમિગ્રેશને નિર્ણય લીધો છે કે આગામી પહેલી સપ્ટેમ્બર 2026થી દેશના તમામ આંતરરાષ્ટ્રીય હવાઈ મથકો પર બોર્ડિંગ પાસની ફિઝિકલ સ્ટેમ્પિંગ પ્રક્રિયા કાયમ માટે બંધ કરવામાં આવશે. હવે મુસાફરો પોતાના સ્માર્ટફોન પર ડિજિટલ ઈ-બોર્ડિંગ પાસ બતાવીને સરળતાથી ઈમિગ્રેશન ક્લિયરન્સ મેળવી શકશે. બોર્ડિંગ પાસ સ્ટેમ્પિંગ કેમ બંધ કરવામાં આવ્યું? ઈમિગ્રેશન બ્યુરોને મુસાફરો તરફથી સતત ફરિયાદો મળી રહી હતી કે સ્ટેમ્પિંગ પ્રક્રિયાના





કારણે સિસ્ટમમાં વિલંબ થાય છે. દરેક બોર્ડિંગ પાસ પર મહોર લગાવવાને કારણે કાઉન્ટર પર મુસાફરોનો લાંબો સમય વેડફાતો હતો. ઘણી વખત સિક્કો બરાબર ન લાગવો અથવા ખોટી જગ્યાએ લાગવાને કારણે આગળ જતાં બોર્ડિંગ ગેટ પર સુરક્ષા તપાસ દરમિયાન તેને વાંચવામાં ભારે મુશ્કેલી ઊભી થતી હતી. અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે જે મુસાફરો હજુ પણ પ્રિન્ટેડ બોર્ડિંગ પાસ રાખવા માંગતા હોય તેઓ રાખી શકે છે. ફેરફાર માત્ર એટલો જ છે કે ઈમિગ્રેશન અધિકારીઓ હવે તે કાગળ પર કોઈ સિક્કો લગાવશે નહીં. પાસપોર્ટ સ્ટેમ્પિંગ પણ નાબૂદ કરવાની મોટી યોજના હવાઈ યાત્રાને સંપૂર્ણપણે પેપરલેસ અને ડિજિટલ બનાવવા તરફ આ એક મોટું પગલું છે. ભારતીય પાસપોર્ટ ધરાવતા પ્રવાસીઓ માટે દેશમાંથી બહાર નીકળતી વખતે અને પરત પ્રવેશતી વખતે પાસપોર્ટ પર ફિઝિકલ સ્ટેમ્પ લગાવવાની પ્રક્રિયા પણ નાબૂદ કરવાની યોજના છે. હાલમાં આ માટે ચોક્કસ એરપોર્ટ્સ પર સફળતાપૂર્વક પાયલટ પ્રોજેક્ટ ચલાવવામાં આવી રહ્યો છે. પાયલટ પ્રોજેક્ટનું પરીક્ષણ પૂર્ણ થયા બાદ ટૂંક સમયમાં પાસપોર્ટ પર સ્ટેમ્પિંગ વગરની ઈ-ગેટ સિસ્ટમ દેશભરના એરપોર્ટ્સ પર સંપૂર્ણપણે લાગુ કરવામાં આવશે.



# ઝાલોદમાં ફૂડ વિભાગની મેગા ડ્રાઇવ : ફરસાણ અને મટન શોપમાં તંત્રની તવાઈ

## ખાધ પદાર્થોની ગુણવત્તા, સ્વચ્છતા અને ફૂડ લાયસન્સની ચકાસણી; ઘરેલુ ગેસનો ઉપયોગ કરતા દુકાનદારો સામે કાર્યવાહી, અંદાજે ત્રણ મટન શોપ અને એક ફરસાણની દુકાન સીલ

ઝાલોદ, પંકજ પંડિત

ઝાલોદ નગરમાં ખાદ્ય પદાર્થોની ગુણવત્તા, સ્વચ્છતા અને ફૂડ સેફ્ટીના નિયમોનું પાલન થાય તે માટે વહીવટી તંત્ર અને ફૂડ વિભાગ દ્વારા મેગા ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. પ્રાંત અધિકારી એ.કે. ભાટીયાના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલી આ કામગીરી દરમિયાન વિવિધ ફરસાણ, નાસ્તા હાઉસ, હોટલ તેમજ મટન શોપમાં સઘન તપાસ કરવામાં આવી હતી.



તપાસ દરમિયાન દુકાનદારોને ફ્રિજની રોજેરોજ સાફસફાઈ રાખવા, ખાદ્ય પદાર્થો પ્લાસ્ટિકની થેલીમાં ન રાખવા, એરટાઈટ ડબ્બાનો ઉપયોગ કરવા, દુકાનોમાં દરરોજ લિક્વિડ દ્વારા સફાઈ કરવા તેમજ પીવાના પાણીની શુદ્ધતા જાળવવા અંગે સૂચનાઓ આપવામાં આવી હતી. સાથે સાથે દરેક દુકાનમાં ફૂડ લાયસન્સની પણ ચકાસણી કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ઘરેલુ ગેસનો ઉપયોગ કરતા કેટલાક દુકાનદારો પાસેથી ગેસ જપ્ત કરવામાં આવ્યા હતા. હોટલોમાં પેક ફરસાણ સહિતના ખાદ્ય પદાર્થોમાં પેકિંગ તથા એક્સપાયરી ડેટની ચકાસણી કરવામાં આવી હતી. નિયમોનું પાલન ન કરતા અને સફાઈના અભાવવાળી દુકાનો સામે નગરપાલિકા દ્વારા રૂ. 1,000નો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ મેગા ડ્રાઈવ દરમિયાન ભરકાદેવી, છાસવાલા, પટેલ નાસ્તા હાઉસ, અંબિકા નાસ્તા હાઉસ, મારુતિ હોટલ, જય અંબે ડાયનીંગ હોલ, સત્કાર હોટલ, જોધપુર, જયહિંદ, હોટલ શ્રી અન્નપૂર્ણા, જલારામ પરોઠા, શ્રી ગણેશ, પવન નમકીન, ઝાયકા, યાદચાર, અલ્તાફ, રાણીયા મટન શોપ અને સાજિદ મટન સહિતની દુકાનોમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. કાર્યવાહી દરમિયાન નગરની કેટલીક ફરસાણ તથા મટન શોપના દુકાનદારો દુકાનો બંધ કરી જતા રહ્યા હોવાનું પણ જાણવા મળ્યું હતું. તપાસ દરમિયાન અંદાજે ત્રણ મટન શોપ અને એક ફરસાણની દુકાનને સીલ કરવામાં આવી હતી. આ કામગીરીમાં પ્રાંત અધિકારી એ.કે. ભાટીયા, મામલતદાર એસ.એમ. પરમાર, નગરપાલિકાના ચીફ ઓફિસર વૈશાલીબેન નીનામા, ફૂડ સેફ્ટી ઓફિસર ઉર્વીબેન એસ. માલ, નાયબ મામલતદાર સહિતના અધિકારીઓની ટીમ ઉપસ્થિત રહી હતી. ઝાલોદ શહેરમાં ચાલતી મટન શોપ પૈકી કેટલી દુકાનો પાસે જરૂરી ફૂડ લાયસન્સ છે અને કેટલી દુકાનો નિયમોનું પાલન કર્યા વિના ધંધો કરી રહી છે તે અંગે પણ સઘન તપાસ કરવાની જરૂરિયાત ઉભી થઈ છે. ખાસ કરીને લાયસન્સ વગર ચાલતી મટન શોપ સામે ફૂડ વિભાગ દ્વારા ક્યારે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેવો સવાલ પણ નગરજનોમાં ઉઠ્યો છે.

### ખાદ્ય સુરક્ષા અંગે તંત્રનું સઘન ચેકિંગ

# ભરૂચમાં નિયમોનું ઉલ્લંઘન કરતી 5 રેસ્ટોરન્ટ્સને વેચાણ બંધ કરવા નોટિસ

ભરૂચ, રંગુની જાકીર

શનિવાર - ચોમાસાની ઋતુ અને આગામી રક્ષાબંધન તેમજ જન્માષ્ટમી જેવા તહેવારોને ધ્યાનમાં રાખીને ભરૂચ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નાગરિકોના સ્વાસ્થ્ય સુરક્ષા માટે આકસ્મિક તપાસ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જિલ્લા કલેક્ટર ડૉ. નવનાથ ગવહાણેની સૂચના મુજબ ભરૂચ પ્રાંત અધિકારી મનીષા મનાણી અને ડી.વાય.એસ.પી. સી. કે. પટેલના નેતૃત્વ હેઠળ વહીવટી તંત્ર, પોલીસ, ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ, ફાયર અને આરોગ્ય વિભાગની સંયુક્ત ટીમો દ્વારા ભરૂચ નગરપાલિકા વિસ્તાર સહિત બાયપાસ પર સઘન ચેકિંગ હાથ ધરાયું હતું. તપાસ દરમિયાન ટીમે બાયપાસ વિસ્તારના ૧૦ થી ૧૧ જેટલા હોટેલ-રેસ્ટોરન્ટ્સ અને ખાદ્ય એકમોની સ્થળ તપાસ કરી હતી. જેમાંથી મોટાભાગના એકમોમાં ફૂડ સેફ્ટી એક્ટના શેડ્યૂલ-૪ મુજબના નિયમોનું ઉલ્લંઘન, ભારે અસ્વચ્છતા અને એક્સપાયરી ડેટ વાળી સામગ્રી મળી આવી હતી. ટીમે સ્થળ પરથી વાસી અને અયોગ્ય ખાદ્ય પદાર્થો જપ્ત કરી તેનો નિકાલ કર્યો હતો તેમજ પનીર સહિતની ચીજોના સેમ્પલ લેબોરેટરી તપાસ અર્થે મોકલ્યા હતા. તપાસ કામગીરી દરમિયાન ક્ષતિઓ ધરાવતી અંદાજે ૫ રેસ્ટોરન્ટ્સને વેચાણ વ્યવહાર તાત્કાલિક અસરથી બંધ કરવા નોટિસ ફાળવવામાં આવી છે. તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ એકમોને સીલ કરવામાં આવ્યા નથી, પરંતુ ગ્રાહકોના આરોગ્યની સુરક્ષા અર્થે જરૂરી ચોખ્ખાઈ અને નિયમોનું પૂર્ણ પાલન ન થાય ત્યાં સુધી વેચાણ બંધ રાખવા નિર્દેશ અપાયો છે. તંત્ર દ્વારા તમામ હોટેલ-રેસ્ટોરન્ટ સંચાલકોને ડીપ ફ્રીઝ/કોલ્ડ સ્ટોરેજની યોગ્ય જાળવણી, શાકાહારી-માંસાહારી પદાર્થો માટે અલગ બોર્ડ, ગુણવત્તાયુક્ત કાચો માલ અને કર્મચારીઓની સ્વચ્છતા જાળવવા કડક સૂચના આપવામાં આવી છે.



# શહેરા વનવિભાગની ટીમનો સપાટો: મોરવા રેણા તેમજ સદનપુર પાસે પાસ પરમિટ વગર પંચરાઉ લાકડા ભરેલી ટ્રકો ઝડપી પાડી કાર્યવાહી

શહેરા

પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકાના મોરવા રેણા રોડ પર શહેરા વનવિભાગની ટીમે પાસ પરમિટ વગર પંચરાઉ લાકડ઼ા ભરેલો ટેમ્પો ઝડપી પાડી 4,20,000 લાખ રુપિયાનો મુદ્દામાલ,તેમજ સદન પુર ગામ પાસે પંચરાઉ લાકડા ભરેલી ટ્રક સહિત 400000નો મુદ્દામાલ ઝડપી પાડી કાર્યવાહી કરી હતી.

પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકામા લાકડા ચોરો બેફામ બન્યા છે. પાસ પરમિટ વગર લાકડાની ગેરકાયદેસર હેરાફેરી કરીને સરકારી તિજોરીને નુકશાન લગાવી રહ્યા છે.શહેરા પરિક્ષેત્ર વનવિભાગના રેન્જ ફોરેસ્ટ ઓફીસર વી.જી.ગઢવી તેમજ આર.એસ.ચૌહાણ, એ.એસ.પરમાર સહિતની ટીમ શહેરા વિસ્તારમા પેટ્રોલીંગમા હતી ત્યારે મોરવા રેણા વિસ્તારમાં લીલા તાજા પંચરાઉ લાકડા ભરેલી ટ્રક નજરે પડતા તેની તપાસ કરતા પાસ પરમિટ મળી આવેલ નહી. વનવિભાગે લાકડા સહિત ટ્રક મળીને 4,20,000 લાખ રુપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બીજી એક બનાવમા શહેરા વનવિભાગના આર.એસ,સોલંકી, તેમજ વી.એમ.રાઠોડ સહીતનો સાજીવાવ રાઉન્ડ સ્ટાફ પેટ્રોલીંગમા હતો.ત્યારે સદનપુર પાસે પંચરાઉ લાકડા ભરેલી ટ્રક ઝડપી પાડી હતી. અને ટ્રકસહિત 4,00,000 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ મામલે કાયદેસરની કાર્યવાહી કરવામા આવી હતી. વનવિભાગની કાર્યવાહીને પગલે શહેરા તાલુકામા લાકડાની ગેરકાયદેસર હેરાફેરી કરનારાઓ ભારે ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

# દારૂબંધીના કડક અમલની માંગ સાથે 'આપ'નું વિરોધ પ્રદર્શન : દારૂબંધી હોવા છતાં ખુલ્લેઆમ દારૂ વેચાતો હોવાના આક્ષેપો

ઝાલોદ, પંકજ પંડિત

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં રાજ્યમાં ગેરકાયદેસર રીતે દારૂનું વેચાણ અને હેરાફેરી થતી હોવાના આક્ષેપ સાથે આમ આદમી પાર્ટી દ્વારા દાહોદ જિલ્લામાં ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. દારૂબંધીના કડક અમલની માંગ સાથે 'આપ'ના કાર્યકરોએ સરકાર અને ગૃહ વિભાગ સામે ભારે સૂત્રોચ્ચાર કરી વિરોધ નોંધાવ્યો હતો.



વિરોધ પ્રદર્શન દરમિયાન કાર્યકરોએ રાજ્યની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તેમજ ગેરકાયદેસર દારૂના વેપારના મુદ્દે સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન ગૃહમંત્રી હર્ષ સંઘવીના રાજીનામાની માંગ સાથે પણ ઉગ્ર સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.

'આપ'ના કાર્યકરોએ આક્ષેપ કર્યો હતો કે ગુજરાતમાં દારૂબંધીનો કાયદો અમલમાં હોવા છતાં અનેક વિસ્તારોમાં ગેરકાયદેસર દારૂનો વેપાર અને હેરાફેરી ચાલી રહી છે. આ સમગ્ર મામલે ગૃહ વિભાગ અને સરકારની કામગીરી સામે સવાલો ઉઠાવીને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત બનાવવાની માંગ કરવામાં આવી હતી.

ગુરુ ગોવિંદ લીમડી તાલુકામાં વિરોધ પ્રદર્શન કરી રહેલા આમ આદમી પાર્ટીના કાર્યકરોને પોલીસે ડિટેઈન કર્યા હતા. પોલીસ કાર્યવાહી છતાં કાર્યકરોએ દારૂબંધીના મુદ્દે પોતાનો વિરોધ યથાવત્ રાખ્યો હતો અને ગેરકાયદેસર દારૂના વેચાણ સામે તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી હતી. આમ આદમી પાર્ટી દ્વારા માંગ કરવામાં આવી હતી કે ગેરકાયદેસર દારૂના ઉત્પાદન, વેચાણ અને હેરાફેરી સામે તંત્ર દ્વારા માત્ર દેખાવ પૂરતી નહીં પરંતુ કડક, અસરકારક અને સતત કાર્યવાહી કરવામાં આવે.

# લાભી ગામે ટેકરા ફળિયામાં મગર જોવા મળતા વનવિભાગે રેસ્ક્યુ કરીને સલામત જગ્યાએ છોડ્યો

શહેરા

પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકામા ચોમાસાની સીઝનમા સરીસૃપો ઘરમા કે ખેતરમા આવી જવાની ઘટનાઓ બની રહી છે. તાલુકાના લાભી ગામે ટેકરા ફળિયામા રહેતા ખેડુતના ખેતરમા મગર આવી જતા વનવિભાગને જાણ કરવામા આવી હતી. અને તેને રેસ્ક્યુ કરીને સલામત રીતે છોડી મુકવામા આવ્યો હતો. જ્યારે સલામપુરાના સોલંકી ફળિયામા પાણીની કુડીમા જોવા મળેલા નાગને પણ પકડીને સલામત રીતે છોડી મુકવામા આવ્યો હતો. ચોમાસાની સીઝન ચાલી રહી છે,ત્યારે શહેરા તાલુકામા મગરો ખેતરમા આવી જવાની ઘટનાઓ વાંરવાર બનતી રહે છે. શહેરા તાલુકા લાભી ગામના ટેકરા ફળિયામા રહેતા પિયુષભાઈ બારિયાના ખેતરમા એક મગર જોવા મળ્યો હતો. અંદાજીત પાંચ ફુટ જેટલો લાબો મગર જોતા ખેતરમા કામ કરી રહેલા લોકોમા પણ ફફડાટ જોવા મળ્યો હતો, મગર હોવાની જાણ શહેરા વનવિભાગને કરવામા આવતા વન વિભાગના કર્મચારી એસ.બી . માલીવાડ તેમજ બી.એન.રાવલ તેમજ આઈએફએસસીના મંજીત વિશ્વકર્માની ટીમે સંયુક્ત રીતે ભારે જહેમત બાદ મગરને પકડી પાડ્યો હતો. ત્યારબાદ તેને સલામત સ્થળે છોડી મુકવામા આવ્યો હતો.અત્રે નોધનીય છે કે હાલમા વરસાદના કારણે તળાવો પાણીથી ભરાઈ ગયા છે. ત્યારે મગરો રહેણાક વિસ્તારમા આવી જવાની ઘટનાઓ બને છે. બીજી એક ઘટના શહેરા તાલુકાના સલામ પુરા ખાતે સોલંકી ફળિયામા પાણીની કુડીમા અંત્યત ઝેરી ગણાતો કોબ્રા નાગ જોવા મળ્યો હતો.

# બોટાદ SOG પોલીસે સાલૈયા ગામેથી બોગસ ડોક્ટર ઝડપી પાડ્યો

## ડીગ્રી વગર બોગસ ડોક્ટર બની લોકોના આરોગ્ય સાથે ચેડા કરતો હતો,,,ક્લિનિકમાંથી ટીકડીઓ, ઇન્જેક્શનો,ગ્લુકોઝની,સીરપની બોટલો સહિત મેડિકલ પ્રેક્ટિસને લગતી સામગ્રી મળી આવી

બોટાદ, વિપુલ લુહાર

બોટાદ SOG પોલીસે સાલૈયા ગામેથી એક બોગસ ડોક્ટરને ઝડપી પાડ્યો છે.આ શખ્સ કોઈપણ માન્ય ડિગ્રી વગર ક્લિનિક ચલાવી લોકોના આરોગ્ય સાથે ચેડા કરતો હતો. પોલીસે તેની પાસેથી દવાઓ અને મેડિકલ સાધનો સહિત કુલ રૂ. 21,561 નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.બોટાદ જિલ્લા પોલીસ વડા ધર્મેન્દ્ર શર્માની સૂચના હેઠળ, SOG PI પી.જી. ડાવરા અને તેમની ટીમના દિલીપસિંહ ટાંક, જયેશભાઈ ધાધલ,યોગેન્દ્રસિંહ સરવૈયા, સંજયભાઈ માવજીભાઈ, પરાક્રમસિંહ ઝાલા, અજયસિંહ ગોહિલ સહિતના સ્ટાફે પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે આ કાર્યવાહી કરી હતી. બાતમી મળતા જ પોલીસે સાલૈયા ગામે દરોડો પાડ્યો હતો. પોલીસે વિજયભારતી ગણપતભારતી ગોસ્વામી (ગોરડકાવાળા) નામના શખ્સને ઝડપી પાડ્યો હતો.સાલૈયા ગામે રામજી મંદિરની બાજુમાં કરમશીભાઈ શાર્દુલભાઈ જમોડના મકાનમાં ક્લિનિક ચલાવતો હતો. ગોસ્વામી પાસે મેડિકલ પ્રેક્ટિસ માટેની કોઈ માન્ય ડિગ્રી ન હોવા છતાં તે પોતાને ડોક્ટર તરીકે ઓળખાવી લોકોની સારવાર કરતો હતો.મેડિકલ ઓફિસરને સાથે રાખીને તપાસ કરતા, ક્લિનિકમાંથી જુદા-જુદા દર્દો મટાડવાની ટીકડીઓ, ઈન્જેક્શનો, ગ્લુકોઝની નાની-મોટી બોટલો, સીરપની બોટલો, બીપીમીટર અને સ્ટેથોસ્કોપ સહિત મેડિકલ પ્રેક્ટિસને લગતી સામગ્રી મળી આવી હતી. આ તમામ મુદ્દામાલની કિંમત રૂ. 21,381 અને રોકડા રૂ. 180 મળી કુલ રૂ. 21,561 થાય છે.




SOG પોલીસે બોગસ ડોક્ટર વિજયભારતી ગોસ્વામી વિરુદ્ધ ગુનો નોંધી વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કવાંટમાં દબાણકારો સામે તંત્રની લાલ આંખ, કાચા-પાકા દબાણો કરાયા સાફ

કવાંટ

કવાંટ નગરમાં રસ્તા પરના ગેરકાયદેસર દબાણો અને અતિક્રમણો સામે સ્થાનિક તંત્ર દ્વારા મેગા ડિમોલિશન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. મામલતદાર કચેરીથી નસવાડી અને બોડેલી રોડ સુધીના મુખ્ય માર્ગો પર ઉભા કરાયેલા કાચા-પાકા દબાણો, શેડ અને કેબિનોને JCB તથા ક્રેનની મદદથી દૂર કરવામાં આવ્યા હતા. લાંબા સમયથી રસ્તાની બંને બાજુ થયેલા દબાણોને કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાતી હોવાની ફરિયાદો વચ્ચે તંત્ર અને પોલીસ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હતી. ડિમોલિશન દરમિયાન કેટલાક સ્થાનિક રહીશો અને અધિકારીઓ વચ્ચે બોલાચાલી પણ થઈ હતી. જોકે, પોલીસની મધ્યસ્થી બાદ મામલો થાળે પડ્યો હતો. તંત્રની કડક કાર્યવાહી જોઈ કેટલાક વેપારીઓએ પોતાની દુકાનો બહારના વધારાના દબાણો, શેડ અને અન્ય સામગ્રી સ્વૈચ્છિક રીતે હટાવવાનું શરૂ કર્યું હતું. અધિકારીઓના જણાવ્યા મુજબ દબાણ હટાવવાની આ ઝુંબેશ બે દિવસ સુધી ચાલશે. કવાંટ નગરને સંપૂર્ણપણે દબાણમુક્ત કરવા માટે તબક્કાવાર કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે.

### છોટાઉદેપુર તાલુકાના તેજગઢ ખાતે

# ચાલતી આદર્શ નિવાસી શાળામાં આદિજાતિ વિભાગની ગંભીર બેદરકારી

## હોસ્ટેલના શૌચાલયમાં ગંદકીનું સામ્રાજ્ય, વીજ વાયરો લટકી રહ્યા છે બિલ્ડીંગ જર્જરિત જેનાથી બાળકોને જીવનું જોખમ

છોટાઉદેપુર

છોટાઉદેપુર તાલુકાના તેજગઢ ખાતે ચાલતી આદશ નિવાસી શાળામાં 200 જેટલાં વિદ્યાર્થીઓ ધોરણ 9 થી 12 માં અભ્યાસ કરે છે આ શાળાનું સંચાલન આદિજાતી વિભાગના કમિશ્નનરની કચેરી દ્વારા સંચાલન કરવામાં આવે છે દર વર્ષ શાળા ચલાવવા માટે એક કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવે છે આદિવાસી બાળકોને રહેવા જમવાની સુવિધા પુરી પાડવામા આવે છે જ્યારે આ શાળામાં આદિવાસી સમાજના લોકો અને વાલીઓ બાળકોની રજુવાતના પગલે પોહ્ચ્યા હતા ત્યારે ચોકવનારી વિગતો બહાર આવી હતી જેમાં આદિવાસી બાળકોને મેનુ પ્રમાણે જમવાનું આપવામાં આવતું નથી જયારે આ શાળામાં બોર છે તે બંધ હાલતમાં હોવાથી જેનાથી બાળકોને પાણી બહાર ભરવા જવું પડે છે જયારે હોસ્ટેલના બિલ્ડીંગમાં 20 જેટલાં દરવાજા છે પરંતુ તેમાં દરવાજા જ લગાવ્યા નથી જયારે વીજ વાયરો ખુલ્લા રૂમોમાં છે જેને લઈ વિધાર્થીઓએ વાલીઓ અને આગેવનોને રજુવાત કરી હતી આદર્શ નિવાસી શાળાના આચાર્ય અઠવાડિયામાં એક જ વાર આવે છે જયારે સમગ્ર બાબતે સારુ ભોજન મળતું નથી તેની ફરિયાદ પણ ઉઠી છે જેને લઈ શાળાએ વાલીઓ અને આગેવાન પોહચીને આક્રમક રજુવાતો કરી હતી.



વિનુભાઈ રાઠવા - આદિવાસી સમાજ આગેવાનના જણાવ્યા મુજબ છોટાઉદેપુર તાલુકાના તેજગઢ ખાતે આવેલી આદર્શ નિવાસી શાળામાં બાળકોનું શોષણ થાય છે જયારે સરકાર દ્વારા કરોડો રૂપિયા ગ્રાન્ટ આદર્શ નિવાસી શાળા ચલાવાવ માટે આદિજાતિ વિભાગને ફાળવે છે પરંતુ સુવિધાઓ બાળકોને મળતી નથી આમાં સુધારો નહિ થાય તો 10 દિવસમાં ઉગ્ર આંદોલન કરીશું.

### જંબુસર સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં સ્ટાફનો અભાવ

# ગાયનેકોલોજિસ્ટની જગ્યા ખાલી હોવાથી મહિલા દર્દીઓને સૌથી વધુ હાલાકી વેઠવાનો વારો

ભરૂચ, રંગુની જાકીર

જંબુસર શહેર તેમજ તાલુકાની મોટી વસ્તી માટે મહત્વની સરકારી આરોગ્ય સેવા તરીકે કાર્યરત જંબુસર સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં તબીબી સ્ટાફની અછતનો પ્રશ્ન ફરી એકવાર સામે આવ્યો છે. હોસ્પિટલમાં પૂરતી સંખ્યામાં કાયમી નિષ્ણાત તબીબો ઉપલબ્ધ ન હોવાના કારણે દર્દીઓને સમયસર તથા યોગ્ય સારવાર મેળવવામાં મુશ્કેલી પડી રહી છે.

ભરૂચ જિલ્લાના જંબુસર શહેર તથા તાલુકાનો વિશાળ વિસ્તાર હોવાથી મોટી સંખ્યામાં નાગરિકો સરકારી આરોગ્ય સેવાઓ માટે જંબુસર સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ પર નિર્ભર રહે છે. દરરોજ મોટી સંખ્યામાં દર્દીઓ સારવાર તથા દવાઓ મેળવવા માટે હોસ્પિટલમાં આવે છે. આવી સ્થિતિમાં હોસ્પિટલમાં પૂરતી સંખ્યામાં તબીબો તથા નિષ્ણાત તબીબી સ્ટાફ હોવો અત્યંત જરૂરી છે. હોસ્પિટલમાં હાલ માત્ર મર્યાદિત તબીબી સ્ટાફ ઉપલબ્ધ હોવાથી દર્દીઓની સંખ્યાની સરખામણીએ તબીબોની સંખ્યા ખૂબ ઓછી પડે છે. પરિણામે દર્દીઓને કલાકો સુધી રાહ જોવી પડે છે. કેટલીક વખત સમયસર સારવાર મળી શકતી નથી. ખાસ કરીને મહિલા દર્દીઓ માટે ગાયનેકોલોજિસ્ટ એટલે કે સ્ત્રીરોગ નિષ્ણાત તબીબ ઉપલબ્ધ ન હોવાના કારણે મુશ્કેલી વધુ ગંભીર બનતી હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મહિલાઓને સ્ત્રીરોગ સંબંધિત સારવાર માટે અન્યત્ર જવું પડે છે. ઘણી વખત રિફર કરવામાં આવે છે. પરિણામે દર્દીઓ તથા તેમના પરિવારજનોને વધારાનો સમય તથા ખર્ચ ભોગવવો પડે છે. જંબુસર જેવા તાલુકા મથકે કાર્યરત સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં જ મહિલાઓને જરૂરી સારવાર મળી રહે તે માટે ગાયનેકોલોજિસ્ટ સહિતના નિષ્ણાત તબીબોની કાયમી નિમણૂક કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. આ મામલે પૂર્વ ધારાસભ્ય સંજય સોલંકીએ રાજ્ય સરકારને પત્ર પણ લખ્યો છે. હોસ્પિટલમાં વિવિધ વિભાગોના કાયમી નિષ્ણાત તબીબોની નિમણૂક જરૂરી છે.

# પોરબંદરના ઘેડમાં BSNL બ્રોડબેન્ડની કથળેલી સેવા સામે ગ્રાહકોમાં ભારે રોષ!!

## છ મહિનાથી વારંવાર નેટ બંધ રહેતા ગ્રામ પંચાયત, સરકારી કચેરીઓ, શાળાઓ અને બેંકોની ઓનલાઇન કામગીરી પર અસર : કેબલના ફોલ્ટ દૂર કરી વૈકલ્પિક લાઇનની વ્યવસ્થા કરવા માંગ

ગોસા(ઘેડ), વિરમભાઈ કે. આગઠ

આધુનિક કોમ્પ્યુટર અનેઈન્ટરનેટ ના યુગમાં સરકારી તેમજખાનગી ક્ષેત્રની મોટાભાગની કામગીરી ઓનલાઈન બની ગઈ છે. ત્યારે પોરબંદર તાલુકાના ઘેડ વિસ્તારની ગ્રામ પંચાયતો, સરકારી કચેરીઓ, શાળાઓ, દવાખાનાઓ તથા બેંકોમાં BSNL બ્રોડબેન્ડ કનેક્ટિવિટી વારંવાર ખોરવાતા લોકો તેમજ કર્મચારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હોવાની ફરિયાદ ઉઠી છે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના કાર્યકાળ દરમિયાન ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ કનેક્ટિવિટીથી જોડવાના હેતુથી 'ઈ-ગ્રામ વિશ્વગ્રામ' પ્રોજેક્ટ અમલમાં મુકાયો હતો. પોરબંદર જિલ્લામાં પણ માધવપુર(ઘેડ) ખાતેથી તત્કાલીન રાજ્યના મહેસૂલ મંત્રી આનંદીબેન પટેલના હસ્તે આ સુવિધાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટ હેઠળ ગ્રામ પંચાયતો ઉપરાંત વિવિધ સરકારી કચેરીઓ અને બેંકોને પણ બ્રોડબેન્ડ કનેક્ટિવિટી પૂરી પાડવામાં આવી હતી. પરંતુ હાલ છેલ્લા છ મહિનાથી પોરબંદર તાલુકા ઘેડ વિસ્તાર ના ઘણા ગામોમાં BSNL બ્રોડ બેન્ડની સેવા વારંવાર ખોરવાતી હોવાની ફરિયાદ ઘેડ વિસ્તાર ના BSNL બ્રોડબેન્ડ કનેક્ટિવિટી ધારણ કરનાર પ્રાઈવેટ જાગૃત ગ્રાહકો એ અખબારી યાદી મારફતે તેમના નેટના પ્રશ્ન ની સમસ્યા વ્યક્ત કરી છે. તેમના જણાવ્યા મુજબ બે દિવસ સેવા ચાલુ રહે તો પાંચ-દસ દિવસ સુધી કનેક્ટિવિટી બંધ રહે તેવી સ્થિતિ સર્જાતી હોવાથી સરકારી કામગીરી પર સીધી અસર પડે છે. ગ્રામ પંચાયતો તથા અન્ય કચેરીઓમાં લાખો રૂપિયાના ખર્ચે અંડરગ્રાઉન્ડ કેબલ અને જરૂરી સાધનો ઉભા કરવામાં આવ્યા હોવા છતાં કેબલમાં વારંવાર ફોલ્ટ સર્જાતા આ સુવિધા શોભાના ગાંઠિયા સમાન બની રહી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.



## પ્રોડ્યુસરે એક્ટ્રેસ પર ગંભીર આરોપ લગાવ્યો

# 'સ્પિરિટ'માંથી દીપિકાની હકાલપટ્ટી અંગે મોટો ખુલાસો: નફો માંગતા વાત બગડી

મુંબઈ

બોલિવૂડ સ્ટાર દીપિકા પાદુકોણ ટૂંક સમયમાં બીજી વખત માતા બનવાની છે. ઉપરાંત દીપિકા ફિલ્મ 'સ્પિરિટ'ના કારણે પણ અવાર-નવાર ચર્ચામાં રહી છે. તેવામાં 'સ્પિરિટ'ના પ્રોડ્યુસર અને 'કબીર સિંહ', 'એનિમલ' જેવી બ્લોકબસ્ટર ફિલ્મો આપનારા સંદીપ રેડ્ડી વાંગાના ભાઈ પ્રણય રેડ્ડી વાંગાએ દીપિકા પાદુકોણના ફિલ્મ છોડવાને લઈને મોટો ખુલાસો કર્યો છે. તેમજ એક્ટ્રેસ પર કેટલાક ગંભીર આરોપ પણ લગાવ્યા છે. સાઉથ સ્ટાર પ્રભાસની લાંબા સમયથી રાહ જોવાથી ફિલ્મ 'સ્પિરિટ' ફરી ચર્ચામાં છે. ફિલ્મમાંથી દીપિકા પાદુકોણના અલગ થવા વિશે અલગ-અલગ રિપોર્ટ્સમાં અલગ-અલગ દાવાઓ કરવામાં આવ્યા હતા. જોકે, હવે ફિલ્મના પ્રોડ્યુસર પ્રણય રેડ્ડી વાંગાએ મોટો ખુલાસો કર્યો છે. એક ઈન્ટરવ્યૂ દરમિયાન પ્રણયે દાવો કર્યો છે કે, વાત માત્ર કામના કલાકો પૂરતી સિમિત નહોતી. એક્ટ્રેસે નફામાં 10 ટકા ભાગીદારી માંગી હતી. તેણે એવો પણ આરોપ લગાવ્યો છે કે, ફિલ્મની વાર્તા અને પાત્રો સંબંધિત કેટલીક ગોપનીય માહિતી પણ લીક થઈ. વાસ્તવમાં પ્રણય રેડ્ડી વાંગાએ NTV સાથેની વાતચીતમાં જણાવ્યું કે, સંદીપ લગભગ દોઢ વર્ષથી પણ વધારે સમયથી દીપિકા સાથે આ ફિલ્મને લઈને ચર્ચા કરી રહ્યો હતો અને તે તેને (દીપિકાને) આ પ્રોજેક્ટમાં કાસ્ટ કરવા માંગતો હતો. પરંતુ વાતચીત આગળ વધવાની સાથે મામલો આર્થિક શરતો સુધી પહોંચી ગઈ. 'અમે 5-6 કરોડ વધારે આપવા તૈયાર હતા' પ્રણયે જણાવ્યું કે, દીપિકાએ 'સ્પિરિટ'ના નફામાં 10 ટકા ભાગ માંગ્યો હતો. તેણે કહ્યું કે, કોઈ કલાકાર પોતાની શરત રાખે તેમાં કંઈ ખોટું નથી, પરંતુ પ્રોડક્શનના બજેટ અને ફિલ્મની અર્થવ્યવસ્થાને પણ ધ્યાનમાં રાખવી પડે છે. ટીમ દીપિકાને તેની માંગ કરતાં 5-6 કરોડ રૂપિયા વધુ આપવા માટે તૈયાર હતી પરંતુ આખા પ્રોજેક્ટનું બજેટ જોતા પ્રોફિટ શેરિંગ અને બીજી શરતો પર સંમતિ બની શકી નહીં. પરિણામે મેકર્સે બીજા વિકલ્પો શોધવાના શરૂ કરી દીધા અને દીપિકા ફિલ્મનો ભાગ ન રહી. પ્રણયે નફામાં ભાગીદારી ઉપરાંત દીપિકા પર એક ગંભીર આરોપ પણ લગાવ્યો. તેણે કહ્યું કેસ ફિલ્મની વાર્તા અને દીપિકાના પાત્રને લઈને ટીમે તેની સાથે લાંબા સમય સુધી ચર્ચા કરી. આ વાતચીત ગોપનીય હતી, પરંતુ બાદમાં ફિલ્મ સાથે જોડાયેલી કેટલીક જાણકારીઓ સાર્વજનિક થઈ ગઈ.

**ફિલ્મની વાર્તા અને પાત્રો સંબંધિત કેટલીક ગોપનીય માહિતી પણ લીક થઈ**

# 'બ્રહ્માસ્ત્ર-2'માં આલિયાને મળશે વધારે સ્ક્રિન ટાઈમ

## પાત્રને લઈને હજુ સુધી આલિયાએ પણ કોઈ વાત શૅર કરી નથી



મુંબઈ


વર્ષ 2026 આખુ બોલિવૂડની સિક્વલ ફિલ્મોથી તૈયાર છે. એકથી એક ચડિયાતી ફિલ્મો આવી રહી છે. આ યાદીમાં હવે 'બ્રહ્માસ્ત્ર-2' ફિલ્મનું નામ પણ ઉમેરાઈ ગયું છે. રણબીર કપૂર અને આલિયા ભટ્ટની જોડી ફરીવાર સ્ક્રિન શૅર કરવા માટે તૈયાર છે.અપડેટ એ મળી રહી છે કે, હવે બીજાભાગમાં પણ આલિયા એક અલગ અંદાજમાં જોવા મળશે. આ ફિલ્મની સ્ક્રિપ્ટ પર હાલમાં કામ ચાલી રહ્યું હોવાનું જાણવા મળ્યું છે. અયાન મુખર્જીની ફિલ્મ 'બ્રહ્માસ્ત્ર-2'ને લઈને છેલ્લા કેટલાક સમયથી ચર્ચા હતી.ફેન્સ પણ આ ફિલ્મની ઘણા લાંબા સમયથી રાહ જોઈ રહ્યા હતા. રિપોર્ટમાંથી એ વાત જાણવા મળી છે કે, આલિયા એક્સટેન્ડેડ અપીરિયન્સમાં જોવા મળશે. આનો અર્થ એ થયો કે, 'બ્રહ્માસ્ત્ર-2'માં આલિયાને પહેલી ફિલ્મ કરતા વધારે સ્ક્રિન ટાઈમ મળવાનો છે. બીજાભાગ માટે આલિયાનું નામ નક્કી મનાય રહ્યું છે. હજુ સુધી ફિલ્મ ઓનફ્લોર થઈ નથી પણ કેટલીક તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. સતત 25 દિવસ સુધી આલિયા આ ફિલ્મને લઈને શુટિંગ કરી શકે છે. આ ફિલ્મના શુટિંગ શેડ્યુલ 125 દિવસમાં પૂરા કરવાની મેકર્સની ગણતરી છે. ફિલ્મમાં આલિયાનું પાત્ર કેવું હશે અને ફિલ્મની થીમ શું હશે આ અંગે ખાસ કોઈ વિગત સામે આવી નથી.પાત્રને લઈને હજુ સુધી આલિયાએ પણ કોઈ વાત શૅર કરી નથી. એવું માનવામાં આવી રહ્યું છે કે, બીજાભાગમાં રણબીર કપૂર સાથે દીપિકા જોવા મળશે અને સ્ટોરી એની આસપાસ જ ફરશે. મેકર્સ અમૃતાના પાત્રમાં દીપિકા સાથે વાતચીત કરી રહ્યા છે. દીપિકા આ અંગે ગ્રીન સિગ્નલ આપશે તો રણબીર કપૂર સાથે એની આ બીજી બિગ બજેટ ફિલ્મ બની જશે.

# સુપરસ્ટાર યશની ફિલ્મ 'ટોક્સિક'નું બમ્પર એડવાન્સ બુકિંગ શરૂ

## 8 કલાકમાં વેચાઈ 91,000 થી વધુ ટિકિટો, આ ફિલ્મને દેશભરમાં 5,360 શો મળી ચૂક્યા છે

મુંબઈ

સાઉથ સિનેમાના સુપરસ્ટાર યશ પોતાની આગામી મોસ્ટ અવેટેડ ફિલ્મ 'ટોક્સિક' સાથે ફરી એકવાર બોક્સ ઓફિસ પર ધમાકો કરવા માટે તૈયાર છે. શુક્રવારે સવારે 8 વાગ્યે ફિલ્મનું એડવાન્સ બુકિંગ વિન્ડો ખુલતાની સાથે જ ચાહકોએ ટિકિટો ખરીદવા માટે ભારે ધસારો કર્યો હતો. ઓનલાઈન બુકિંગ શરૂ થયાના માત્ર 8 થી 9 કલાકની અંદર, એટલે કે સાંજે 5 વાગ્યા સુધીમાં 91,000 થી વધુ ટિકિટો વેચાઈ ગઈ હતી. ટ્રેકિંગ વેબસાઈટ સેકનિલ્કના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં કુલ 91,301 ટિકિટો વેચાઈ ચૂકી છે અને આ ફિલ્મને દેશભરમાં 5,360 શો મળી ચૂક્યા છે. એડવાન્સ બુકિંગના આંકડાઓ પર નજર કરીએ તો, 'ટોક્સિક' ફિલ્મે પ્રથમ જ દિવસે બુકિંગના માધ્યમથી તગડી કમાણી કરી લીધી છે. સેકનિલ્કના રિપોર્ટ મુજબ, શુક્રવારે સાંજે 5 વાગ્યા સુધીમાં ફિલ્મે એડવાન્સ બુકિંગ દ્વારા 4.36 કરોડનો બિઝનેસ કરી લીધો છે. જ્યારે બ્લોક બુકિંગના આંકડા ઉમેરવામાં આવે ત્યારે આ કુલ આંકડો 9.47 કરોડ સુધી પહોંચી જાય છે. ટિકિટ વિન્ડો પર જોવા મળી રહેલો આ અભૂતપૂર્વ ઉત્સાહ દર્શાવે છે કે દર્શકો આ ફિલ્મ માટે કેટલા આતુર છે. એક અહેવાલ અનુસાર, 'ટોક્સિક' રિલીઝ પહેલા જ અનેક મોટા રેકોર્ડ તોડવા જઈ રહી છે. વર્ષ 2026 માં સૌથી વધુ એડવાન્સ બુકિંગ મેળવવાના મામલે આ ફિલ્મ 'ધુરંધર 2' પછીની બીજી સૌથી મોટી ફિલ્મ બનવાની તૈયારીમાં છે. અત્રે નોંધનીય છે કે આદિત્ય ધારની ફિલ્મ એક પ્રખ્યાત ફ્રેન્ચાઈઝીનો ભાગ છે, જ્યારે યશની 'ટોક્સિક' એક સાવ નવી અને મૂળ કન્નડ ફિલ્મ છે, જે પોતાની રીતે જ એક મોટો રેકોર્ડ બનાવી રહી છે. ફિલ્મ ક્રિટીક્સ અને ટ્રેડ એનાલિસ્ટ્સના અંદાજ મુજબ, 'ટોક્સિક' માત્ર હિન્દી વર્ઝનમાંથી જ પ્રથમ દિવસે અકલ્પનીય કમાણી કરી શકે છે. ટ્રેડ રિપોર્ટ્સનું માનવું છે કે ફિલ્મ પોતાના પહેલા જ દિવસે હિન્દી ભાષામાં 45 કરોડથી 55 કરોડ સુધીનું ગ્રાન્ડ ઓપનિંગ મેળવી શકે છે.






# કરીના કપૂર ત્રીજી વખત પ્રેગ્નન્ટ હોવાની ચર્ચા

## કરીનાએ અગાઉ પણ કહ્યું હતું કે તે હવે વધુ બાળકો ઈચ્છતી નથી. સૈફને ચાર બાળકો છે, પણ કરીના હવે ફેમિલી પ્લાનિંગ નથી કરી રહી.

મુંબઈ

બોલિવૂડ એક્ટ્રેસ કરીના કપૂર ખાનનો જિમ બહારનો એક તાજેતરનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ તે ત્રીજી વખત પ્રેગ્નન્ટ હોવાની અફવાઓ તેજ બની હતી. જોકે, આ સમગ્ર મામલે હવે સત્ય સામે આવી ગયું છે અને પ્રેગ્નન્સીના આ સમાચારો માત્ર અફવા હોવાનું સ્પષ્ટ થયું છે. જિમ બહારના વીડિયોથી શરૂ થઈ ચર્ચાઓ કરીના કપૂર અને તેના પતિ સૈફ અલી ખાન તાજેતરમાં જ બાળકો સાથે બીચ હોલિડે મનાવીને મુંબઈ પરત ફર્યા છે. મુંબઈ પરત આવ્યા બાદ કરીનાનો વર્કઆઉટ સેશન પછી જિમમાંથી બહાર નીકળતો એક નાનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થયો હતો. આ વીડિયોમાં કરીના જિમના લૂકમાં પોતાની ટીમ સાથે કાર તરફ જતી જોવા મળી હતી. આ દરમિયાન ફોટોગ્રાફર્સથી બચાવવા માટે તેની ટીમના એક સભ્યએ તેના પર છત્રી પણ ધરી હતી. કેટલાક સોશિયલ મીડિયા યુઝર્સે દાવો કર્યો હતો કે કરીનાનો નાનો બેબી બમ્પ દેખાઈ રહ્યો છે, જેના કારણે સૈફ અને કરીના પોતાના ત્રીજા સંતાનની અપેક્ષા રાખી રહ્યા હોવાની અટકળો શરૂ થઈ ગઈ હતી. કરીના કપૂરે અગાઉ એક ઈન્ટરવ્યુમાં પણ સ્પષ્ટ કરી દીધું હતું કે તે હવે વધુ બાળકો ઈચ્છતી નથી. એક ઈન્ટરવ્યુમાં કરીનાએ મજાકીય અંદાજમાં કહ્યું હતું કે, 'સૈફે દરેક દાયકામાં એક બાળક મેળવ્યું છે - પોતાના 20s, 30s, 40s અને હવે 50sમાં. મેં તેમને કહી દીધું છે કે તમારી 60sમાં આવું કંઈ નહીં થાય. મને લાગે છે કે સૈફ જેવા ખુલ્લા મનના વ્યક્તિ જ જીવનના અલગ-અલગ તબક્કે 4 બાળકોના પિતા બની શકે છે.' કરીનાએ વધુમાં જણાવ્યું હતું કે સૈફ પોતાના તમામ બાળકોને પૂરતો સમય આપે છે અને જેહના આવ્યા પછી તેઓ બંને વર્ક-લાઈફ બેલેન્સ જાળવી રહ્યા છે. બંને વચ્ચે એવી સમજૂતી છે કે જ્યારે સૈફ શૂટિંગ કરતો હોય ત્યારે કરીના પ્રોજેક્ટ ન લે અને કરીના કામ કરતી હોય ત્યારે સૈફ ઘરે ધ્યાન રાખે.

# યશવર્ધન આહુજાનું બોલિવૂડ ડેબ્યૂ!

## 'હીરો કી હૉરૉરૉઈન'માં જોવા મળશે હૉરર-કૉમેડીનો મજેદાર ડોઝ

મુંબઈ

એકતા આર. કપૂર અને અમર બુટાલાએ અનોખી હૉરર-કૉમેડી ફિલ્મ 'હીરો કી હૉરૉરૉઈન' માટે હાથ મિલાવ્યો છે. સાજિદ ખાનના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મ 7 જાન્યુઆરી 2027ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. જય હો મીડિયા વેન્ચર્સની આ ફિલ્મને બાલાજી ટેલિફિલ્મ્સ લિમિટેડ રજૂ કરી રહ્યું છે. ફિલ્મનું નિર્માણ શોભા કપૂર, એકતા આર. કપૂર અને અમર બુટાલાએ કર્યું છે. અલગ-અલગ પ્રકારની વાર્તાઓ રજૂ કરવા માટે જાણીતી એકતા આર. કપૂરનો હૉરર-કૉમેડી જૉનર સાથે ખાસ સંબંધ રહ્યો છે. તેમની ફિલ્મોમાં



હૉરર, રોમાન્સ, કૉમેડી અને મનોરંજનનું મિશ્રણ જોવા મળતું આવ્યું છે. આ વર્ષે તેમની ફિલ્મ 'ભૂત બંગલા'ને પણ દર્શકોનો સારો પ્રતિસાદ મળ્યો હતો. હવે 'હીરો કી હૉરૉરૉઈન' સાથે મેકર્સ ફરી એકવાર આ જૉનરમાં પરત ફરી રહ્યા છે. અમર બુટાલા પણ આ પ્રોજેક્ટ માટે એકતા આર. કપૂર સાથે જોડાયા છે. તેઓ આ પહેલાં 'બજરંગી ભાઈજાન', 'કેસરી' અને 'મિશન મજનૂ' જેવી જાણીતી ફિલ્મોનું નિર્માણ કરી ચૂક્યા છે. સાજિદ ખાનના નિર્દેશનમાં બનેલી 'હીરો કી હૉરૉરૉઈન'માં યશવર્ધન આહુજા, નિતાંશી ગોયલ, સુનીતા આહુજા, જેમી લીવર, ચંકી પાંડે, બૃજેન્દ્ર કાલા અને સિમરત કૌર રંધાવા જેવા કલાકારો જોવા મળશે. ફિલ્મમાં સુપરનેચરલ વાર્તાને કૉમેડીના અંદાજમાં રજૂ કરવામાં આવશે. તેમાં હૉરર, રોમાન્સ અને કૉમેડીનું મજેદાર મિશ્રણ જોવા મળશે. યશવર્ધન આહુજા માટે 'હીરો કી હૉરૉરૉઈન' હિન્દી સિનેમામાં લીડ એક્ટર તરીકે ડેબ્યૂ ફિલ્મ છે. તેમની સાથે નિતાંશી ગોયલ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મમાં અનુભવી કલાકારો અને યુવા પ્રતિભાઓનો સુંદર સંગમ જોવા મળશે. શોભા કપૂર, એકતા આર. કપૂર અને અમર બુટાલા દ્વારા નિર્મિત 'હીરો કી હૉરૉરૉઈન' જય હો મીડિયા વેન્ચર્સની પ્રોડક્શન છે. ફિલ્મને બાલાજી ટેલિફિલ્મ્સ લિમિટેડ રજૂ કરી રહ્યું છે અને તેનું નિર્દેશન સાજિદ ખાને કર્યું છે.

## ગિલ પાસે 3 હજાર રન અને 50 છગ્ગા પૂરા કરવાની તક

# ભારત-શ્રીલંકા બીજી ટેસ્ટ આજથી: સારાંશ જૈન ડેબ્યૂ કરી શકે છે

કોલંબો

ભારત અને શ્રીલંકા વચ્ચે બે ટેસ્ટ મેચની સીરીઝનો બીજો મુકાબલો 23 ઓગસ્ટથી કોલંબોના સિંહલીઝ સ્પોર્ટ્સ ક્લબ (SSC) ગ્રાઉન્ડમાં રમાશે. ગૉલમાં 165 રનથી જીત મેળવીને ભારતીય ટીમ સીરીઝમાં 1-0થી આગળ છે. હવે ભારતની નજર સીરીઝ 2-0થી જીતવા અને ત્રણ વર્ષ પછી વિદેશી ધરતી પર ટેસ્ટ સીરીઝ પોતાના નામે કરવા પર છે. ભારતે છેલ્લીવાર જુલાઈ 2023માં વેસ્ટ ઈન્ડિઝ સામે વિદેશી ટેસ્ટ સીરીઝ જીતી હતી. કેપ્ટન શુભમન ગિલના નામે ટેસ્ટ ક્રિકેટમાં હાલમાં 2,993 રન છે. તે 7 રન બનાવતા જ 3,000 ટેસ્ટ રન પૂરા કરી લેશે. આ ઉપરાંત ગિલ 47 ટેસ્ટ છગ્ગા લગાવી




ચૂક્યો છે અને 3 છગ્ગા લગાવતા જ 50 છગ્ગા પૂરા કરી લેશે. ઓપનર યશસ્વી જાયસ્વાલ પણ લાંબા સમયથી મોટી ઈનિંગ્સની રાહ જોઈ રહ્યા છે. ગયા વર્ષે વેસ્ટ ઈન્ડીઝ સામે દિલ્હી ટેસ્ટમાં સદી ફટકાર્યા બાદ તેની છેલ્લી 8 ઈનિંગ્સમાં માત્ર એક ફિફ્ટીઆવી છે. ગૉલ ટેસ્ટની બીજી ઈનિંગ્સમાં જાયસ્વાલ ઝડપી બોલર અસિથા ફર્નાન્ડોની શોર્ટ બોલ પર કટ રમવાના પ્રયાસમાં વિકેટ પાછળ કેચ આઉટ થયો હતો. કોલંબોના નેટ્સમાં તેણે આ શોટ પર પણ કામ કર્યું. ભારતીય ફાસ્ટરો અને બોલિંગ કોચ મોર્ને મોર્કેલે ઓફ સ્ટમ્પની બહાર બોલિંગ કરીને તેમને કટ રમવા મજબૂર કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ જાયસ્વાલે ઘણા બોલ છોડીને જવાબ આપ્યો. કુલદીપ યાદવના બીજી ટેસ્ટમાં રમવા પર સસ્પેન્સ છે. મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો હતો કે તેમને પ્લેઈંગ-11માંથી બહાર કરી શકાય છે. તેની જગ્યાએ સારાંશ જૈનને તક આપવામાં આવશે. ગૉલ ટેસ્ટમાં કુલદીપે 25 ઓવર બોલિંગ કરી હતી. તેને માત્ર એક વિકેટ મળી. જોકે, સ્પિન બોલિંગ કોચ સાઈરાજ બહુતેલેએ તેનો બચાવ કર્યો છે.

## BCCIના ટાઇટલ સ્પોન્સર રેસમાં જેમિની અને SBI લાઇફ

નવી દિલ્હી

ભારતીય ક્રિકેટના ટાઇટલ સ્પોન્સરના અધિકારોની ડીલ હજુ ફાઈનલ થઈ નથી. BCCIને નિર્ધારિત સમય સુધી એવી કોઈ બોલી મળી નથી, જે તેની અપેક્ષાઓ પર ખરી ઉતરે. હવે બોર્ડ સંભવિત કંપનીઓ સાથે સીધી વાતચીત કરી રહ્યું છે. ગૂગલનો AI બ્રાન્ડ જેમિની, સ્પિની અને SBI લાઈફના નામ આ રેસમાં સામે આવ્યા છે. BCCIએ બોલી જમા કરવાની છેલ્લી તારીખ 13 ઓગસ્ટ રાખી હતી. ક્રિકબઝ અનુસાર, કાં તો કોઈ બોલી મળી નથી અથવા મળેલી બોલી બોર્ડની અપેક્ષા મુજબની નહોતી. હવે BCCI પાસે સપ્ટેમ્બરમાં ઘરેલું સિઝન શરૂ થાય તે પહેલાં ડીલ ફાઈનલ કરવાનો સમય છે. BCCIએ ટાઈટલ સ્પોન્સરશિપ માટે પ્રતિ મેચ 4.85 કરોડ રૂપિયાની બેઝ પ્રાઈસ રાખી છે. આ વર્તમાન ડીલ કરતાં લગભગ 15.5% વધુ છે. વર્તમાન ટાઈટલ સ્પોન્સર IDFC First Bank દરેક ઘરેલું ઈન્ટરનેશનલ મેચ માટે BCCIને 4.2 કરોડ રૂપિયા આપે છે. બેંકે ત્રણ વર્ષ પહેલાં આ અધિકારો મેળવ્યા હતા. આ વખતે BCCI અધિકારો માત્ર બે વર્ષ માટે વેચી રહ્યું છે. આ ડીલ 31 માર્ચ 2028 સુધી રહેશે. આ સમયગાળા દરમિયાન લગભગ 35 ઘરેલું ઈન્ટરનેશનલ મેચ થવાની અપેક્ષા છે. જેમાં 10 ટેસ્ટ, 12 વનડે અને 13 T20 ઈન્ટરનેશનલનો સમાવેશ થાય છે.

### વર્લ્ડ નંબર-1 ખેલાડી જેનિક બહાર

## સિનર ઘૂંટણની ઈજાને કારણે US ઓપનમાંથી ખસી ગયો

નવી દિલ્હી

વર્લ્ડ નંબર 1 ટેનિસ ખેલાડી જેનિક સિનરે જમણા ઘૂંટણની ઈજાને કારણે આ મહિને યોજાનાર US ઓપનમાંથી નામ પાછું ખેંચી લીધું છે. તે સીઝનના છેલ્લા ગ્રાન્ડ સ્લેમમાં નહીં રમે.

25 વર્ષીય સિનરે જમણા ઘૂંટણની ઈજાને કારણે સિનસિનાટી ઓપનમાંથી પણ નામ પાછું ખેંચી લીધું હતું. સિનરે કહ્યું હતું કે તેનું ધ્યાન ન્યૂયોર્કમાં રમવા માટે તૈયાર થવા પર રહેશે. સિનરે સોશિયલ મીડિયા પર લખ્યું- 'હું મારી ટીમ અને મેડિકલ સ્ટાફ સાથે સખત મહેનત કરી રહ્યો હતો, પરંતુ હવે અમારે આ મુશ્કેલ નિર્ણય લેવો પડ્યો છે કે હું આ વર્ષે યુએસ ઓપનમાં રમી શકીશ નહીં.' તેણે કહ્યું- 'છેલ્લા કેટલાક દિવસોથી અમે મોન્ટે કાર્લોમાં ફરીથી કોર્ટ પર પ્રેક્ટિસ કરી રહ્યા હતા. આ દરમિયાન અમને જાણવા મળ્યું કે જમણા ઘૂંટણની સમસ્યામાંથી બહાર આવવા માટે મને હજુ વધુ સમય જોઈશે.' સિનરે લખ્યું, 'હું સ્વાભાવિક રીતે ખૂબ જ દુઃખી અને નિરાશ છું, કારણ કે ન્યૂયોર્ક મારા હૃદયમાં એક ખાસ સ્થાન ધરાવે છે. હું ત્યાં પાછા ફરીને અદ્ભુત ચાહકો સામે ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં રમવા માટે આતુરતાથી રાહ જોઈ રહ્યો હતો.' સિનરે સોશિયલ મીડિયા પર લખ્યું- 'હું મારી ટીમ અને મેડિકલ સ્ટાફ સાથે સખત મહેનત કરી રહ્યો હતો, પરંતુ હવે અમારે આ મુશ્કેલ નિર્ણય લેવો પડ્યો છે કે હું આ વર્ષે યુએસ ઓપનમાં રમી શકીશ નહીં.' તેણે કહ્યું- 'છેલ્લા કેટલાક દિવસોથી અમે મોન્ટે કાર્લોમાં ફરીથી કોર્ટ પર પ્રેક્ટિસ કરી રહ્યા હતા. આ દરમિયાન અમને જાણવા મળ્યું કે જમણા ઘૂંટણની સમસ્યામાંથી બહાર આવવા માટે મને હજુ વધુ સમય જોઈશે.' સિનરે લખ્યું, 'હું સ્વાભાવિક રીતે ખૂબ જ દુઃખી અને નિરાશ છું, કારણ કે ન્યૂયોર્ક મારા હૃદયમાં એક ખાસ સ્થાન ધરાવે છે.

# મારું કામ લાઇક્સ-વ્યૂઝ જોવાનું નથી, ટ્રોફી જીતવાનું છે: ગંભીર

### ટીકાકારોને ગંભીરનો જવાબ; પિચ નિરીક્ષણ બાદ નવી રણનીતિ તૈયાર

મુંબઈ

ટીમ ઈન્ડિયાના હેડ કોચ ગૌતમ ગંભીરે ટેસ્ટ ટીમના તાજેતરના પ્રદર્શન પર થઈ રહેલી ટીકાનો જવાબ આપ્યો છે. તેમણે કહ્યું કે તેમનું કામ રેન્કિંગ કે સોશિયલ મીડિયાના લાઈક્સ-વ્યૂઝ જોવાનું નથી, પરંતુ ટીમને ટ્રોફી જીતાડવાનું છે. શ્રીલંકા સામે બીજી ટેસ્ટ પહેલાં કોલંબોમાં ગંભીરે કહ્યું કે ભારત ટેસ્ટ ક્રિકેટમાં સંઘર્ષ નથી કરી રહ્યું. ટીમ બદલાવના તબક્કામાંથી પસાર થઈ રહી છે. ભારતે ગૉલમાં પ્રથમ ટેસ્ટ 165 રનથી જીતી હતી. બીજી ટેસ્ટ 23 ઓગસ્ટથી કોલંબોમાં રમાશે. ભારતની ટેસ્ટ ટીમમાં છેલ્લા કેટલાક સમયમાં મોટા ફેરફારો




થયા છે. રોહિત શર્મા, વિરાટ કોહલી અને રવિચંદ્રન અશ્વિન ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્ત થઈ ચૂક્યા છે. ત્યારબાદ ટીમમાં નવા ખેલાડીઓને સ્થાન મળ્યું છે. આ જ સમયગાળામાં ભારતને ન્યુઝીલેન્ડ અને સાઉથ આફ્રિકા સામેની ઘરઆંગણાની શ્રેણીમાં હાર મળી. ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર પણ ટીમને હારનો સામનો કરવો પડ્યો. કેપ્ટન ગિલ, પડિક્કલ અને સુથાર પર ભરોસો. નવી ટીમમાં શુભમન ગિલ કેપ્ટનની ભૂમિકા ભજવી રહ્યા છે. તે નંબર-4 પર પણ બેટિંગ કરી રહ્યા છે. દેવદત્ત પડિક્કલે નંબર-3 પર પોતાની જગ્યા બનાવવાનો પ્રયાસ કર્યો છે. તેમણે શ્રીલંકા સામે 167 રન બનાવ્યા હતા. જ્યારે માનવ સુથારે પોતાની શરૂઆતની ટેસ્ટ મેચોમાં પ્રભાવિત કર્યા છે. માનવ સુથારે પ્રથમ ટેસ્ટમાં 10 વિકેટ લીધી હતી. બીજી ટેસ્ટમાં કુલદીપ યાદવ અને સારાંશ જૈનમાંથી કોને તક મળશે, તે હજુ સ્પષ્ટ નથી. ગંભીરે કહ્યું કે ટીમ એવું બોલિંગ કોમ્બિનેશન પસંદ કરશે, જે મેચમાં 20 વિકેટ લઈ શકે. ગૉલ ટેસ્ટમાં કુલદીપે બંને ઈનિંગ્સમાં 25 ઓવર બોલિંગ કરી હતી. તેને માત્ર એક વિકેટ મળી હતી. તેની સરખામણીમાં રવીન્દ્ર જાડેજા અને માનવ સુથારનો વધુ ઉપયોગ થયો હતો. બીજી ટેસ્ટ પહેલાં ગંભીર અને કેપ્ટન શુભમન ગિલે કોલંબોના સિંહલીઝ સ્પોર્ટ્સ ક્લબની પિચનું નિરીક્ષણ કર્યું. બંનેએ પિચ અને પરિસ્થિતિઓને નજીકથી જોઈ. ગંભીરે ગૉલની પિચને સારી ટેસ્ટ પિચ ગણાવી. તેમણે કહ્યું કે ભારતીય ટીમે ગૉલમાં રમવાનો આનંદ માણ્યો. તેઓ ઈચ્છે છે કે કોલંબોમાં પણ સારી ટેસ્ટ ક્રિકેટ માટે અનુકૂળ પિચ મળે.



### એક મહિનામાં કિંમત ₹55 પાર, ઓક્ટોબરમાં 10 લાખ ટન ઉત્પાદનનું લક્ષ્ય

# ખાંડ સંગ્રહખોરીથી મોંઘી થઈ: સરકાર

મુંબઈ

સરકારે તે દાવાઓને નકારી કાઢ્યા છે, જેમાં કહેવામાં આવ્યું હતું કે ખાંડમાંથી ઈથેનોલ બનાવવાને કારણે બજારમાં તેના ભાવ વધ્યા છે. ખાદ્ય અને ગ્રાહક મંત્રાલયે શુક્રવારે જણાવ્યું હતું કે ઓછું ઉત્પાદન, તહેવારોની સિઝનની માંગ અને સંગ્રહખોરીને કારણે કિંમતોમાં વધારો થયો છે. ખાંડના વધતા ભાવને રોકવા માટે સ્ટોક લિમિટ અને ડ્યુટી ફ્રી ઈમ્પોર્ટ જેવા પગલાં લેવામાં આવ્યા છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે ખાંડની વધતી કિંમતોને ઈથેનોલ બનાવવામાં તેના ઉપયોગ સાથે જોડવું સંપૂર્ણપણે ખોટું છે.



પેટ્રોલમાં ભેળવવા માટે ખાંડમાંથી ઈથેનોલ બનાવવાનો હિસ્સો 2022-23 સીઝનના 12% થી ઘટીને 2025-26 સીઝનમાં લગભગ 9% થઈ ગયો છે. વર્તમાન સમયમાં દેશના કુલ ઈથેનોલ ઉત્પાદનનો લગભગ 75% હિસ્સો અનાજ, ખાસ કરીને મકાઈમાંથી આવી રહ્યો છે. ભારતમાં દર વર્ષે લગભગ 32-34 મિલિયન ટન ખાંડ બને છે અને તેનો વપરાશ 28-29 મિલિયન ટન છે. પહેલાં આ વધારાની ખાંડ મિલોમાં ફસાયેલી રહેતી હતી.


જેના કારણે તેમના પૈસા બ્લોક થઈ જતા હતા અને તેઓ શેરડીના ખેડૂતોને ચૂકવણી કરી શકતા ન હતા. હવે સરકાર આ વધારાની ખાંડ અને શેરડીનો ઉપયોગ પેટ્રોલમાં ભેળવવામાં આવતા ઈથેનોલ બનાવવા માટે કરી રહી છે. આનાથી મિલો પાસે પૈસા આવ્યા અને ખેડૂતોને સમયસર ચૂકવણી મળવા લાગી. 20 ઓગસ્ટ 2026 સુધીમાં આ સિઝનનું 97% બાકી લેણું ખેડૂતોને ચૂકવી દેવામાં આવ્યું છે.

### ચાંદી ₹12,788 મોંઘી થઈને ₹2.47 લાખ પ્રતિ કિલો થઈ

# આ અઠવાડિયે સોના-ચાંદીના ભાવમાં વધારો જોવા મળ્યો: સોનું ₹8,257 વધ્યું

મુંબઈ

સોના-ચાંદીના ભાવમાં આ અઠવાડિયે વધારો જોવા મળ્યો. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 8,257 રૂપિયા વધીને 1.61 લાખ રૂપિયા થયો છે. આ પહેલા તે ગયા અઠવાડિયે એટલે કે 14 ઓગસ્ટે 1.52 લાખ રૂપિયા પર હતો. જ્યારે, ચાંદી 2.34 લાખ રૂપિયા પ્રતિ કિલોથી વધીને 2.47 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે, તેની કિંમત 12,788 રૂપિયા વધી છે. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં અત્યાર સુધીમાં 28 હજાર રૂપિયા મોંઘું થઈ ચૂક્યું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10g સોનું 1.33



લાખ રૂપિયા પર હતું, જે હવે 1.61 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. જ્યારે, ચાંદી 31 ડિસેમ્બર 2025ના રોજ 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે 2.47 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ સમયગાળા દરમિયાન, 29 જાન્યુઆરીએ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદીએ 3.86 લાખ રૂપિયાનો ઓલટાઈમ હાઈ પણ બનાવ્યો હતો. કોટક સિક્યોરિટીઝના સિનિયર વીપી અને કોમોડિટી રિસર્ચ હેડ અનિંદ્ય બેનર્જી કહે છે કે સોનાને સામાન્ય રોકાણકારોની સાથે જ દુનિયાભરની કેન્દ્રીય બેંકો જેવી કે આરબીઆઈનો પણ સપોર્ટ મળ્યો છે, જેઓ સતત સોનું ખરીદી રહ્યા છે. આગળ મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ સોનામાં તેજી જળવાઈ રહેશે. જો પરિસ્થિતિઓ સુધરશે તો ચાંદીમાં પણ ઉછાળો જોવા મળી શકે છે. હાલ જે ભવિષ્યની પરિસ્થિતિઓ દેખાઈ રહી છે, તે મુજબ ડિસેમ્બર સુધીમાં સોનાની કિંમત 1.70 લાખ રૂપિયા સુધી પહોંચી શકે છે. ચાંદીની કિંમત પણ 3 લાખ રૂપિયા સુધી જઈ શકે છે.

### ડોર હેન્ડલમાં ખામીથી અકસ્માતમાં કારમાં ફસાવાનું જોખમ વધતા નિર્ણય

# ઓટો કંપનીઓએ 40 લાખ EV કાર પાછી મંગાવી: 30 લાખ ટેસ્લા કાર પણ સામેલ

**સોના-ચાંદીના ભાવમાં 21 ઓગસ્ટે વધારો થયો છે. ઇન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, એક કિલો ચાંદીની કિંમત 6,623 રૂપિયા વધીને 2.44 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે.**

મુંબઈ

ચીનના રેગ્યુલેટરે સુરક્ષા સંબંધિત ચિંતાઓને ધ્યાનમાં રાખીને ટેસ્લા અને ઘણી મુખ્ય ચીની ઈલેક્ટ્રિક વાહન નિર્માતા કંપનીઓને 40 લાખથી વધુ વાહનો પાછા મંગાવવા જણાવ્યું છે. આ આ વર્ષનો સૌથી મોટો ઓટો રિકોલ છે, જે મુખ્યત્વે વાહનોના ફ્લશ અથવા છુપાયેલા ડોર હેન્ડલમાં આવી રહેલી સમસ્યાઓ સાથે સંબંધિત છે.

29.8 લાખ ટેસ્લા વાહનોમાં ડોર હેન્ડલની સુરક્ષાનું જોખમ ચીનના સ્ટેટ એડમિનિસ્ટ્રેશન ફોર માર્કેટ રેગ્યુલેશન અનુસાર, અમેરિકી કાર નિર્માતા કંપની ટેસ્લા ચીનમાં બનેલી અને આયાત કરાયેલી લગભગ 29.8 લાખ EV (ઈલેક્ટ્રોનિક વ્હિકલ) પાછી મંગાવી રહી છે. આમાં ટેસ્લાના 'મોડેલ 3', 'મોડેલ Y', 'મોડેલ X' અને 'મોડેલ S'




જેવા મોડેલનો સમાવેશ થાય છે. કંપની સોફ્ટવેર અપડેટ દ્વારા ડોર હેન્ડલ સંબંધિત આ તકનીકી સમસ્યાને સુધારશે, જેથી કોઈ દુર્ઘટનાની સ્થિતિમાં કોઈ જોખમ ન રહે. ચીન અને દુનિયાના અન્ય ભાગોમાં થયેલા ઘણા EV અકસ્માતો પછી, રેગ્યુલેટરે હિડન ડોર હેન્ડલ્સની તપાસ કડક કરી દીધી હતી. અકસ્માત પછી ઈલેક્ટ્રિકલ સિસ્ટમ ફેઈલ થવા પર આ ડિજિટલ ડોર હેન્ડલ્સ કામ કરવાનું બંધ કરી દેતા હતા, જેનાથી દરવાજા લોક થઈ જતા હતા અને લોકો ગાડીની અંદર જ ફસાઈ જતા હતા. ચાઈનીઝ રેગ્યુલેટરે પોતાની વેબસાઈટ પર જાહેર કરેલી નોટિસમાં જણાવ્યું છે કે, ગંભીર ટક્કર કે અકસ્માતની સ્થિતિમાં જો કારની ઈલેક્ટ્રિકલ સિસ્ટમ ફેઈલ થાય છે, તો આ હેન્ડલ્સ મુસાફરોને તરત બહાર નીકળતા રોકે છે અને બહાર હાજર બચાવ દળને પણ અંદર પહોંચવા દેતા નથી. ચીન સરકારે જાહેરાત કરી છે કે, આવતા વર્ષથી EV વાહનોમાં ફ્લશ/હિડન ડોર હેન્ડલ પર પ્રતિબંધ મૂકવામાં આવશે અને 2027 સુધીમાં આ પ્રતિબંધ સંપૂર્ણપણે અમલમાં આવી જશે. ફ્લશ/હિડન હેન્ડલ શું છે? એરોડાયનેમિક્સ વધારવા અને કારને પ્રીમિયમ લુક આપવા માટે બોડીની અંદર છુપાયેલા રહેતા હેન્ડલ, જે ચાવી કે હાથ નજીક લઈ જતાં બહાર આવે છે.

# બિટકોઇનમાં તોફાની તેજી: ત્રણ વર્ષનો રેકોર્ડ તૂટ્યો

- **ટ્રમ્પની ક્રિપ્ટો નેતાઓ સાથેની મુલાકાતને કારણે આ ઉછાળો નિષ્ણાતો બિટકોઇનમાં રોકાણની સલાહ આપે છે**

મુંબઈ

દુનિયાની સૌથી મોટી ક્રિપ્ટોકરન્સી બિટકોઈનમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. આ ક્રિપ્ટોકરન્સી છેલ્લા 3 વર્ષની સૌથી મોટી સાપ્તાહિક તેજી તરફ આગળ વધી રહી છે, જેની કિંમત $80,000 ડોલરની નજીક પહોંચી ગઈ છે. વિશ્વની સૌથી જૂની અને મોટી ક્રિપ્ટોકરન્સીમાં એક જ દિવસમાં 9.4% નો ઉછાળો આવ્યો હતો, અને તેની કિંમત લગભગ $77,500 સુધી પહોંચી ગઈ હતી. આ સપ્તાહમાં તેમાં લગભગ 23% નો વધારો નોંધાયો છે. જો આ તેજી જળવાઈ રહેશે, તો માર્ચ 2023 પછીનો આ સૌથી મોટો સાપ્તાહિક ઉછાળો સાબિત થશે. બિટકોઈનનો ભાવ આ અગાઉ મે મહિનામાં $80,000 સુધી પહોંચ્યો હતો. બિટકોઈનમાં તેજીનું કારણ શું છે? બિટકોઈનમાં આવેલી આ તોફાની તેજીનું મુખ્ય કારણ અલ્ટીમેટલી અમેરિકા છે. યુએસ ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટે બુધવારે જાહેરાત કરી હતી કે, તેમનો વિભાગ લાંબા ગાળાના બોન્ડની ખરીદી (buybacks)ને ઓછામાં ઓછી બમણી કરશે. આ જાહેરાત બાદ બિટકોઈન માર્કેટમાં ભારે તેજી જોવા મળી હતી. યુએસ ટ્રેઝરી સેક્રેટરીની આ જાહેરાત પછી ટ્રેડર્સે અબજો ડોલરની શોર્ટ પોઝિશન પાછી ખેંચવી પડી હતી. આ ઉપરાંત, બુધવારે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ ક્રિપ્ટો ઈન્ડસ્ટ્રીના અગ્રણી નેતાઓ સાથે મુલાકાત કરી હતી.

### શિક્ષણનું મંદિર કે ભ્રષ્ટાચારની ફેક્ટરી?

# PMના નામે મળેલા ₹40 કરોડ ગાયબ!




## નિયમોના ધજાગરા: 'હું જ બોસ અને હું જ કર્મચારી!'

કોઈપણ સરકારી કે શૈક્ષણિક સંસ્થામાં 'હિતોનો સંઘર્ષ' (Conflict of Interest) એ ગંભીર ગુનો ગણાય છે. પરંતુ મેડમ વીસી ડો. નીરજા ગુપ્તાએ તમામ કાયદા, નિયમો અને નૈતિકતાને નેવે મૂકી દીધા હોવાનો પર્દાફાશ થયો છે. પોતાની જ નિયુક્તિ પોતે જ કરી: યુનિવર્સિટીના વડા (વીસી) તરીકે નીરજા ગુપ્તા પાસે તમામ પ્રોજેક્ટ્સ અને નાણાકીય મંજૂરીઓની સત્તા છે. તેમણે આ સત્તાનો દુરુપયોગ કરીને આ 40 કરોડના પ્રોજેક્ટમાં 'પ્રિન્સિપલ ઇન્વેસ્ટિગેટર' (PI) તરીકે પોતાનું જ નામ મંજૂર કરી દીધું!

## મેડમ વીસી ડો. નીરજા ગુપ્તાએ હોદ્દાનો દુરુપયોગ કરી પોતાને જ 'ઇન્વેસ્ટિગેટર' બનાવી લાખોનો પગાર ખિસ્સામાં સરકાવ્યો: 'પાક્કો ગુજરાત'ના વિસ્ફોટક ખુલાસાથી ખળભળાટ

અમદાવાદ

ગુજરાતની સૌથી જૂની, સન્માનિત અને હજારો વિદ્યાર્થીઓના ભવિષ્યનું નિર્માણ કરતી ગુજરાત યુનિવર્સિટી હાલ વિદ્યાનું ધામ ઓછું અને કૌભાંડનું સરનામું વધારે બની ગઈ હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે.

દેશના વડાપ્રધાનના નામ સાથે જોડાયેલી અત્યંત મહત્વકાંક્ષી શૈક્ષણિક યોજના માટે ફાળવવામાં આવેલા 40 કરોડના માતબર ફંડનો કોઈ હિસાબ-કિતાબ ન મળતાં આખો શૈક્ષણિક આલમ સ્તબ્ધ થઈ ગયો છે.

આટલું જ નહીં, આ કૌભાંડનો અસલી ચહેરો ત્યારે સામે આવ્યો જ્યારે ખુદ યુનિવર્સિટીના પ્રથમ મહિલા કુલપતિ (Vice-Chancellor) ડો. નીરજા ગુપ્તા જ આ આર્થિક ગેરરીતિના કેન્દ્રસ્થાને હોવાના પુરાવા સામે આવ્યા છે.

કેન્દ્ર સરકાર દ્વારા શૈક્ષણિક ક્ષેત્રે નવીનતમ સંશોધન (Research), ઉત્કૃષ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સ્ટુડન્ટ ડેવલપમેન્ટ માટે યુનિવર્સિટીને 40 કરોડની તગડી ગ્રાન્ટ આપવામાં આવી હતી. આ યોજના પીએમના ડ્રીમ પ્રોજેક્ટ સમાન માનવામાં આવતી હતી. યોજના પૂરી થવા આવ્યા છતાં આ 40 કરોડ ક્યાં વપરાયા, કઈ એજન્સીઓને ચુકવાયા કે કયા કામમાં લેવાયા તેનું કોઈ ચોક્કસ 'યુટિલાઈઝેશન સર્ટિફિકેટ' કે સરકારી ઓડિટ રિપોર્ટ ઉપલબ્ધ જ નથી.

ડમી કામો અને કાગળ પર વિકાસ: આટલી મોટી રકમ વપરાઈ ગઈ હોવાનો દાવો થાય છે, પરંતુ યુનિવર્સિટીના ગ્રાઉન્ડ લેવલ પર વિદ્યાર્થીઓને આ યોજનાનો રૂપિયોય ફાયદો મળ્યો હોય તેવું દેખાતું નથી.

કુલપતિ તરીકે સરકારમાંથી મહિને લાખો રૂપિયાનો પગાર અને તમામ સરકારી સુવિધાઓ ભોગવતા હોવા છતાં, તેમણે આ પ્રોજેક્ટના 'ઈન્વેસ્ટિગેટર' તરીકે પોતાના જ નામે લાખો રૂપિયાનો વધારાનો પગાર અને 'ઓનોરેરિયમ' (Honorarium) મેળવ્યું.

નાણાકીય બિલ પાસ કરનાર અધિકારી પણ ડો. નીરજા ગુપ્તા અને એ બિલનો ચેક પોતાના નામે લેનાર પણ ડો. નીરજા ગુપ્તા! આ પ્રકારની નીતિહીન વહીવટી મનોવૃત્તિએ સમગ્ર યુનિવર્સિટીની શાખ રોળવી નાખી છે. શિક્ષણ જગતમાં ચાલતા આ મહાકૌભાંડના પ્રત્યેક કાગળિયા અને પુરાવા 'પાક્કો ગુજરાત' જનતા સમક્ષ લાવતું રહેશે.

## સંશોધનના નામે ખુલ્લેઆમ લૂંટ: સિન્ડિકેટ અને વિદ્યાર્થીઓમાં વિસ્ફોટ

આ સણસણતા અહેવાલ બહાર આવતાં જ યુનિવર્સિટી કેમ્પસમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વિદ્યાર્થી સંગઠનો, પ્રોફેસરો અને સિન્ડિકેટ સભ્યોમાં આ મુદ્દે ભારે આક્રોશ છે. વિદ્યાર્થીઓ વંચિત, હોદ્દેદારો માલમાલ: જે પૈસાથી વિદ્યાર્થીઓ માટે આધુનિક લેબ, રિસર્ચ સેન્ટર અને સ્કોલરશિપની વ્યવસ્થા થવાની હતી, તે પૈસા અધિકારીઓના ખિસ્સામાં ચાલી ગયા. સ્વાહ થઈ ગયેલી રકમનું શું? જો યુનિવર્સિટીના વડા જ લાખો રૂપિયાના વધારાના માનદ વેતનો પોતાના નામે લખાવા મંડશે, તો નીચેના કર્મચારીઓ અને કોન્ટ્રાક્ટરોએ કેવા ખેલ પાડ્યા હશે તેની કલ્પના જ કરવી રહી.

### સરકાર અને ઉચ્ચ શિક્ષણ વિભાગને 5 સીધા સવાલો

1. વિજિલન્સ તપાસ ક્યારે? શું વડાપ્રધાનના નામની યોજનામાં થયેલા 40 કરોડના ગફલા અંગે સીબીઆઈ (CBI) કે એસીબી (ACB) દ્વારા તપાસ કરવામાં આવશે?
2. પગારની રિકવરી થશે? હોદ્દાનો દુરુપયોગ કરીને વીસીએ મેળવેલા લાખો રૂપિયાના વધારાના પગારની વ્યાજ સાથે રિકવરી ક્યારે કરવામાં આવશે?
3. સરકાર કેમ મૌન છે? દસ્તાવેજી પુરાવા સામે આવ્યા છતાં ઉચ્ચ શિક્ષણ વિભાગ અને રાજ્ય સરકાર આ બાબતે કોઈ કડક પગલાં કેમ નથી લેતી?
4. ઓડિટ કોણે પાસ કર્યું? નાણાકીય ગેરરીતિઓ હોવા છતાં આ પ્રોજેક્ટની ફાઈલો કયા સીએ (CA) કે ઓડિટરના ઠપ્પાથી આગળ વધી?
5. રાજીનામું ક્યારે? નૈતિકતાના આધારે ડો. નીરજા ગુપ્તા પાસે તાત્કાલિક અસરથી રાજીનામું માંગવામાં આવશે કે કેમ?

## શહેરમાં સ્વાઈન ફ્લૂના કેસમાં વધારો, બે દર્દી સારવાર હેઠળ, 18 શંકાસ્પદ કેસ

અમદાવાદ

અમદાવાદમાં સ્વાઈન ફ્લૂએ દેખા દીધી છે, સોલા સિવિલમાં 2 પોઝિટિવ અને 18 શંકાસ્પદ કેસ નોંધાતા આરોગ્ય તંત્ર દોડતું થયું છે. બંને પોઝિટિવ દર્દીઓને આઈસોલેશન વોર્ડમાં સારવાર અપાઈ રહી છે. વૃદ્ધો અને બીમારીવાળા દર્દીઓને ચેપનું જોખમ વધુ છે. તબીબોએ તાવ, શરદી, ઉધરસ જેવા લક્ષણો દેખાય તો તાત્કાલિક તપાસ કરાવવા અપીલ કરી છે.



ચોમાસામાં ભેજવાળું વાતાવરણ વધતા દિલ્હીમાં કહેર વરસાવ્યા બાદ હવે અમદાવાદમાં પણ સ્વાઈન ફ્લૂએ એન્ટ્રી કરી છે. સ્વાઈન ફ્લૂના બે પોઝિટિવ કેસ નોંધાતા આરોગ્ય તંત્ર દોડતું થયું છે. હાલ બંને દર્દીને આઈસોલેશન વોર્ડમાં સારવારમાં રખાયા છે. સાથે જ શંકાસ્પદ કેસનો આંકડો પણ ચિંતાજનક હોવાથી આરોગ્ય તંત્ર એક્શન મોડમાં આવ્યું છે.

અમદાવાદમાં સોલા સિવિલમાં સ્વાઈન ફ્લૂના બે પોઝિટિવ, જ્યારે શંકાસ્પદ 18 કેસ નોંધાતા આરોગ્ય તંત્ર સતર્ક બન્યું છે. જેના પગલે બંને પોઝિટિવ દર્દીઓને ખાસ આઈસોલેશન વોર્ડમાં સારવાર હેઠળ રખાયા છે. વાતાવરણ સતત બદલવાના કારણે હાલ શરદી, ઉધરસ, તાવ સહિતના વાઈરલ ઈન્ફેક્શન કેસમાં વધારો થઈ રહ્યો છે.

સ્વાઈન ફ્લુ ચેપી રોગ હોવાથી ખાસ કરીને વૃદ્ધો તેમજ બીપી, ડાયાબિટીસ, કેન્સર સહિતની બીમારી ધરાવતા દર્દીઓ પર આનો ચેપ લાગવાનું જોખમ સૌથી વધારે હોય છે.

### દારૂના અડ્ડાઓ પર મહિનાઓ સુધી કથિત હપ્તારાજ અને મિલીભગતનો ખેલ

## સરખેજ-ધોળકા રોડ પર કેનાલ કાંઠે પોલીસે પાડી ફિલ્મી ઢબે રેડ

291 લીટર દેશી દારૂ સાથે બુટલેગર જેલભેગો, પણ જનતાનો તીખો સવાલ— હપ્તારાજ ચાલે છે ત્યારે પોલીસ કેમ ઊંઘતી રહે છે?

અમદાવાદ

અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં સરખેજ-ધોળકા રોડ પર આવેલી નરિમનપુરા કેનાલ પાસે બાવળના ઘાટ ઝાડી-ઝાંકરામાં છુપાવેલા દેશી દારૂના અડ્ડા પર પોલીસે અચાનક દરોડો પાડીને લાઈવ ઓપરેશન પાર પાડ્યું છે. પોલીસે સ્થળ પરથી ૨૯૧ લીટર દેશી દારૂ ભરેલા કોથળા સાથે એક બુટલેગરને રસ્તા વચ્ચેથી જ ફિલ્મી ઢબે દબોચી લીધો છે. પોલીસની આ આકસ્મિક કાર્યવાહીથી સ્થાનિક બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે.

પરંતુ આ લાઈવ રેડ અને બુટલેગરની ધરપકડ પાછળનો કડવો સત્ય અને જનતાનો આક્રોશ કંઈક જુદો જ ચિતાર રજૂ કરે છે.

સ્થાનિક રહીશો અને જાગૃત નાગરિકોમાં ઉગ્ર ચર્ચા છે કે કેનાલ કાંઠે અને બાવળની ઝાડીઓમાં મહિનાઓથી ધમધમતા આ દેશી દારૂના અડ્ડાઓની માહિતી શું સ્થાનિક બીટ પોલીસને નહોતી? દારૂના અડ્ડાઓ પર મહિનાઓ સુધી કથિત હપ્તારાજ અને મિલીભગતનો ખેલ ચાલે છે.

જ્યારે કોઈ મોટો લઠ્ઠાકાંડ સર્જાય, નિર્દોષ લોકોના જીવ જાય અથવા તો અહેવાલોથી તંત્ર પર દબાણ આવે, ત્યારે જ પોલીસ પોતાના કાગળ પરના આંકડા બતાવવા આવી લોકેશન-બેઝ્ડ લાઈવ રેડના નાટકો કરે છે.

થોડા દિવસોની 'કડક કાર્યવાહી' પછી સ્થિતિ પુનઃ યથાવત થઈ જાય છે અને બુટલેગરો ફરીથી એ જ ઝાડીઓમાં દારૂ ગાળવાનું અને વેચવાનું શરૂ કરી દે છે.

શું ૨૯૧ લીટર દારૂ પકડીને એક નાના બુટલેગરને જેલમાં ધકેલી દેવાથી અમદાવાદ ગ્રામ્યમાંથી દારૂબંધીનો કડક અમલ થઈ જશે? કે પછી આ દારૂના હપ્તા ઉઘરાવતા અને હપ્તારાજના જોરે બુટલેગરોને છાવરતા પોલીસ અધિકારીઓ સામે પણ તપાસના આદેશ અપાશે?

## આસિસ્ટન્ટ પ્રોફેસરે જ વિદ્યાર્થીઓને બનાવ્યા નિશાન

એરફોર્સમાં નોકરી અને ક્રિકેટમાં સિલેક્શનના નામે લાખોની ઠગાઇ

અમદાવાદ

શિક્ષણ જગતને શર્મશાર કરતી એક સનસનાટીભરી ઘટના સામે આવી છે. ગુજરાત કોલેજના પી.ટી. ટીચર (આસિસ્ટન્ટ પ્રોફેસર) પ્રજ્ઞેશ બારહટ સામે વિદ્યાર્થીઓ સાથે લાખો રૂપિયાની ઠગાઈ કરવાનો ગંભીર આરોપ લાગ્યો છે. આરોપીએ વિદ્યાર્થીઓને ઈન્ડિયન એરફોર્સમાં સરકારી નોકરી અપાવવાની તેમજ ક્રિકેટ ટીમમાં સિલેક્શન કરાવવાની લાલચ આપીને લાખો રૂપિયા પડાવી લીધા હતા.

પોલીસ તપાસમાં બહાર આવેલી વિગતો મુજબ, આરોપી પ્રજ્ઞેશ બારહટ ઓનલાઈન ગેમિંગ અને જુગારની ભારે લત ધરાવતો હતો. આ સટ્ટાખોરીમાં થયેલું મોટું દેવું ચૂકવવા અને પોતાના અય્યાશીના શોખ પૂરા કરવા તેણે પોતાના જ વિદ્યાર્થીઓને નિશાન બનાવવાનું શરૂ કર્યું હતું. પૈસા ઉઘરાવ્યા બાદ ભેજાબાજ પ્રજ્ઞેશ ફરાર થઈ ગયો હતો. પોલીસ પકડથી બચવા માટે તેણે એક પછી એક ૧૦ જેટલા સિમ કાર્ડ બદલ્યા હતા. માત્ર અમદાવાદ જ નહીં, પણ પોલીસની પ્રાથમિક તપાસમાં રાજકોટ, ગાંધીનગર અને કચ્છ જિલ્લામાં પણ આ જ રીતે અનેક યુવાનોને જાળમાં ફસાવી લાખોની ઠગાઈ આચરી હોવાનો પર્દાફાશ થયો છે.

ભવિષ્ય બનાવવાની આશાએ પોતાના ગુરુ પર વિશ્વાસ મૂકનાર અનેક વિદ્યાર્થીઓ આજે રોડ પર આવી ગયા છે. હાલમાં પોલીસે ગુનો નોંધીને આરોપીને ઝડપી પાડવા અને ઠગાઈનો આંકડો કેટલે પહોંચે છે તેની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે.

## લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતી ફેક્ટરીઓ અને ડેરીઓ પર AMCની મોટી સર્જિકલ સ્ટ્રાઈક!

3000 કિલો એક્સપાયર્ડ ખાદ્ય સામગ્રી, નકલી પનીર અને અપ્રમાણિત ઘી ઝડપાયું

અમદાવાદ

અમદાવાદ શહેરમાં નાગરિકોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ખીલવાડ કરતા અને ખાદ્ય સુરક્ષાના નિયમોના ધજાગરા ઉડાડતા અસામાજિક તત્વો સામે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના ફૂડ વિભાગે કડક સપાટો બોલાવ્યો છે. શહેરમાં અસ્વચ્છતા અને ભેળસેળયુક્ત ખાદ્ય પદાર્થો વેચતા એકમો સામે લાલ આંખ કરીને સીલિંગ સહિતની કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવી છે.



રખિયાલમાં ૩૦૦૦ કિલો એક્સપાયર્ડ ખાદ્ય પદાર્થનો મોટો જથ્થો સીલ

AMC ની ફૂડ વિભાગની ટીમે ચોક્કસ બાતમીના આધારે રખિયાલ રોડ પર આવેલા જય મંગલ એસ્ટેટના શેડ નંબર ૧૫, ગોડાઉન નંબર ૧ અને ૩ માં સ્થિત 'શ્રી ક્રિષ્ના સેલ્સ કોર્પોરેશન' ખાતે આકસ્મિક તપાસ હાથ ધરી હતી.

આ દરોડા દરમિયાન ટીમને સ્થળ પરથી આશરે ૩૦૦૦ કિલો જેટલો એક્સપાયર્ડ ખાદ્ય પદાર્થનો જંગી જથ્થો મળી આવ્યો હતો, જે લોકોના સ્વાસ્થ્ય માટે અત્યંત જોખમી હતો. ફૂડ વિભાગે તાત્કાલિક અસરથી આ આખો જથ્થો જપ્ત કરી ગોડાઉનને સીલ કરી દીધું છે.

સાઉથ બોપલ અને જોધપુરમાંથી નકલી પનીર અને અપ્રમાણિત ઘી પકડાયું માત્ર ગોડાઉન જ નહીં, પરંતુ જાણીતી હોટલો અને ડેરીઓમાં પણ ભેળસેળનો કારોબાર ફાલી-ફૂલી રહ્યો હોવાનું સામે આવ્યું છે: હરિહર કાઠિયાવાડી (સાઉથ બોપલ): સાઉથ બોપલ વિસ્તારમાં આવેલી જાણીતી હોટલ 'હરિહર કાઠિયાવાડી'માંથી લેવામાં આવેલ પનીરનું સેમ્પલ લેબોરેટરી તપાસમાં અપ્રમાણિત (Sub-standard) જાહેર થતાં ફૂડ વિભાગે આ એકમ સામે સીલિંગની કડક કાર્યવાહી કરી છે. જે.બી. ડેરી પાર્લર (જીવરાજ પાર્ક, જોધપુર): જોધપુર વિસ્તારના જીવરાજ પાર્ક પાસે આવેલ 'જે.બી. ડેરી પાર્લર'માંથી લેવાયેલ ઘીનું સેમ્પલ પણ તપાસમાં ફેલ થતાં અને અપ્રમાણિત સાબિત થતાં તેને પણ તાત્કાલિક અસરથી સીલ કરી દેવામાં આવ્યું છે.

## બહેરામપુરામાં ST બસની ટક્કરે યુવકનું મોત: મોપેડ પરથી પટકાયા બાદ 6 દિવસ સારવારમાં રહ્યો

અમદાવાદ

અમદાવાદ શહેરમાં ભયાનક અકસ્માતના CCTV સામે આવ્યા છે. રોડ ક્રોસ કરતા મોપેડ ચાલકને એસટી બસ ચાલકે જોરદાર ટક્કર મારી હતી. મોપેડ ચાલક યુવક ગંભીર ઈજાગ્રસ્ત થતા તેને હોસ્પિટલ ખસેડાયો હતો. જો કે 6 દિવસની સારવાર દરમિયાન યુવકે દમ તોડ્યો છે.

બહેરામપુરાના સાંકળચંદ મુખીની ચાલીમાં રહેતા 40 વર્ષીય હિતેષ ડાહ્યાજી ગેલોત કાપડનો છૂટક વેપાર કરતા હતા. તેમના પરિવારમાં પત્ની અને 8 વર્ષનો પુત્ર અને 4 વર્ષની પુત્રી છે. 16 ઑગસ્ટે સવારે હિતેષભાઈ મોપેડ લઈ પોતાના મિત્ર મહેન્દ્રભાઈને સંતોષનગર મૂકવા માટે નીકળ્યા હતા. જે બાદ ઘરે પરત ફરતા સમયે મેલડી માતાના મંદિરના ચાર રસ્તા પાસે રોડ ક્રોસ કરતા સમયે એસટી બસ ચાલકે તેમને જોરદાર ટક્કર મારી દીધી હતી.

આ ટક્કર એટલી ભયાનક હતી કે મોપેડ પરથી જમીન પર પટકાતા માથાના ભાગે ગંભીર અને જમણા હાથમાં ઈજા થઈ હતી. જ્યારે મોપેડ પણ બસ નીચે કચડાઈ ગયું હતું. અકસ્માત થતા જ આસપાસના લોકો એકઠા થયા હતા અને 108 એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવતા હિતેષભાઈને સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં 6 દિવસની સારવાર બાદ હિતેષભાઈનું મોત નિપજ્યું હતું. આ અંગે પત્ની કૌશલ્યાબેને કે ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં એસટી બસના ચાલક સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### અમદાવાદના ચાંદખેડામાં યોગીનગર ચાર રસ્તા પાસે

## 'અહીં દુકાન કેમ ખોલી છે? બંધ કરી દે' કહી પાન પાર્લરના સંચાલક પર હુમલો

બનાવ અંગે ધાર્મિક સિંહે સાબરમતી પોલીસ મથકે સુરમો રાવત અને કારમાં આવેલા બે અજાણ્યા શખસો સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધીને વિસ્તારના સીસીટીવી ફુટેજ મેળવવાની કવાયત હાથ ધરી છે

અમદાવાદ

અમદાવાદના ચાંદખેડામાં યોગીનગર ચાર રસ્તા પાસે ડી-કેબિન રોડ પર નવા ખુલેલા પાન પાર્લરના 24 વર્ષીય સંચાલક પર ગુરુવારે રાત્રે રીક્ષા ચાલકે હુમલો કર્યો હતો. 'અહીં દુકાન કેમ ખોલી છે?' કહી ગાળો ભાંડી, ત્યારબાદ સાગરીતો સાથે લાકડીઓ વડે હુમલો કરી તોડફોડ મચાવી હતી. સાબરમતી પોલીસે ગુનો નોંધી CCTV ફૂટેજ આધારે તપાસ શરૂ કરી છે.

શહેરના ચાંદખેડા વિસ્તારમાં ગુરુવારે(20 ઓગસ્ટ)ની મોડી રાત્રે દાદાગીરીનો વધુ એક બનાવ સામે આવ્યો છે. જેમાં યોગીનગર ચાર રસ્તા નજીક ડી-કેબિન રોડ પર સપ્તાહ પહેલા જ શરૂ થયેલા પાન પાર્લરના 24 વર્ષીય સંચાલક પર રીક્ષા ચાલકે 'અહીં દુકાન કેમ ખોલી છે?' તેમ કહી ગાળો ભાંડી હતી. ત્યારબાદ પોતાના સાગરીતોને બોલાવી લાકડીઓ વડે હુમલો કરી તોડફોડ મચાવતાં વિસ્તારમાં સનસનાટી મચી ગઈ હતી. આ અંગે સાબરમતી પોલીસે ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. સાબરમતી પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ અનુસાર, ચાંદખેડા ડી-કેબિન રોડ પર 'જય માતાજી પાન પાર્લર' ચલાવતા ધાર્મિક સિંહ ચૌહાણ ગુરુવારે રાત્રે આશરે 11.30 વાગ્યાના સુમારે પોતાના પાર્લર પર હાજર હતા. તે સમયે સુરમો રાવત નામનો ઓટો રીક્ષા ચાલક ત્યાં આવ્યો હતો અને ગાડી પાર્ક કરી ધાર્મિક સિંહ પાસે આવી 'અહીં પાર્લર કેમ ખોલ્યું છે, બંધ કરી દે' તેમ કહી અચાનક ગાળો આપવા લાગ્યો હતો. ધાર્મિક સિંહે ગાળો બોલવાની ના પાડતાં જ ઉશ્કેરાયેલા સુરમો રાવતે તેને ધક્કો મારી નીચે પાડી દઈ માર માર્યો હતો. ધાર્મિકના મોટા ભાઈએ વચ્ચે પડીને છોડાવતાં આરોપીએ થોડે દૂર જઈને ફોન કર્યો હતો.

બનાવમાં થોડી જ વારમાં સ્થળ પર બે વાહનો આવી પહોંચ્યા હતા. તેમાંથી ઉતરેલા શખસોએ કારમાંથી લાકડીઓ કાઢીને ધાર્મિક સિંહ અને તેના ભાઈને ગાળો આપવાનું શરૂ કર્યું હતું અને પાર્લર બહાર પડેલી ખુરશીઓ તથા અન્ય સામાન પર લાકડીઓ મારી તોડફોડ કરી હતી.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI